હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ફાગણ વદ-૩ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦    સ્થાપક : બાબુભાઈ શાહ    તા. ૧૭-૩-૨૦૨૫ - સોમવાર | રાજકોટ (સીટી)

C.N.G. ગેસ કીટ
Autho. Distributors
LOVATO AUTO GAS
ITALY SINCE 1958
રાજકોટ જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝ્ડ Distributors
મોમાઈ મોટર્સ
મવડી પ્લોટ : 98240 10699, 98240 10677
રણછોડ નગર : 98242 10677, 98245 10677

વર્ષ : ૩૯ અંક : ૧૭૩ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

અગ્નિકાંડ; મનપા-PGVCLના રીપોર્ટ તૈયાર : પોલીસ ગુનો નોંધવાની તૈયારીમાં ૬

પોલીસના દંડા સાથે હવે બુલડોઝર પણ દોડશે ૯

રોગચાળો ઘટયાના આરોગ્ય તંત્રના દાવા વચ્ચે તાવથી પાંચ માસની બાળકીનું મૃત્યુ ૧૬

### વાઈસ પ્રેસીડેન્ટ જે.ડી.વાન્સના વિધાનો પણ સુચક જ હતા!!

# અમેરિકી એરપોર્ટ પર ગ્રીનકાર્ડ ધારક સીનીયર સીટીઝનને ધમકાવવાનું શરૂ!

**ભારતથી અમેરિકા ગયેલા અનેક સીનીયર સીટીઝન પર ગ્રીનકાર્ડ છોડી દેવા દબાણ**



**સતા નહી હોવા છતા ઈમીગ્રેશન અધિકારીમાં ગ્રીનકાર્ડ સરન્ડર કરવા ફોર્મ ૧-૪૦૭ ભરવા દબાણ કરે છેઃ ટ્રમ્પ શાસનનો નવો ચહેરો**

વોશિંગ્ટનઃ અમેરિકામાં કાયમી વસવાટ માટે એક સમયે લોટરી લાગવાથી પણ વધુ 'લકી' ગણાતું ગ્રીનકાર્ડ આજે ભારતીય સહિત લાખો વિદેશીઓ માટે જેઓ આ ગ્રીનકાર્ડ હોલ્ડર છે એટલે કે અમેરિકામાં કાયમી વસવાટ-નોકરી ધંધા કરવાનો હકક ધરાવે છે. તેઓ માટે ચિંતાનું કારણ બની ગયુ છે. હાલમાં જ અમેરિકાના વાઈસ પ્રેસીડેન્ટ- જે.ડી.વાન્સે એક મુલાકાતમાં ગ્રીનકાર્ડ હોવું એ અમેરિકામાં કાયમી વસવાટનો પરવાનો નથી અને તે ગમે તે ઘડીએ રદ કરી શકાય છે. તે વિધાનો કર્યા તે પુર્વે જ ટ્રમ્પ શાસને ગ્રીનકાર્ડ હોલ્ડર્સને પણ હવે અમેરિકામાં વસવાનું મુશ્કેલ બને તેવી સ્થિતિ બનાવવાનું શરૂ કર્યુ છે. ખાસ કરીને આ ગ્રીનકાર્ડ હોલ્ડર વિદેશ કે સ્વદેશની સફર કરીને પરત અમેરિકા પરત આવી રહ્યા છે. તેઓને એરપોર્ટ પર જ હવે તેના આ ગ્રીન કાર્ડ

(અનુસંધાન ૧૨ મા પાને)

### નિષ્ણાંતો કહે છે કે ગ્રીનકાર્ડ પરત લેવાની સતા ફકત ઈમીગ્રેશન મેજીસ્ટ્રેટને જ છે

## તમારી ઈચ્છા વિરૂદ્ધ ગ્રીનકાર્ડ સરન્ડર કરતા નહી

**એરપોર્ટ પર એન્ટ્રી સમયે થતા દબાણને વશ થવાનું જરૂરી નથી અને અપરાધ પણ નથીઃ કાનુની વિકલ્પ ઉપલબ્ધ છે**

નવી દિલ્હીઃ અમેરિકી એરપોર્ટ પર વિદેશ પ્રવાસ પુરો કરીને પરત આવતા ગ્રીનકાર્ડ હોલ્ડર્સ સાથે થઈ રહેલા દબાણ પર ઈમીગ્રેશન નિષ્ણાંતોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો તમો ઈચ્છતા ના હો તો તમો ગ્રીનકાર્ડ સરન્ડર કરવાના કોઈ ફોર્મમાં 'સહી' કરવી ફરજીયાત નથી. આ માટેનું ફોર્મ ૧-૪૦૭ સ્વૈચ્છીક રીતે જ સહી કરેલું હોવું જરૂરી છે અને તો તમો તે ફોર્મ પર સહી કરો નહીં તો તે કોઈપણ પ્રકારે નકારાત્મક બનશે નહી અને તે તમારી અટકાયતનું કારણ પણ બનતું નથી. આ સ્થિતિમાં ઈમીગ્રેન્ટ વિભાગ તમોને ઈમીગ્રેશન જજ સમક્ષ હાજર થવા નોટીસ આપી શકે છે પણ તેના માટે તમોએ ગ્રીનકાર્ડની જોગવાઈઓનો ભંગ કર્યો છે તે પુરાવા હોવા જરૂરી છે અને જો તમોએ ભુલથી કે તે સમયના દબાણથી પણ જો ગ્રીનકાર્ડ સરન્ડર કરવાના ફોર્મ ૧-૪૦૭ પર સહી કરી હોય તો પણ તમોને ઈમીગ્રેશન જજ સમક્ષ જઈને તેમાં રાહત માંગવાનો અધિકાર મળે છે. અમેરિકી કાનૂન મુજબ ગ્રીનકાર્ડ રદ કરવાનો અધિકાર ફકત અને ફકત ઈમીગ્રેશન જજને જ છે અને

(અનુસંધાન ૧૨ મા પાને)

## હવે નશાની લત છોડાવવા મગજમાં ઈલેકટ્રીક મશીન ફીટ થશે



**આ મશીન મગજમાં ઈલેકટ્રીક તરંગો મોકલી દારૂ, ડ્રગ્સ સહિતના નશાની તલબ ઘટાડી નાખશે**

કેમ્બ્રિઝ (બ્રિટન) તા.૧૭

બ્રિટનમાં ડોકટર હવે દારૂ અને ડ્રગ્સની લતથી છૂટકારો અપાવવા દર્દીઓનાં મગજમાં એક ખાસ મશીન લગાવવાની તૈયારી કરી રહ્યા છે. આ ટેકનિકને ડીપ બ્રેઈન સ્ટિમ્યુલેશન કહેવામાં આવે છે. જે મસ્તિષ્કમાં ઈલેકટ્રીક તરંગો મોકલીને નશાની તલબને ઘટાડવાનું કામ કરશે.

કેમ્બ્રિજ ઓકસફર્ડ અને કિંગ્સ કોલેજ લંડનના વૈજ્ઞાનિક આ નવી ટેકનીકથી લઈને એક કિલનિકલ ટ્રાયલ શરૂ કરી રહ્યા છે. આ પ્રક્રિયામાં દર્દીનાં મગજમાં એક પાતળી ઈલેકટ્રોડ લગાવવામાં આવશે જેને છાતીમાં લાગેલા પેસમેકર સાથે જોડવામાં આવશે. આ પેસમેકર મગજમાં હળવુ ઈલેકટ્રીકલ સિગ્નલ મોકલશે જેથી દર્દીની આત્મ-નિયંત્રણ ક્ષમતા વધશે અને નશાની આદત પર કાબુ આવશે.

**દુનિયામાં ૨૮.૪ કરોડ લોકો નશાની લતમાં**

★ દુનિયામાં ૨૮.૪ કરોડથી વધુ લોકો નશાની ચુંગાલમાં ફસાયેલા છે.

★ ૧૫થી૬૪ વર્ષના લોકો કરી રહ્યા છે. નશીલા પદાર્થોનું સેવન.

**આ રીતે થશે ટ્રાયલઃ**

આ ટ્રાયલમાં કુલ ૧૨ દર્દીઓને સામેલ કરવામાં આવશે જેમાં ૬ દારૂના વ્યસની અને ૬ ડ્રગ્સનાં વ્યસની હશે.

(અનુસંધાન ૧૨ મા પાને)

## કચ્છમાં 'ઉલ્કા' પડી? મોડીરાત્રે આંખો આંજી નાખતા તેજ પ્રકાશરંજથી લોકોમાં કુતુહલ

**મોડીરાત્રે ૩.૧૨ વાગ્યાની ઘટનાઃ ખુલ્લામાં ભરઉંઘમાં સુતેલા લોકો જાગી ગયાઃ સીસીટીવી કેમેરામાં ઘટના કેદ**



ભુજ તા.૧૭

અસામાન્ય ભૌગોલિક ઘટનાઓ માટે જાણીતા સરહદી કચ્છ જીલ્લામાં આકાશમાંથી તેજ પ્રકાશપૂંજ સાથે ઉલ્કા પડતા લોકોમાં કુતુહલ મિશ્રિત ફફડાટ સર્જાયો હતો. ભુજના રણકાંધી ગામ નજીક આ ઘટના બની હતી.

ખુલ્લા આકાશમાંથી પ્રકાશનો તેજ લીસોટો થયો હતો અને ઉલ્કા પડતી હોવાનુ સીસીટીવી કેમેરામાં કેદ થયુ હતું. ઉનાળાની ગરમીમાં અગાશી કે ફળીયામાં ભરઉંઘમાં સુતેલા લોકો પણ આ તેજ પ્રકાશપુંજથી સફાળા બેઠા થઈ ગયા હતા. અંધકારને બદલે તેજ રોશની સર્જાઈ હતી.

કચ્છ જિલ્લામાં એક અદભુત ખગોળીય ઘટના નોંધાઈ હતી. ભચાઉથી લખપત સુધીમાં વહેલી સવારે ૩.૧૨ વાગ્યે આકાશમાં અચાનક તેજપુંજ જોવા મળ્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ઉનાળાની ઋતુને કારણે ઘણા લોકો અગાસીમાં સૂતા હતા. આ દરમિયાન આકાશમાં કેટલીક ક્ષણો માટે એવો તેજપુંજ સર્જાયો કે જાણે દિવસ ઊગી નીકળ્યો હોય તેવું દશ્ય સર્જાયું હતું.

આ ઘટના સ્થાનિક વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ હતી. ફૂટેજમાં આકાશમાંથી તારો તૂટતો હોય અથવા ઉલ્કા પડતી હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા. આ અસામાન્ય ઘટનાએ વિસ્તારના લોકોમાં ભારે કુતુહલ સર્જ્યું હતુ.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લો તેની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ માટે જાણીતો છે. અહીં રણ, દરિયો અને ડુંગરનો સમન્વય છે અને કર્કવૃત્ત રેખા પણ પસાર થાય છે. આ સરહદી જિલ્લામાં અગાઉ પણ અનેક ખગોળીય ઘટનાઓ નોંધાઈ ચૂકી છે.

મોડી રાત્રે ગાઢ અંધકાર વચ્ચે પ્રકાશપુંજથી રોશનીનો ઝગમગાટ સર્જાતા કુતુહલ પામેલા લોકો ડઘાઈ ગયા હતા સવારથી સંબંધીત સરકારી વિભાગોનું ધ્યાન દોરવામાં આવ્યુ હતું અને સમગ્ર ઘટનાક્રમ વિશે સ્પષ્ટતા મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.સરકારી તંત્ર પણ તપાસ કરે તેવા નિર્દેશ છે.

## ઔરંગઝેબની કબરનો વિવાદ વકર્યોઃ નાશ ન થાય તો 'કારસેવા'ના ધોરણે તોડી પાડવા VHPની ધમકી

**શિવાજી મહારાજની જયંતિએ જ વિશ્વ હિન્દુ પરિષદનું આક્રમક એલાન**



મુંબઈ તા.૧૭

મહારાષ્ટ્રના સંભાજીનગરમાં સ્થિત ઔરંગજેબની કબરનો વિવાદ વકર્યો છે. અયોધ્યામાં બાબરી મસ્જીદના ધોરણે કારસેવા કરીને આ કબરનો નાશ કરી દેવા વિશ્વહિન્દુ પરિષદે એલાન કર્યુ છે. છત્રપતિ શિવાજી મહારાજની જયંતિએ ઔરંગજેબની કબરનો નાશ કરવાનુ જોર કરાયુ છે.

વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય પ્રવકતા વિનોદ બંસલે કહ્યું કે આજે શિવાજી મહારાજની જયંતિ છે. તેઓએ હિંદથી સ્વરાજ્ય તથા તેની રક્ષા માટે પોતાની ત્રણેય પેઢી દાવ પર લગાવીને મુગલ સામ્રાજયના પાયા હચમચાવી નાખ્યા હતા. હવે દેશમાં 'સ્વ'ની સ્થાપના તથા ગુલામીના ચિહનો-માનસિકતા નામશેષ કરવાનો સમય આવી ગયો છે. ઔરંગજેબ પછી તેની કબરનો પણ નાશ થવો જોઈએ. સમગ્ર મહારાષ્ટ્રમાંથી ઔરંગજેબની પ્રતિમા હટાવવા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે. સંભાજીનગરમાં ઔરંગજેબની કબર છે. તેઓએ સંભાજી મહારાજની ઘણી યાતના આપી હતી એટલે તેની કબર ન હોવી જોઈએ. કારસેવા કરીને તે હટાવવાની પણ ધમકી આપવામાં આવી છે.

(અનુસંધાન ૧૨ મા પાને)

## ઈદ સમયે દેશભરમાં ૩૨ લાખ મુસ્લીમ પરિવારોને સૌગાત-એ-મોદી મળશે

**ગરીબ-મુસ્લીમ પરિવારો માટે ભાજપ લઘુમતી મોરચાએ મોદી કીટ તૈયાર કરીઃ ઘર ઘર સુધી પહોંચાડવાની તૈયારી**



નવી દિલ્હી તા.૧૭

હાલ ચાલી રહેલા રમઝાનના તહેવાર દરમ્યાન દિલ્હીમાં ભાજપ નેતાઓએ ઈફતાર પાર્ટીનું આયોજન કર્યા બાદ હવે ઈદના દિવસે ઉતરપ્રદેશ, બિહાર સહિતના ૩૨ લાખ ગરીબ મુસ્લીમ પરિવારોને મોદી કીટ આપવામાં આવશે. જેનો ઉપયોગ કરીને આ પરિવારો ઈદની ઉજવણી કરી શકશે. ભાજપ લઘુમતી મોરચા દ્વારા પ્રથમ વખત સૌગાત-એ-મોદીનું આયોજન કરાયુ છે. ભાજપ સાથે

(અનુસંધાન ૧૨ મા પાને)

## આવતીકાલે સાંજે સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર પરત ફરશેઃનાસાએ આપી સંપૂર્ણ માહિતી

**સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર છેલ્લા નવ મહિનાથી સ્પેસ સ્ટેશન પર અટવાયેલા હતા**



દિલ્હી, તા.૧૭

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ફસાયેલા ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને અવકાશયાત્રી બૂચ વિલમોરની પૃથ્વી પર પરત ફરવાની તારીખ નક્કી કરવામાં આવી છે. અમેરિક્ન સ્પેસ એજન્સી નાસાએ કહ્યું છે કે આ બે અને અન્ય બે અવકાશયાત્રીઓ આવતીકાલે સાંજે પૃથ્વી પર પાછા ફરશે.

નાસાએ જણાવ્યું કે સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને અન્ય એક અમેરિકન અવકાશયાત્રી નિક હેગ અને એક રશિયન અવકાશયાત્રી એલેકઝાન્ડર ગોરખુનોવ ફલોરિડાના દરિયાકાંઠે કાલે સાંજે લગભગ ૬ વાગ્યે જાફભયડ ના ડ્રેગન ક્રાફ્ટ વાહનથી પૃથ્વી પર ઉતરી શકે છે. અગાઉ તેઓ બુધવારે પૃથ્વી પર પાછા ફરે તેવી અપેક્ષા હતી.

(અનુસંધાન ૧૨ મા પાને)

### એપ્રિલમાં સર્જાતી માંગ માર્ચના પ્રારંભથી જ શરૂ થઈ ગઈ

## ભારે ગરમીથી દેશમાં વિજમાંગ વધીઃ પાવર કટનો ભય



**વિજમાંગ ૨૭૦ ગીગાવોટ પહોંચે તો પુરવઠો આપવો મુશ્કેલઃ નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા રિપોર્ટ**

નવી દિલ્હીઃ દેશમાં માર્ચ માસના પ્રારંભથી જ જે રીતે તાપમાનનો પારો સતત ઉંચો જઈ રહ્યો છે અને વિજળીની માંગ પણ વધી રહી છે તેથી દેશમાં તમામ ગ્રીડ ઓપરેશનમાં એલર્ટ જારી કરી દેવાયુ છે અને અનેક રાજયોમાં તો હવે વિજ કાપ માટેની તૈયારી શરૂ થઈ છે. હોળી-ધુળેટીના તહેવાર પુર્વે જ જે રીતે તાપમાન અસાધારણ રીતે ઉંચુ ગયું તે હવામાનશાસ્ત્રીઓ માટે પણ ચિંતા છે. જુની વાયકા મુજબ હોળી એ ટાઢ તાપીને જાય છે અને પછી તબકકાવાર તાપમાન વધે છે પણ હોળી ધુળેટી પુર્વે જ તાપમાને ૪૦ ડીગ્રીનો પારો વટાવી દીધો હતો. જેના કારણે ખેતી સહિતના સાધનોનો વપરાશ હવે સતત વધી રહ્યો છે. નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર એ વિજ

(અનુસંધાન ૧૨ મા પાને)

### બિહારની સરખામણીએ ગુજરાતના લોકો સાત ગણું વધુ કામ કરે છે

# ગુજરાતીઓ મહેનતું....સૌથી વધુ કલાકો કામ કરે છે

**ગોવાના લોકો સૌથી ઓછુ કામ કરતા હોવા છતાં કમાણીમાં મોખરેઃ ગુજરાતમાં શહેરી લોકો દૈનિક સરેરાશ ૮.૩ ટકા કામ કરે છે**

**પુરૂષ અને મહિલાઓમાંથી કોણ વધુ કલાક કામ કરે છે?**

મહિલા તથા પુરૂષોના કામના કલાકોમાં પણ મોટુ અંતર રહ્યું છે. સર્વે અનુસાર પુરૂષો કમાણી-નાણાં કમાવવાના કામોમાં વધુ કલાક ગાળે છે જયારે મહિલાઓ પૈસાની કમાણી વિના ઘરકામમાં વધુ કલાકો કામ કરે છે. શહેરી વિસ્તારોમાં પુરૂષો સરેરાશ ૮.૨ કલાક સામે મહિલાઓ ૬.૨ કલાક કામ કરે છે. ગ્રામ્ય ક્ષેત્રમાં પુરૂષો ૭.૩ કલાક સામે મહિલાઓ ૫.૬ કલાક કામ કરે છે.



નવી દિલ્હી તા.૧૭

ભારતીયોના કામ કરવાના કલાકો તથા કાર્યપદ્ધતિ વિશે કેટલાંક વખતથી જુદી-જુદી ચર્ચા છે.કેટલાંક વધુ કલાકો કામ કરવાની તરફેણ કરે છે. એક વખત કલાકોના સમયગાળાને બદલે બુદ્ધિપૂર્વકનાં કામને મહત્વ આપે છે ત્યારે એક સર્વેમાં કેટલાંક મહત્વના અને ચોંકાવનારા તારણો નિકળ્યા છે.

ગુજરાતના લોકોનાં કામના કલાકો સૌથી વધુ છે.જયારે ગોવામાં લોકો સૌથી ઓછા કલાક કામ કરે છે છતાં ત્યાં કમાણી વધુ છે.

અભ્યાસ-સર્વેમાં એવુ બહાર આવ્યુ છે કે ગુજરાતમાં ૭.૨ ટકા કર્મચારીઓ

(અનુસંધાન ૧૨ મા પાને)

**સર્વેમાં મહત્વનાં ચોંકાવનારા તારણોઃ ૭.૨ ટકા લોકો સપ્તાહમાં ૭૦ કલાકથી વધુ કામ કરે છે; બિહારમાં આ સંખ્યા માત્ર ૧.૧ ટકા**

દરરોજ બપોરે પ્રિમીયમ
ગુજરાતી થાળી
સ્વાદમાં સર્વોપરી
હોટલ કાવેરી
PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
Cell : 63566 66777

BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777



**પરિચય**



★વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેક્શન એક્સપર્ટ.
★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
★વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
★ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
★સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**૧૭/૦૩/૨૦૨૫થી ૨૩/૦૩/૨૦૨૫**

**સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯**

ॐ સોમવાર થી રવિવાર ॐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચતુર્થેશ ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાનમાં થઈ રહ્યું છે.અહી રાહુ-હર્ષલ પ્રતિયુતિમાં છે. આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે. દાંપત્ય જીવનમાં વિવાદ નિવારવો જરૂરી બને. જાહેર જીવનમાં સંયમ પૂર્વક વર્તવું. ભાગીદારો સાથે હિસાબ કિતાબની ચોખવટ સમયસર કરતી રહેવી. સપ્તાહના મધ્યભાગમાં આઠમા સ્થાન પરથી પસાર થતાં ચંદ્ર પર શનિની દ્રષ્ટિથી રહેશે. આકસ્મિક ઘટનાઓથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાય. પાલતુ પશુઓથી સલામત અંતર જાળવવું અનિવાર્ય બને. અનીતિપૂર્વકનું ધન મેળવવાની ઈચ્છા દૂર રાખવી.ખાન-પાનમાં પરેજી દ્વારા શારીરિક સ્વાસ્થ્ય જાળવી શકાય. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. અહી ચંદ્ર મંગળની દ્રષ્ટિમાં આવશે. ધાર્મિક સ્થળની મુલાકાત શક્ય બને. ભાગ્ય ઉદય માટે વિકાસની નવી તક પ્રાપ્ત કરી શકો. નવો અધિકાર કે હોદ્દો-જવાબદારી મળી શકે.ગરમી જન્ય દર્દથી રાહત મેળવી શકો. રોડ ટ્રાન્સપોર્ટ, કન્સ્ટ્રકશન તેમજ ઇમ્પોર્ટ એક્સપોર્ટના વ્યવસાયીઓ માટે આશાસ્પદ સમય રહે.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી સ્વામી ચંદ્ર છઠ્ઠા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. મોસાળ પક્ષ સાથે મિલન-મુલાકાત શક્ય બને.બારમે રહેલા હર્ષલ સાથે પ્રતિયોગમાં આવતો ચંદ્ર હરીફોથી સાવચેતી રાખવાનું સૂચવે છે. કાનૂની કાર્યવાહીઓમાં ઉતાવળ કરવી નહીં. આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે.સાતમા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા શનિની દ્રષ્ટિમાં આવશે. જીવનસાથી સાથે લેટ-ગો કરવાની ભાવના કેળવવી. નાની વાતોને મોટું સ્વરુપ આપવાથી બચવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથી થશે.અહી ચંદ્ર-મંગળ પ્રતિયોગ સર્જાતા આકસ્મિક અર્થ લાભની શક્યતા નકારી શકાતી નથી. જો કે અહી તબિયતની જાળવણી ખુબ જ જરૂરી બને. ભોજનમાં તેલ-મરચાં મસાલા યુક્ત પદાર્થોથી બિલકુલ દૂર રહેવાનું સૂચવી શકાય. વ્યસન દૂર કરવાના પ્રયત્નો આગળ વધારવા ઇચ્છનીય રહેશે.અફવાની બાબતોમાં ફસાય જઈને વ્યવસાયમાં અયોગ્ય નિર્ણય ન લઈ બેસાય તે ખાસ જોવું.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. પ્રિયપાત્ર સાથે થયેલી ગેરસમજો દૂર થતાં મન હળવું બને.વિદ્યાર્થીઓને સફળતા યુક્ત સમય મળી રહે. આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે.સપ્તાહના મધ્યભાગમાંછઠ્ઠા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા શનિ ચંદ્ર દ્રષ્ટિ યોગની અસર રચાશે. જે વાઈરલ સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવાનું સુચવે છે. હરિફાઈ તથા પ્રતિસ્પર્ધામાં વધુ પડતો આત્મવિશ્વાસ નુકસાનકારક નિવડી શકે. કર્મક્ષેત્રે આળસ ત્યજીને પરિશ્રમ કરવો ઇચ્છનીય ગણાશે.સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. ચંદ્ર પર મંગળની દ્રષ્ટિ લક્ષ્મી પ્રાપ્તિ યોગ આપશે. જાહેર મંચ-સભામાં માન-સન્માન પ્રતિષ્ઠામાં વધારો થઇ શકે. કાર્યક્ષેત્રે ઉત્તમ પુરુષાર્થ દ્વારા સફળતા તરફ પ્રયાણ કરી શકો. લાભદાયક ઓળખાણનું વર્તુળ વિકસતું લાગે. કળા ક્ષેત્રે સંકળાયેલા જાતકોને ઉચ્ચ પર્ફોર્મન્સ દાખવવાની તક પ્રાપ્ત થઈ શકે.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને પ્રથમ સ્થાનનો અધિપતિ ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનમાં પરિભ્રમણ કરી રહ્યો છે.આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે.અહી ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ માનસિક ઉદ્વેગ અપાવી શકે. વાહન અકસ્માત અંગેનો વિવાદ ઉકેલવા વિશેષ પરિશ્રમની આવશ્યકતા રહેશે.વતનની મુલાકાત સંભવ બની શકે.મિલકતના રીનોવેશન તથા બ્યુટીફીકેશનને લગતા કાર્યો સંપન્ન બનાવી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનુંભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. ચંદ્ર પર શનિની દ્રષ્ટિ અહીં વિષયોગની અસર ઉત્પન્ન કરશે. નાણાનું રોકાણ અંગેના નિર્ણયો લેવા ઉતાવળ ત્યજીને અનુભવીની સલાહ લઈને આગળ વધવું.સંતાનો સાથે વિવાદ નિવારીને સંયમપૂર્વક વર્તવું.સપ્તાહના અંતભાગમાં છઠ્ઠા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર હરિફાઈમાં વિજય અપાવી શકે. ભોજનમાં ઠંડા તથા બહારના ખાદ્ય પદાર્થોથી દૂર રહેવું હિતાવહ ગણાય.ડાયાબિટીસ, સાયનસ તથા એલર્જીની તકલીફ ધરાવતા જાતકોએ સાવધાની રાખવી. કાર્ય આયોજન અંગે અગત્યના નિર્ણયો એકાગ્રતા પૂર્વક લઈ શકાય.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકોને બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહી ચંદ્ર હર્ષલ પ્રતિયોગ સરકારી કામકાજો, લીગલ એગ્રીમેન્ટ તથા બિઝનેસ ડિલિંગને લગતા કાર્યો અંગે સતર્ક રહેવાનું સુચવે છે.આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે.સ્ટેમિના-કાર્યક્ષમતામાં વધારો અનુભવી શકો.લાંબા સમયથી પોતાના કાર્યક્ષેત્રની કોમ્પિટિશનમાં આગળ નીકળીને કંઈક નવીન સિસ્ટમ અપનાવી શકો. વ્યક્તિત્વનો વિકાસ શકય બને. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રચોથા સ્થાન પરથી શનિની દ્રષ્ટિમાં રહીને પસાર થતાં માનસિક તણાવમાં વધારો અનુભવી શકાય. જવાબદારી તથા કાર્યભારમાં વધારો પ્રાપ્ત થઇ શકે છે. સપ્તાહના અંતભાગમાં પાંચમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર મંગળ સાથે પ્રતિયુતિમાં આવશે. જે પ્રિયપાત્ર સાથે આનંદદાયક સમય વિતાવવા માટે નિમિત્ત બની શકે.રુધિર, હૃદય, રક્તચાપ કે પાચનતંત્રને લગતા કોઈ પ્રશ્નો અંગે સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ હશે, તો ધીરે ધીરે તેમાં રાહત મળતી જણાશે.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને ચંદ્રનું પરિભ્રમણ સપ્તાહની શરૂઆતમાં ધન સ્થાન પરથી થશે.અટકતા લાભ, ઇન્સેંટિવ કે કમિશન પ્રાપ્ત થતા જણાઈ શકે છે. મિત્રો થકી ધનલાભ પ્રાપ્ત થઈ શકે.જો કે અહી ચંદ્ર એ હર્ષલ પ્રતિયોગથી પીડિત બનશે. વાણીમાં કડવાશ દ્વારા સંબંધો ન બગડે તેનું ધ્યાન રાખવું.આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે. નવો ઓર્ડર મેળવવા માટેના પ્રયાસ તથા નવા ક્લાઈન્ટની પ્રાપ્તિ માટેમહેનત વધારવી જરૂરી બને. સપ્તાહના મધ્યભાગમાંત્રીજા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે. જે કર્મક્ષેત્રે આળસત્ય જવાનું સૂચન કરે છે.નાની મુસાફરી તથા યાત્રામાં અજાણ્યા સ્થળો - વ્યક્તિઓથી સાવચેતી રાખવી. ભરોસાના આર્થિક વ્યવહારોમાં જરૂરી કાળજી રાખવાથી ફાયદો મેળવી શકશો. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું ભ્રમણ ચોથા સ્થાન પરથી થશે.અહી મંગળ-ચંદ્ર શુભ પ્રતિયોગ રચાઇ રહ્યો છે. માતૃ પક્ષ દ્વારા સહકાર પ્રાપ્ત કરી શકાય. મિલકત વિષયક કોઈ પ્રશ્નોના ઉકેલ અંગે જરૂરી માર્ગદર્શન મેળવી શકો.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને ચંદ્રનું પરિભ્રમણ સપ્તાહની શરૂઆતમાં પ્રથમ સ્થાનમાં થશે. હર્ષલ સાથે કોમ્બિનેશનમાં આવતો ચંદ્ર અહીં માનસિક ઉદ્વેગ આપી શકશે.પરિવારિક કે સામાજિક સમસ્યાને શાંત દિમાગેદીર્ઘ દ્રષ્ટિ પૂર્વકના નિર્ણયો દ્વારા ઉકેલવાનો પ્રયત્ન કરવો. સપ્તાહના મધ્યભાગમાં ધન સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને પસાર થનારો ચંદ્ર વાણીમાં ડિપ્લોમસીપણા દ્વારા જટિલ વ્યવહારોને પાર લગાવવાનું કૌશલ્ય આપી શકે. લાંબા ગાળાના બચતના કે રોકાણના આયોજનો ઘડી શકો. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે.અહી ચંદ્ર મંગળ પ્રતિયોગ શુભ નિવડે. નાનાભાઈ-ભાંડવોની સમસ્યાઓને સમજીને તેમને મદદ કરવાના પ્રયત્નો સફળ બને. કાર્યક્ષમતાનો વિકાસ રહે. વ્યવસાયિક મુસાફરી સફળ રહે. કોમ્યુનિકેશન કે ડીલિંગ મિટીંગસમાં અસરકારક દેખાવ દ્વારા ફાયદો મળતો જણાય.છઠ્ઠા સ્થાનમાં સૂર્ય, રાહુ, બુધ, શુક્ર સાથે ચંદ્રનું ભ્રમણ અભિમાનને ત્યાગીને વિનમ્ર બનવાનું સૂચવે છે. રહેઠાણ રિનોવેશનની સાનુકૂળતા મળી રહે.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિના જાતકોને ભાગ્યેશ ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાન પરથીપસાર થઇ રહ્યો છે.સાથે હર્ષલનો પ્રતિયોગ પણ સ્થિત છે. કર્મક્ષેત્રે પ્રગતિ માટે વધુ પડતાં જોખમ લેવા નહીં. નાની મુસાફરી-યાત્રામાં સાવચેતી રાખવી.અન્યની બુરાઈ કે નિંદા દ્વારા પ્રગતિનો આશય ન રાખવો. આ સપ્તાહ દરમિયાન હર્ષલ તારીખ ૧૯ માર્ચથી રાશિ પરિવર્તન પામી વૃષભમાં પ્રવેશશે. વ્યક્તિત્વમાં રૂક્ષતા ત્યજી મૃદુતા અપનાવવી. સપ્તાહના મધ્યભાગમાં પ્રથમ સ્થાન પરથી પસાર થતો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે. જે ડબલ માઇન્ડેડ આપી શકે. વાયુજન્ય બીમારી કે સાંધાની તકલીફોમાં મેડિકલ ટ્રીટમેન્ટનું આયોજન ચુસ્ત અનુસરવું. સપ્તાહના અંતભાગમાં ધન સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર આઠમા સ્થાનમાં રહેલા મંગળની દ્રષ્ટિમાં આવશે. સૌમ્ય વાણી દ્વારા લોકો સાથેના સંબંધો મજબૂત બનાવી શકો.ઉજવણી સાથે ભાવતા ભોજનનો આનંદ માની શકો. મન:સ્થાનનો શનિ તથા પંચમે સૂર્ય, રાહુ, શુક્ર, બુધ ક્યારેક ઉદાસીનતા તરફ મન ખેંચી શકે. લાભસ્થાન પર સૂર્યની દ્રષ્ટિ મિત્ર વર્તુળ દ્વારા જરૂરી સહાય અપાવે.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમા સ્થાનપરથી પસાર થનારો ચંદ્ર મિત્રો સાથે મળીને કોઈ આયોજન ગોઠવવાનું સૂચવી રહ્યો છે.પેન્ડિંગ સરકારી કાર્યો,જૂના રોકાણો કે અટકેલા સંપતિ વ્યવહારો પુર્ણ બનતા નાણાકીય લિક્વિડિટીમાં વધારો રહે. પર્સનલ લોન,પ્રોજેક્ટ લોન કે વ્યવસાય વિકાસ માટે ફંડિંગ પ્રાપ્તિના પ્રયાસો સફળ નિવડે. સપ્તાહના મધ્યભાગમાં બારમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે. અહી વિવાદોથી દૂર રહેવું. કોઈ ઝગડામાં મધ્યસ્થી બનવાનું ટાળવું. અન્ય સાથેના ઉશ્કેરાટ યુક્ત વર્તનને લીધે સંબંધની સાથે માનસિક શાંતિ પણ જોખમમાં મુકાય, તેવા વિચારો પર અંકુશ રાખવું. સપ્તાહના અંતભાગમાં પ્રથમ સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર માનસિક રાહત અપાવી શકે. નવા આઇડિયા અમલમાં મૂકી શકો. ચંદ્ર મંગળ દ્રષ્ટિ સંબંધ વિચારોમાં મક્કમતા આપે. કન્સ્ટ્રકશન, જમીન-મકાન કે રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા જાતકો માટે ટાર્ગેટ એચિવિંગ સમય રહે. વડીલવર્ગના આશીર્વાદ પામી શકો.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાંદશમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર કિર્તિ પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે. વડીલો સહયોગ અપાવે.જો કે અહી ચંદ્ર હર્ષલ પ્રતિયોગ વ્યવસાયમાં કે મોટી ડીલિંગમાં વધુ પડતો ભરોસો રાખીને ચાલવા અંગે ચેતવે છે. સર્વિસ સ્થળે કોઈ આક્ષેપના ભોગ બનેલ જાતકોને નિર્દોષતા પુરવાર કરવાની તક મળે. સપ્તાહના મધ્યભાગમાં અગિયારમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે.જે નિરાશાવાદી વ્યક્તિત્વ ત્યજીને ઉત્સાહી બનવાનું સૂચવે છે.મિત્રોના કહેવા પર આર્થિક રોકાણ કે ખર્ચ કરતાં પહેલા બધી બાબતો તપાસી જવી.સપ્તાહના અંતભાગમાં બારમા સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર પરોપકાર કાર્યોમાં મદદરૂપ નિવડવાની ભાવનામાં વધારો અપાવે. સ્થિર રહેવાને બદલે મુસાફરી કે ટ્રીપથી લાભ રહે. પરિચિત વર્તુળમાં નવા વ્યક્તિઓનો ઉમેરો કરી શકાય નવી. ઓળખાણો ભવિષ્યમાં લાભદાયક નીવડી શકવાનો સંકેત મળી રહ્યો છે.મંગળ ચંદ્ર કોંબિનેશન અહી ઝડપી ડ્રાઇવિંગ ન કરવાનું સૂચવે છે.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં નવમાસ્થાન પરથી પસાર થનારો ચંદ્ર ધર્મ કાર્યોમાં રસ રુચિ આપે. અહી ત્રીજે રહેલો હર્ષલ ચંદ્ર સાથે પ્રતિયોગમાં આવશે. ઇચ્છિત સફળતા માટે વિશેષ પરિશ્રમની આવશ્યક્તા રહેશે.સપ્તાહના મધ્યભાગમાં દશમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શનિની શત્રુ દ્રષ્ટિમાં આવશે. કર્મક્ષેત્રે આળસત્યાગી નવી મેથડ કે ટેક્નોલોજી દ્વારા પુરુષાર્થ કરવાથી લાંબા ગાળાના આયોજનો સર કરી શકાશે. જાહેરજીવનમાં માન સન્માન પ્રાપ્ત કરી શકો. સત્તાપક્ષ તરફથી યોગ્ય પ્રતિભાવ પ્રાપ્ત થતાં મન હર્ષ અનુભવે. સપ્તાહના અંતભાગમાં અગિયારમા સ્થાનમાં ભ્રમણકરતોચંદ્ર મિત્રો દ્વારા ઉચિત સહયોગ પ્રાપ્ત થઇ શકવાનું સૂચન કરે છે. લાભસ્થાનમાં રહેલા ચંદ્ર પર મંગળની દ્રષ્ટિ આકસ્મિક ધનપ્રાપ્તિની શકયતા દર્શાવી રહ્યા છે.ડિપ્લોમસી પૂર્વકના વાણી વર્તન દ્વારા શત્રુઓને પણ મિત્ર બનાવીને પ્રગતિ આડેના અંતરાયો દૂર કરી શકાય. ધનેશ-ચતુર્થેશ ગુરુ-શુક્રનો પરિવર્તન યોગ મિલકત દ્વારા આર્થિક ઉપાર્જનના લાભો આપી શકે.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથીહર્ષલની સાથે પ્રતિયુતિમાં રહીને થઈ રહ્યું છે. માટે પાલતુ પશુ કે જાનવરોથી સાવચેતી યુક્ત અંતર જાળવવું.આકસ્મિક ઘટના બાબતે સાવચેતી રાખવી.પુરુષાર્થનું ફળ હાથમાં આવીને દૂર થઈ જતુ જણાય. સપ્તાહના મધ્યભાગમાં નવમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે. ગૂઢ બાબતો અંગે આકર્ષણ વધતું લાગે. મંદિર, ધર્મસ્થાનકે તીર્થસ્થાનોની મુલાકાત શકય બને. સપ્તાહના અંતભાગમાં કર્મ સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર મંગળની શુભ દ્રષ્ટિમાં આવશે. જે વડીલોના આશીર્વાદને પાત્ર બની શકો તેવા કાર્યમાં સહભાગી બનવાનું સૂચવે છે. મન:સ્થાનનો મંગળ કર્મસ્થાનના ચંદ્ર પર દ્રષ્ટિ કરતો હોવાથીમિલકત ખરીદ વેચાણના સૌદાઓ, વેચાણ કે ભાડાના અધૂરા વ્યવહારો પાર પાડી શકો. જો કે અહી વધારે પડતા કલ્પનાચિત્રના પ્રભાવમાં આવી વાસ્તવિક પરિસ્થિતિથી દૂર ન ભાગવું. સંસ્થા કે સમાજમાં પદ પ્રાપ્તિ માટે મહેનતકરતાં જાતકોને ઉત્તમ સહકાર તેમજ માર્ગદર્શન મળી રહે.

* * *

## આજનું ચિંતન

### ઈચ્છા આજ્ઞા

- **જ્ઞાની માણસને અને અજ્ઞાની માણસને સમજાવી શકાય છે; પરંતુ અભિમાની માણસને કોઈ સમજાવી શકતું નથી, તેને તો ઈશ્વર જ સમજાવે છે.**
- **કાલની ચિંતા ના કરશો, જે ભગવાને આજે તમને સાચવી લીધા છે એ કાલે પણ સાચવી લેશે.**
- **હું જ અર્થ, હું જ અનર્થ, હું જ વ્યર્થ, પણ જો ઈશ્વરનો સાથ હોય તો હું જ સમર્થ.**
- **જેટલી બને એટલી ચાલાકી (કપટ) ઓછી કરો, ઉપરવાળાની મહેરબાની વધારે થશે.**
- **જો ઉપરવાળા સાથે તમારા સંબંધ મજબુત હશે તો નીચેવાળા તમારૂ કાંઈ નહીં બગાડી શકે.**

# ખુશમિજાજ

**મૂલ્યોની મહેક**
**■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■**

ખુશમિજાજની નિશાની છે સદા હંસતો, ગાતો પ્રસન્નચિત્ત ચહેરો. ચહેરો દિલનો દર્પણ છે. જે અંદર છે તે ચહેરા પર આવતું હોય છે. ખુશી કે ગમ(ઉદાસી, ચિંતા) બન્નેને ચહેરો સાચું બતાવી દે છે. ખુશમિજાજી વ્યક્તિઓ ખુશનસીબ છે. તેઓ સ્વયં હળવા રહે છે તો બધાને હળવા રાખે છે. ભલે કોઈ વાતને લઈને તેઓ અંદરથી કોઈ રીતે ગડમથલમાં રહેતા હશે પરંતુ તેના ચહેરા પર, તેની કાર્યક્ષમતા કે કાર્ય-વ્યવહાર પર તેની અસર વર્તાતી નથી હોતી. આવા વ્યક્તિઓ સહનશીલ હોય છે. જે સંતુષ્ટમણિઓ છે તેઓનું વ્યક્તિત્વ જ પ્રસન્નતા બની જાય છે. આમ માત્ર ખુશી જ નહી તેમનો મિજાજ(સ્વભાવ કે મુડના અર્થમાં) પણ સર્વને સુખદાયી, રમણિક અને ખુશીભર્યો હોવાથી હસતા રહેવું અને સર્વને હસતા રાખવા તે તેની વૃતિમાં હશે. તેમને સદૈવ યાદ રહે છે- હું ખુશ છું. ખુશી મારી વૃતિ છે. સર્વને ખુશ રાખવા મારી આદત છે.

આવી વ્યક્તિના જીવનમાં કોઈ સમસ્યા કે પરિસ્થિતિઓ વિઘ્નરૂપે આવે તો સ્વયંના મન-બુધ્ધિ પર કાબુ રાખી, વાતોના પ્રભાવમાં આવ્યા વગર હલ્કા રહીને નિર્ણય લે છે. મન અને બુધ્ધિને ખોટાં, ઉલ્ટા વિચારોની ઉલઝનથી મુક્ત રાખીને દરેક બાબત પર પ્રતિક્રિયા આપે છે જો આપની અંદરની સ્થિતિ અચળ અને શાંત હશે તો બુધ્ધિ પણ સાફ રહેશે. શાંત રહેનારની પરખશક્તિ વધે છે તો નિર્ણય પણ ત્વરિત લઈ શકે છે. પરિણામે કોઈ પણ વિઘ્ન સમય પર જ ટળી જાય છે, કે સાફ થઈ જાય છે. આવી વ્યક્તિને ઈશ્વર પિતા પર વિશ્વાસ હશે. આથી કોઈના ધોખાથી સદા બચતા રહે છે. સમય પર તેમની સમજશક્તિ તીવ્ર બને છે.

આમ તૌર પર લોકો કોઈ જોક્સ, ચુટકલા, ગીત, ફિલ્મ વગેરેના જોવા-સાંભળવાથી ખુશ રહેતા હોય છે. આમ સાધનોનો આધાર જ તેની ખુશી બનતી હોય છે. જ્યારે ખુશમિજાજી તો એકલા હશે તો પણ સદાયે દિલથી ખુશ રહે છે. તેમની કૃતિ(કર્મ), વૃતિ અને આકૃતિ(શરીર)થી જ સર્વને ખુશીનો અહેસાસ થશે. તે સદા ઉમંગ-ઉત્સાહમાં રહીને સર્વને ઉમંગમાં રાખતા હોય છે. તે બધાની વચ્ચે રહેવાનું પસંદ કરે છે. તો આપણે પણ સ્વયંના અંદરના ઉભા કરેલા અનેક પ્રશ્નો, કારણોને ધ્યાનપૂર્વક તપાસી જઈએ અને તેનું જલ્દીથી નિવારણ કરીને સદા ખુશમિજાજી બનીએ.

# સરકારી કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરવા તૈયારી



નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો મોંઘવારી ભથ્થામાં સરકાર ૨% વધારાને મંજૂરી આપી શકે છે. સરકાર આ મહિનાના અંત સુધીમાં DAમાં ૨%નો વધારો કરી શકે છે. આ પછી તે ૫૩% થી વધીને ૫૫% થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી કોઈપણ બુધવારે યોજાનારી કેબિનેટ બેઠકમાં આ અંગે અંતિમ નિર્ણય લઈ શકે છે.

મોંઘવારી ભથ્થામાં વધારો વર્ષમાં બે વાર (જાન્યુઆરી અને જુલાઈથી) જાહેર કરવામાં આવે છે, જેના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓનો પગાર મોંઘવારી દરને અનુરૂપ વધે છે. સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે, જ્યારે પેન્શનરોને મોંઘવારી રાહત આપવામાં આવે છે.

૨% DA વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી અમલમાં આવતા એન્ટ્રી-લેવલના કર્મચારીના પગારમાં રૂ. ૧૮,૦૦૦ પ્રતિ માસના મૂળ પગાર સાથે રૂ. ૩૬૦ નો વધારો કરશે. ઉદાહરણ તરીકે, રૂ. ૧૮,૦૦૦ના મૂળ પગાર સાથેના કર્મચારીને હાલમાં રૂ. ૯,૫૪૦ (૫૩%) DA તરીકે મળે છે. ૨% વધારાથી તેનું DA ૯,૯૦૦ રૂપિયા થઈ જશે, જે તેના પગારમાં ૩૬૦ રૂપિયાનો વધારો કરશે. જો કે, ૩% વધારાનો અર્થ રૂ. ૫૪૦ નો વધારો થશે, જેનું ડીએ રૂ. ૧૦,૦૮૦ થશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લો DA વધારો ૧ જુલાઈ, ૨૦૨૪ થી લાગુ થયો હતો, જેમાં ૩% નો વધારો થયો હતો, જેના કારણે DA મૂળ પગારના ૫૦% થી વધીને ૫૩% થયો હતો. પેન્શનરોને પણ તેમની મોંઘવારી રાહતમાં સમાન વધારો મળ્યો છે.

# ત્રણ બાળકોની હત્યા કર્યા બાદ પિતાનો આપઘાત



રાંચી, તા.૧૭

ગિરિડીહ જિલ્લામાં એક ઘરમાંથી ચાર મૃતદેહ મળી આવ્યા હતા. મૃતકોમાં ત્રણ બાળકો અને એક ૩૬ વર્ષીય પુરુષના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે પિતાએ પહેલા તેના ત્રણ બાળકોને ફાંસી આપીને મારી નાખ્યા અને પછી પોતે પણ ફાંસી લગાવી લીધી.

### પોલીસે શું કહ્યું?

આ મામલો ગિરિડીહના ખુકરા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. ગ્રામજનો પાસેથી મળેલી માહિતી મુજબ, આ વ્યક્તિ કડિયાકામનું કામ કરતો હતો. ગયા શનિવારે, તેની પત્ની તેના માતાપિતાના ઘરે ગઈ હતી, પછી, તેણે પહેલા તેના ત્રણ બાળકોને ફાંસી આપી અને પછી પોતે પણ ફાંસી લગાવી દીધી. આ ઘટનામાં પિતા અને તેના ત્રણ બાળકોનું પણ મોત નીપજ્યું હતું. જોકે, પોલીસ આ મામલાની તમામ પાસાઓથી તપાસ કરી રહી છે. પોલીસનું કહેવું છે કે પહેલી નજરે તે ત્રણ બાળકોની હત્યા કર્યા બાદ આત્મહત્યાનો મામલો લાગે છે.

## સુવિચાર

**રૂપિયા તો ગમે તેટલા ભેગા કર્યા હશે**
**પણ છેલ્લે તો દસ રૂપિયાના માટલામાં જ જવું પડશે**
**માટે નીતિથી ચાલવું.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ફાગણ વદ-૪, તા. ૧૮/૩/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૬-૫૫, સૂર્યાસ્ત : ૬-૫૫, જૈન નવકારશી : ૭.૪૩
રાશિ : તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મીન, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સામાજિક કાર્યમાં સફળતા મળી શકે છે, વ્યવસાય અંગેના નવા જોડાણોથી લાભ રહે, નોકરીમાં ઉપરી વર્ગ.
**વૃષભ :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના, નવી યોજના બાબત ભાગીદારો સાથે વિચાર-વિમર્શ થાય, આત્મવિશ્વાસમાં વધારો થવાનો.
**મિથુન :** ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો, દિવસ દરમ્યાન નોકરીમાં પ્રમોશનની શકયતા ઉભી થાય, બ્લડ પ્રેસર જેવી તકલીફો બાબત જાળવવું.
**કર્ક :** રાજકારણમાં અનુકુળતા રહેશે, સર્જનાત્મક કાર્યોમાં રૂચી વધવાની, ભાઈ-બહેનોથી સહકાર રહે, નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું.
**સિંહ :** મિલ્કત બાબત લાભ રહેવાના, નિર્ણય બાબત મકકમતા કેળવજો, ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં સ્થાનફેરની શકયતા રહેવાની.
**કન્યા :** નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી છે, બિનજરૂરી ઉતેજનાથી દુર રહેજો, શેર સટામાં જાળવવું, કર્જ કરીને કોઈ સાહસ ન કરવું.
**તુલા :** પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની, નોકરીમાં કાર્યભાર રહેવાનો, માનસિક ટેન્સન રહેવાનું છે.
**વૃશ્ચિક :** પ્રતિષ્ઠા જાળવવા મહેનત જરૂરી રહેશે, આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું છે, કાનુની પ્રશ્નો ટાળવા.
**ધન :** સંસ્થામાં કોઈ સારો હોદો મળવાનો, બેન્કના કાર્યોમાં સફળતા મળવાની છે, ગુસ્સાને કાબુમા રાખો.
**મકર :** હિતેચ્છુની સલાહ ઉપયોગી રહેવાની છે, લગ્ન ઈચ્છુકોને માટે સારો સમય કહી શકાય, પ્રવાસ થાય.
**કુંભ :** નવી યોજના લાભદાયક રહેવાની છે, નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય, કર્જમાં રાહત થાય.
**મીન :** નિકટના સાથીઓનો સાથ સહકાર મેળવવા તમારે પણ સાથીઓને સમજવાની કોશીષ કરવી.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત






### આડી ચાવી

૧. મહાકુંભને ચાર ચાંદ લગાવનાર મુખ્યમંત્રી (૭)
૬. આર્ટ (૨)
૭. સોંગ (૨)
૮. ....ગોટાળો (૪)
૧૦. શકિત (૩)
૧૨. પિકોક (૨)
૧૩. આશ્ચર્યની બહેન (૩)
૧૪. અગિયારસ પછીની તિથિ (૩)
૧૫. ટેરેસ (૩)
૧૭. સપ્તાહ (૨)
૧૯. એક નહાવાનો સાબુ (૩)
૨૧. બારી-બારણા જેના આધારે ટકે (૪)
૨૨. બુમ (૨)
૨૩. સારો વિચાર (૫)
૨૫. બેદરકાર, બેજવાબદાર (૩)
૨૭. છુટ્ટી (૨)
૨૮. મુંબઇ, અંધેરીનો એક વિસ્તાર (૪)
૨૯. નાના પાટેકરની ૨૦૨૧માં આવેલી ફિલ્મ (૪)
૩૦. કોર્ટનો દેશી ઉચ્ચાર (૩)
૩૧. દવા-હિન્દી (૩)

### ઉભી ચાવી

૧. મિથુન ચક્રવર્તીની અભિનેત્રી પત્ની (૫)
૨. ગીત લખનાર (૪)
૩. હૃદય (૨)
૪. એક પાંદડુ (૫)
૫. ડાળી-ડાળખા વગરનું વૃક્ષ (૨)
૬. એક અટક, એક ઓસડિયું (૪)
૯. મસ્કા ... (૨)
૧૧. ફોટોગ્રાફ (૪)
૧૨. આડી ચાવી નં. ૧૨ મુજબ (૨)
૧૬. જેના પર ડાઉટ હોય તે (૪)
૧૮. કસાઇવાડામાં કામ કરનાર (૩)
૨૦. સતત (૪)
૨૧. સરવાળા અને ? (૪)
૨૨. નૃત્યનો એક પ્રકાર (૩)
૨૩. સાજસજજા (૪)
૨૪. વિવાદ-અંટસ (૪)
૨૬. નાડ-ઉંધુ લખો (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શિ | વા | જી | રા | વ | ગા | ય | ક | વા | ડ | | અ | ચ | ર | જ |
| વ | ન | વા | સ | | | | ર | ત | લ | | | લ | | |
| કુ | | દા | | પ્ર | સ | ન્ન | તા | | | સ | ઈ | | કા | કા |
| ર્મા | ત | રી | | ભા | | | ર | ણ | છો | ડ | રા | ય | | |
| ર | | | સા | વ | ચે | તી | | | | ક | ક | ક | ક | ક |
| શ | રા | ફ | ત | | | સ | ર | ધા | ર | | | | દ | ર |
| મા | | | હિ | ટ | લ | ર | | ન | મ | ક | હ | રા | મ | |
| | | ઇ | ન્દુ | | વા | ણી | યા | | ત | ર | | | પો | ળ |
| હા | જી | મ | સ્તા | ન | | | દ | વા | | મ | દ | હો | શી | |
| મ | હા | રા | ની | | સા | | | ન | ર્મ | દા | | ન | | બં |
| | | ન | | મ | ધુ | રા | ય | | | | સો | હા | | ગ |
| હિ | ના | ખા | ન | | | મ | | ર | ક | એ | | ર | વા | ડી |
| લ | | ન | વ | કા | ર | મં | ત્ર | | | કા | જુ | | ચ | |
| | ખી | | જા | | | દિ | | સીં | | એ | | જો | ક | ર |
| પ | ર | ણે | ત | ર | | ર | ણ | ધી | ર | ક | પૂ | ર | | જા |

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

GUVNL



## પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં

**2.75+ લાખ** થી

વધુ લોકો દ્વારા

**1000 મેગાવોટથી વધુની**

સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય

**₹ 78,000*** સુધીની મર્યાદામાં

| | |
|---|---|
| ૧ KW → | ₹ 30,000 |
| ૨ KW → | ₹ 60,000 |
| 3 KW કે તેથી વધુ → | ₹ 78,000 |

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઇચ્છુક હોવ તો આજે જ

**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર

# અગ્નિકાંડ; મનપા-PGVCLના રીપોર્ટ તૈયાર : પોલીસ ગુનો નોંધવાની તૈયારીમાં

## ૧૫૦ ફુટ રોડના એટલાન્ટિસ બિલ્ડીંગમાં માત્ર બે યુનિટ જ છે– વિંગ ચાર : ટીપીની તપાસમાં બધુ ઓકે : ફાયર એનઓસી રીન્યુ ન કરાવવાની મોટી બેદરકારી : ફાયર સાધનો કેમ ડેડ હતા?

રાજકોટ, તા. ૧૭

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર જુના બિગ બાઝાર સામે આવેલા લકઝરીયસ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ધુળેટીના દિવસે લાગેલી આગની ઘટનામાં ત્રણ વ્યકિતના નિપજેલા મૃત્યુએ ફરી સરકારી તંત્રોને ઉંધા કરી દીધા છે. હવે પોલીસ દ્વારા આ ઘટનાની ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે ત્યારે મનપા અને પીજીવીસીએલ તંત્રના રીપોર્ટની રાહ જોવાઇ રહી છે. જેમાં ફાયર એનઓસી રીન્યુ ન કરાવવા, બધા સાધનો એકટીવ સ્થિતિમાં ન હોવા, સલામતીમાં બેદરકારી સહિતના મુદ્દા તપાસીને જવાબદારો સામે ગમે ત્યારે ગુનો દાખલ કરવામાં આવશે તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

હાલ ટાઉન પ્લાનિંગ વિભાગે કરેલી સ્થળ તપાસ બાદ બે બિલ્ડીંગના પ્લાન અને કમ્પલીશન સર્ટીફીકેટ મુજબનું જ સ્થળ પર બાંધકામ હોવાનું દેખાયું છે. આથી ટીપી શાખાને લગતી કોઇ બેદરકારી પ્રાથમિક તપાસમાં લાગી નથી. પરંતુ ફાયર એનઓસી રીન્યુ ન થયાનું રેકર્ડ પર હોય આ દિશામાં ઉંડી તપાસ આગળ વધી રહી છે. મનપા આજે અથવા મોડામાં મોડુ કાલે પોતાના રીપોર્ટ આપી દે તેમ માનવામાં આવે છે. તો વીજ કંપની પાસે પણ પોલીસે રીપોર્ટ માંગ્યો છે.

એટલાન્ટિસ આગ દુર્ઘટના બાદ તંત્ર દ્વારા તમામ મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. આ વૈભવી રહેણાંક એપાર્ટમેન્ટમાં વાસ્તવમાં માત્ર બે જ બિલ્ડીંગ છે. બીગ બાઝાર સામેના રોડ પર પડતા બિલ્ડીંગ પાછળના ભાગે રહેલા બીજા યુનિટને બી, સી અને ડી વિંગ એમ ભાગ પાડવામાં આવ્યા છે. ટીપીના રેકર્ડ પર રહેલા પ્લાન મુજબ જ બે બિલ્ડીંગે છે અને ૨૦૧૪માં તેનું કમ્પલીશન આપવામાં આવેલું છે. આ રીતે પ્લાન મુજબ જ આ બિલ્ડીંગ ઉભુ કરવામાં આવ્યું છે. કોઇ ગેરકાયદે બાંધકામ નથી અને આ પ્રોજેકટને ૧૫૦ ફુટ રોડ પર વધુ એફએસઆઇ પણ મળવાપાત્ર રહે છે તેવું ટીપીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

બીજી તરફ પોલીસે ફાયર બ્રિગેડમાંથી પણ વિગતો માંગી છે. ૨૦૧૪માં ફાયર સાધનો મૂકીને એનઓસી લેવામાં આવ્યું હતું. પરંતુ તે બાદ રીન્યુ કરવામાં આવ્યું નથી. આ ગંભીર બેદરકારીનો રીપોર્ટ મનપા એક-બે દિવસમાં પોલીસને સોંપે તેમ છે. તો પીજીવીસીએલ પાસે પણ શોર્ટ સર્કિટ કે લોડ વધારા અંગે રીપોર્ટ માંગવામાં આવ્યો છે. આ તમામ રીપોર્ટ બાદ જો બિલ્ડીંગ એસો.ની જવાબદારી સાબિત થાય તો ગુનો નોંધવામાં આવે તેવા સંકેત પોલીસે આપ્યા છે.

એટલાન્ટિસની બન્ને વીંગના અને બીયુ સર્ટી કાયદેસર હોવાનું ખુલતા હવે ફાયર એનઓસી રિન્યુ ન થયેલ હોય તે મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. આ બિલ્ડીંગમાં છઠ્ઠા માળે લોબીમાં ધૂળેટીના દિવસે સવારે ભભૂકી ઉઠેલી આગમાં ત્રણ યુવાનોના મૃત્યુ નિપજયા હતા, જયારે અન્ય દાઝી ગયા હતા. આ કેસની માલવિયાનગર પોલીસે તપાસ જારી રાખી મ્યુનિસીપલ કમિશ્નરને પત્ર લખી કેટલીક માહિતી મંગાવી છે, જે મળી ગયા બાદ જવાબદારો સામે ગુનો દાખલ થાય તેવી સંભાવના છે. હાલ તો શોર્ટ સર્કિટનું કારણ આગળ દેખાઇ રહ્યું છે. આ બન્ને વીંગની ફાયર એનઓસી એક્સપાયર થયાને ૧૦ વર્ષ વીતી ગયા છે. પરંતુ એસો.એ રીન્યુ કરાવ્યું નથી. આ એનઓસી રિન્યુ કરવા કાર્યવાહી ન થતા બે વખત નોટીસ આપવામાં આવી હતી. છતાં સોસાયટી દ્વારા પ્રમાણપત્ર લેવા કાર્યવાહી થઇ હતી.

### રીઝર્વ બેન્કની 'હળવાશ' સામે હવે નવો પ્રશ્ન

# છૂટક ફુગાવો ઘટયો તો જથ્થાબંધ ભાવાંક વધ્યા

## ફેબ્રુઆરીનો જથ્થાબંધ ફુગાવો ૨.૩૧%માંથી ૨.૩૮% થયોઃ વિજ–ઈંધણના ભાવમાં વધારો

નવી દિલ્હીઃ છુટક ફુગાવો આ માસમાં ઘટયો તેની થોડી રાહત મળી ત્યાંજ ફેબ્રુઆરી માસના જથ્થાબંધ ફુગાવામાં વધારો થયો છે. ખાસ કરીને ઈંધણ અને વિજ કેટેગરીમાં ફુગાવાની અસર જોવા મળી છે અને ફેબ્રુઆરી ૨૦૨૫નો ફુગાવો ૨.૩૧ માંથી ૨.૩૮% નાંખતા હવે તેની ચાલ પર રીઝર્વ બેન્કની પણ નજર હશે. ક્રુડ ફયુલ અને પાવરનો ફુગાવો ૨.૧૨% વધ્યો છે. તેમાં વિજદરમાં ૪.૨૮%ના અને મીનરલ વોટરના ભાવમાં ૧.૮૭%નો વધારો થતા આ દર ઉંચા ગયા છે. જયારે ઉત્પાદકીય પ્રોડકટના ભાવ૦.૪૨% વધ્યા છે. ખાસ કરીને મીનરલ અને કેમીકલના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો છે. જો કે ખાદ્ય ફુગાવો જે ૭.૪૭% માંથી ૫.૯૫% થયો છે. જેરીતે રીટેલ ફુગાવો નીચો આવ્યો તેનાથી રીઝર્વ બેન્ક દ્વારા વ્યાજદર




ઘટાડાનો એક રાઉન્ડ આવશે તેવી આશા છે પણ હવે જથ્થાબંધ ફુગાવાના દરમાં વધારાએ તેમાં નવા પ્રશ્નો ઉભા કર્યા છે.

### પીળા પાણી વિતરણના મોટા કકળાટ વચ્ચે ૨૫% ફરિયાદો રેકર્ડ પર જ પેન્ડીંગ!

# દુષિત પાણીની અધધ ૬૫૮ ફરિયાદ : ઉનાળામાં ધાંધીયા ચાલુ

## જરા પણ પાણી ન મળવા, ધીમા દબાણની પણ રાવ વધી : પાઇપલાઇન લીકેજની ફરિયાદ પણ ઉકેલાતી નથી : આવતા મહિને શું થશે?

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં ઉનાળાની શરૂઆત થઇ જતા જળ માંગમાં થોડો વધારો થઇ રહ્યો છે. હવે એપ્રિલ માસથી નર્મદા કેનાલ બે મહિના માટે બંધ થવાની હોય, પાણીની ચિંતા વચ્ચે પાણીની સપ્લાયમાં ધાંધીયા વધી રહ્યાનું દેખાઇ રહ્યું છે. તેમાં પ્રદુષિત પાણીની ફરિયાદો વધીને યથાવત જ રહેતી હોવાનું ચિત્ર પણ ઉપસી રહ્યું છે.

મહાપાલિકાના કોલ સેન્ટરમાં નોંધાતી વોટર વર્કસ વિભાગને લગતી ફરિયાદોના આંકડામાં પણ ઉનાળામાં વધારો થઇ રહ્યો છે તે અનુસાર ચાલુ મહિનાની તા.૧થી ૧૬ માર્ચ દરમ્યાન કોલ સેન્ટરમાં વોટર વર્કસ વિભાગને લગતી ૨૨૮૫ જેટલી ફરિયાદ નોંધાઇ છે. તેમાં સૌથી વધુ પ્રદુષિત પાણીની ૬૫૮ ફરિયાદનો સમાવેશ થાય છે. તાજેતરમાં ન્યુ રાજકોટમાં દુષિત પાણીની ફરિયાદો વધી છે. સૌની યોજના હેઠળ નવા આવેલા પાણીના કારણે પીળુ પાણી આવતું હોવાની બૂમ છે. પરંતુ માત્ર વેસ્ટ ઝોન નહીં, સેન્ટ્રલ અને ઇસ્ટ ઝોનના ઘણા વોર્ડમાં પણ આવી ફરિયાદો આવી રહી છે. નવાઇની વાત એ છે કે ૫૧૨ ફરિયાદના ઉકેલ બાદ દુષિત પાણીની ૧૪૬ ફરિયાદ હજુ તંત્ર ઉકેલી શકયું નથી!

જાણવા મળ્યા મુજબ બીજા ક્રમે સૌથી વધુ ફરિયાદો કોર્પો.ની પાઇપલાઇન લીકેજની છે. આવી ૪૬૭ ફરિયાદ જુદા જુદા વોર્ડ અને વિસ્તારોમાંથી આવેલી છે. તે પૈકી ૧૨૦ ફરિયાદ તો પેન્ડીંગ છે. પાણી ચોરી માટે ડાયરેકટ પમ્પીંગની ૧૨, ભૂતિયા નળ જોડાણની ૬, ઓછું પાણી મળવાની ૫૮, ધીમા ફોર્સની ૩૧૦, જરા પણ પાણી નહીં મળ્યાની ૩૯૫ ફરિયાદો લોકોએ કરી છે.

વાલ્વ ચેમ્બરને નુકસાન થયાની ૨૧, વાલ્વ લીકિજની ૩૭, લાંબા સમય સુધી વાલ્વ ખુલ્લા રહેતા પાણીના બગાડની ૨૧ ફરિયાદો કોલ સેન્ટરમાં નોંધાઇ છે. આ પૈકી ધીમા દબાણની ૯૩, જરા પણ પાણી નહીં મળ્યાની સવાસો ફરિયાદો હજુ



મનપા તંત્ર ઉકેલી શકયું નથી. ઉનાળાના પ્રારંભે જ આવી હાલત થઇ છે. હવે આવતા મહિને નર્મદા નીર બંધ થવાના છે ત્યારે પાણીને લગતી ફરિયાદો કયાં જઇને અટકશે તે અત્યારથી ચિંતા વધારતો મુદ્દો બન્યો છે.

# તા.૨૩ ના લેવાશે 'ગુજકેટ':રાજકોટ સહિત રાજયમાં ૧.૨૯ લાખ વિદ્યાર્થીઓ

## રાજકોટમાં ૯૪૩૯ છાત્રો માટે ૪૭ શાળાઓની બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થાઃ વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને સોંપાતી વિશેષ જવાબદારીઃ તૈયારીઓને આખરી ઓપ

રાજકોટ તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડીગ્રી ઈજનેરી, ડીગ્રી ડીપ્લોમાં ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આગામી તા.૨૩ ને રવિવારે ગુજકેટ (કોમન એન્ટરન્સ ટેસ્ટ)ની પરીક્ષા આયોજીત કરવામાં આવી છે.આ અંગેનો એકશન પ્લાન શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરી દેવામાં આવેલ છે.

રાજકોટ સહીત રાજયભરમાં ૧,૨૯,૭૦૬ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. રાજયમાં સીસી ટીવી કેમેરાથી સજજ ૬૩૮ બિલ્ડીંગો અને તેના ૬૫૪૯ બ્લોકમાં આ પરીક્ષા માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં રાજકોટમાં ૯૪૩૯ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે.

રાજકોટમાં શાળાઓની ૪૭ બિલ્ડીંગો અને તેના ૪૭૪ બ્લોકમાં ગુજકેટ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજકોટમાં એ ગ્રુપના ૪૨૩૦, બી ગ્રુપના ૫૧૯૪, અને એબીગ્રુપનાં ૧૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આ પરીક્ષામાં કુલ ત્રણ પેપર લેવામાં આવશે. જેમાં સવારનાં ૯-૩૦ કલાકે વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં એન્ટ્રી આપવામાં આવશે.પ્રથમ સેશનમાં ફીઝીકસ અને કેમેસ્ટ્રીનું બીજા સેસનમાં બપોરના ૧૨-૩૦ કલાકથી બાયોલોજી અને ત્રીજા સેશનમાં બપોરના ૨-૩૦ કલાકથી ગણિત વિષયનું પેપર લેવામાં આવશે. રાજકોટમાં ૪૭ કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવનાર હોય વર્ગ-૧ અને ૨ ના ૪૭ અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

# હવે જીલ્લા પંચાયતના નવનિર્માણનું કામ આગળ વધશેઃ શાસકોનું પણ છેવટે કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર

રાજકોટ જીલ્લા પંચાયતની વર્તમાન કચેરીને તોડીને નવી આધુનિક ઈમારત બાંધવાનો પ્રોજેકટ બે વર્ષ પુર્વે હાથ ધરાયો હતો. સરકારી મંજુરી બાદ ડીઝાઈન-પ્લાન વગેરેમાં મહિનાઓ લાગ્યા હતા.એકાદ વર્ષ પૂર્વે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને ટેન્ડર મંજુર કરી દેવાયું હતું. પરંતુ ત્યારબાદ બિલ્ડીંગ ખાલી કરવામાં ભારે વિલંબ થયો હતો.વહિવટી શાખાઓને અંદાજીત છ માસ પૂર્વે વૈકલ્પિક જગ્યાએ ખસેડી દેવામાં આવી હતી. પરંતુ યોગ્ય કેબીન-ચેમ્બરોનાં વાંકે પદાધિકારીઓના ડેરા તંબુ જુના બિલ્ડીંગમાં જ હતા.એટલે બિલ્ડીંગને સંપૂર્ણ રીતે જમીનદોસ્ત કરી શકાતુ ન હતું. નવા અદ્યતન બિલ્ડીંગ માટે ટેન્ડર મંજુર કરાવ્યાને એક વર્ષ પુરૂ થઈ ગયુ છે. હવે છેક બિલ્ડીંગ સંપૂર્ણ ખાલી થઈ શકયુ છે. બે ત્રણ દિવસની રજામાં પ્રમુખથી માંડીને તમામ પદાધિકારીઓની કચેરીનું ફર્નીચર ખસેડીને કોર્ટ બિલ્ડીંગમાં મુકી દેવાયું હતું. આજે તમામ પદાધિકારીઓ નવા સ્થળે આરૂઢ થયા હતા.પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ શ્રીફળ વધેરીને શુકન કર્યા હતા. ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, આરોગ્ય સમિતિના ચેરમેન લીલાબેન ઠુમ્મર, સદસ્ય પ્રતિનિધિ મુકેશ તોગડીયા, નાથાભાઈ વાસાણી વગેરે હાજર હતા.









તસ્વીરઃ પંકજ શિશાંગીયા

# કોઠારીયામાં ૩૫ મકાનોના ડીમોલીશન માટે નોટીસ, વૈકલ્પિક વ્યવસ્થા કરવા અસરગ્રસ્તો દ્વારા કલેકટર તંત્ર સમક્ષ ધા

## ડીમોલીશન પર રોક લગાવવા માટે અપાયુ આવેદનપત્રઃ મામલતદાર તંત્ર પર ભેદભાવ રખાતો હોવાના આક્ષેપો

રાજકોટ તા.૧૭

શહેરના કોઠારીયા વિસ્તારમાં સરકારી જમીન પર ખડકાયેલા ૩૫ જેટલા મકાનોના ડીમોલીશન માટે તાલુકા મામલતદાર દ્વારા નોટીસો ફટકારાતા અસરગ્રસ્તોએ આજે કલેકટર કચેરી ખાતે દોડી આવી આ મામલે કલેકટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી.

જેમાં રહેણાંક માટે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવાની માંગણી ઉઠાવી ડીમોલીશન પર રોક લગાવવા અસરગ્રસ્તોએ માંગણી ઉઠાવી હતી. તેની સાથોસાથ ડીમોલીશનની નોટીસો આપવામાં તાલુકા મામલતદાર દ્વારા ભેદભાવ રખાતો હોવાનો પણ તેઓએ આક્ષેપ કર્યો હતો.



આ અંગે ભૂપતભાઈ વશરામભાઈ નામના અરજદારે જણાવ્યું હતું કે તેઓ સહિતના ૩૫ જેટલા ગરીબ પરિવારો વર્ષોથી કોઠારીયામાં વસવાટ કરી રહ્યા છે.

તેઓ મજૂરી કરી તેમના પરિવારનું જીવન ગુજરાન ચલાવી રહ્યા છે. તેમજ આગામી સમયમાં તેમના બાળકોની પરીક્ષા પણ આવી રહી છે. હાલ કાળઝાળ ગરમી પડી રહી છે.

ત્યારે ડીમોલીશન પર રોક લગાવવામાં આવે તે અતી આવશ્યક છે જો ડીમોલીશન કરવામાં આવશે તેમના માથે ઉપર આભ અને નીચે ધરતી જેવા પરિસ્થિતિનું નિર્માણ થશે. જેથી તેઓના રહેણાંક માટે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવા તેઓએ માંગણી ઉઠાવી હતી.

તેની સાથોસાથ અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે કોઠારીયામાં આ સરકારી જમીન પર પાંચ જેટલા ઈંટોના ભઠ્ઠાઓ પણ ધમધમી રહ્યા છે. આ ભઠ્ઠાધારકો પ્રત્યે તંત્ર કુણુ વલણ અપનાવી રહ્યાનો પણ તેઓએ આક્ષેપ કર્યો હતો. અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે તેઓના રહેણાંક માટે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવા તેઓએ જણાવેલ હતું.

# ગ્રાહકનો સિબિલ ખરાબ કરવાનો મામલો : હાઈકોર્ટે રાજકોટ નાગરિક બેંક અને RBIને નોટીસ ફટકારી

## વડી અદાલતે જવાબ રજૂ કરવા હુકમ કર્યો : નાગરિક બેંક સામે આરબીઆઈ કાયદેસર પગલાં ભરે તેવી અરજદારના વકીલની માંગણી

રાજકોટ, તા.૧૭

રાજકોટ નાગરિક બેંક હાલમાં જ એક વિવાદમાં. આવી હતી. જેમાં એક વ્યક્તિએ પોતે કોઈ લોનમાં જામીન ન હોવા છતાં બેંકે નોટિસ મોકલી અને તે કારણે તેમનો સિબિલ ખરાબ થતા અન્ય લોન ન મળી તેવો આક્ષેપ કરેલો. આ અંગે હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરાઈ હતી. જેમાં હાઇકોર્ટે રાજકોટ નાગરિક બેંક અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને નોટિસ ફટકારી છે. વડી અદાલતે જવાબ રજૂ કરવા હુકમ કર્યો છે. આ તરફ નાગરિક બેંક સામે આરબીઆઈ કાયદેસર પગલાં ભરે તેવી અરજદારના વકીલએ માંગણી પણ કરી હતી.

આ મામલાની વિગત એવી છે કે, તાજેતરમાં પ્રવિણભાઈ મોહનભાઈ રાઠોડ (રહે.રાજકોટ) મીડિયા સમક્ષ આવેલા અને તેઓને રાજકોટ નાગરિક બેંક દ્વારા થતી પરેશાની, હાલાકીની વ્યથા વર્ણવી આક્ષેપો કર્યાં હતા. તેમણે જણાવેલ કે, એકાઉન્ટ હોલ્ડરને જાણ કર્યા વિના બારૈયા અલ્પેશ કેશુભાઈ નામે વ્યક્તિની લોનમાં તેઓને જામીનદાર તરીકે ઉમેરી દેવાયાં



હતા. તે લોન ન ભરાતી હોવાથી પ્રવિણભાઈને નોટિસ મળતા વર્ષ ૨૦૧૯થી તેઓ બેંક સામે ફરિયાદ કરતા આવ્યા છે. છેલ્લે જ્યારે રિઝર્વ બેંકમાં ફરિયાદ કરી હતી ત્યારે રાજકોટ નાગરિક બેંકે તેઓની લેખિતમાં માફી માંગી હતી. જોકે બેંકની આ ભૂલના કારણે પ્રવીણભાઈનો સિબિલ ખરાબ થઈ ગયો હતો. જે બેંકે સુધારી આપવા પણ ખાત્રી આપેલી. તાજેતરમાં પ્રવિણભાઈ એક લોન લેવા ગયા. બહુમાળીમાં સરકારી વિભાગમાં લોન મૂકી હતી. તેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી. પણ બેંકનાં અધિકારીઓ વિઝીટ માટે ન આવતા પ્રવીણભાઈએ તપાસ કરાવતા તેમને જાણ થઈ હતી કે, તેઓનો સિબિલ સ્કોર ખરાબ છે. જેથી લોન નથી થઈ. પ્રવિણભાઈએ બેંક ચેરમેન સાથે પણ વાત કરી હતી. નાગરિક બેંકે સિબિલ સુધરી ગયો હોવાનો લેટર કાઢી આપેલ. જોકે થોડા ટાઈમ પછી પ્રવિણભાઈએ પોતાની રીતે સિબિલ ચેક કરાવતા સિબિલ સુધર્યો નહોતો. આ હેરાનગતિથી કંટાળી અંતે પ્રવિણભાઈએ હાઇકોર્ટના દ્વારે ઘા નાખ્યો હતો. તેઓએ રાજકોટ નાગરિક બેંક અને આરબીઆઈ સામે પિટિશન દાખલ કરી હતી. જેમાં અરજદારના એડવોકેટ પ્રશાંત ચાવડાએ દલીલો કરી હતી. અરજદારની રજુઆત એવી હતી કે, તેમનો સિબિલ સ્કોર સુધારી આપવામાં આવે અને આરબીઆઈને સૂચના કરી રાજકોટ નાગરિક બેંક વિરુદ્ધ કાયદેસરના પગલાં લેવામાં આવેલ. હાલ હાઈકોર્ટે પિટિશન અને તેમાં થયેલી ધ્યાને લઈ રજુઆત ધ્યાને લઈ રાજકોટ નાગરિક બેંક અને આરબીઆઈને જવાબ રજૂ કરવા હુકમ કર્યો છે. આ કેસમાં અરજદાર તરફેણ ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ પ્રશાંત ચાવડા રોકાયેલ છે.

# અશાંતધારાને હાઈકોર્ટમાં પડકારઃ સરકારને નોટીસ

## જુદા-જુદા માપદંડના પાલન વિના જ જાહેરનામા જારી થતા હોવાથી રદ કરવા માંગઃ ૨૫મીએ સુનાવણી

અમદાવાદ તા.૧૭

રાજકોટ સહિત રાજયના જુદા-જુદા શહેરોમાં સરકાર દ્વારા જાહેર કરાતા અશાંતધારાનો મામલો હવે હાઈકોર્ટમાં પહોંચ્યો છે. સરકારે આણંદના જુદા-જુદા વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડતા તેને ગેરકાયદે હોવાની દલીલ સાથે રદ કરવાની માંગ કરવામાં આવી છે. આ મામલે અદાલતના ચુકાદા પર નજર રહે તેમ છે અને તેની દુરગામી અસરો થઈ શકે તેમ છે.

રાજ્યના આણંદ શહેરમાં આવેલા અલગ અલગ વિસ્તારોને અશાંત ધારા હેઠળ જાહેર કરવામાં સરકારનાં જાહેરનામાને પડકારતી પીટીશન ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવતા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદી ની ખંડ પીઠે રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓને નોટિસ જાહેર કરીને વધુ સુનાવણી તારીખ ૨૫ માર્ચના રોજ રાખી છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે રાજ્ય સરકાર દ્વારા અશાંત ધારા હેઠળ મૂકવાના જુદા જુદા ક્રાઈટેરિયાને પાલન કરવામાં આવ્યું નથી અને ગેરકાયદેસર રીતે આ જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હોવાથી તેને રદબાતલ ઠેરવવા જોઈએ. આ વિસ્તારોમાં પાછળ પાંચ વર્ષમાં કોઈ કોમી રમખાણો થયા નથી

કેસની વિગતો મુજબ અરજદાર અને સામાજિક કાર્યકર કિરણકુમાર સોલંકી ના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે સરકારના મહેસૂલ વિભાગ દ્વારા અશાંત ધારા હેઠળ તા.૧૩-૧-૨૦૨૫ના જાહેરનામા મારફતે આણંદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોને આગામી પાંચ વર્ષ માટે ડિસ્ટર્બ એરિયા હેઠળ જાહેર કરવામાં આવ્યા છે. જો કે, સરકારના સત્તાવાળાઓનું આ જાહેરનામું ગેરકાયદે અને અયોગ્ય છે. કારણ કે, તેનાથી લોકોના બંધારણીય અને મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે.

સત્તાવાળાઓ દ્વારા ગુજરાત પ્રોહીબીશન ઓફ ટ્રાન્સફર ઓફ ઇમુવેબલ પ્રોપર્ટી એન્ડ પ્રોવીઝન ફોર પ્રોટેકશન ઓફ ટેનાન્ટ્સ ફ્રોમ એવીકશન ફ્રોમ પ્રિમાઈસીસ ઇન ડિસ્ટર્બ એરિયા એકટ-૧૯૯૧ અન્વયે આ જાહેરનામું જારી કરવામાં આવ્યું છે પરંતુ આરટીઆઈ હેઠળની માહિતીમાં એ હકીકત સામે આવી છે કે, સત્તાવાળાઓ દ્વારા જે વિસ્તારોને ડિસ્ટર્બ એરિયા જાહેર કરાયા છે તે વિસ્તારોમાં છેલ્લા પાંચ વર્ષમાં કોઇ જ કોમી રમખાણો કે તોફાનો થયા નથી. આમ, યાંત્રિક કે બીબાઢાળ રીતે કોઇપણ પ્રકારે આવા ડિસ્ટર્બ એરિયા જાહેર કરી શકાય નહી.

સત્તાવાળાઓના આ પ્રકારના વગર વિચાર્યા નિર્ણયોના કારણે સ્થાનિક લોકો ભયમાં મૂકાય છે અને આ વિસ્તારોમાં આવતા રોકાણો પણ અટકે છે. સાથે સાથે સ્થાનિક નાગરિકોના બંધારણીય અધિકારોનું પણ હનન થાય છે, તેથી હાઇકોર્ટે સરકારના વિવાદીત જાહેરનામાને અયોગ્ય, ગેરકાયદે અને રદબાતલ જાહેર કરવું જોઇએ.

### અમેરિકાનાં પોડકાસ્ટર લેકસ ફ્રીડમેનને આપેલી લાંબી મુલાકાતમાં પીએમએ અનેક મુદાઓ પર છણાવટ કરી

# ગોધરાકાંડ બાદ દંગાને લઈને ખોટી વાર્તા ઘડી મને સજા અપાવવાની કોશિશ થયેલીઃ મોદી

## દુનિયા કંઈપણ કરી લે, ભારત વિના એઆઈ અધુરૂં: ભારત અને ચીન વચ્ચે મતભેદ સ્વાભાવિક પણ મજબૂત સહયોગ એકબીજાનાં હિતમાઃ મેં કયારેય એકલાપણું નથી અનુભવ્યુંઃ એક મોદી છે ને બીજો ઈશ્વર, ભગવાન મારી સાથે રહે છે, મારા માટે જનસેવા એ જ પ્રભુસેવા, મને ઈશ્વર અને ૧૪૦ કરોડ ભારતીયોનું સમર્થન છેઃમોદી

નવી દિલ્હી તા.૧૭

દેશના વડાપ્રધાન મોદીએ અમેરિકાનાં જાણીતા પોડકાસ્ટર લેકસ ફીડમેન સાથે લાંબી વાતચીત કરી હતી.આ પોડકાસ્ટમાં તેમણે જીવન, શિક્ષણ, રાજકીય સફર, ઉપવાસ, વર્તમાન રાજકીય સ્થિતિ સહિત અનેક મુદ્દે છણાવટ કરી હતી. આ મુલાકાતમાં મોદીએ ખાસ કરીને ગુજરાતના ગોધરાકાંડને લઈને પૂછાયેલા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે તેમાં એક ખોટી વાર્તા ઘડી કાઢવાની કોશીશ થઈ કેન્દ્રમાં સતા પર બેઠેલા રાજનીતિ વિરોધીઓ ઈચ્છતા હતા કે મને સજા મળે પણ અદાલતે મને નિર્દોષ ઠેરવ્યો, જો ૨૦૦૨ પહેલાનાં આંકડાની સમીક્ષા કરીએ તો જાણવા મળશે ગુજરાતમાં સતત દંગા થયા હતા. પણ ૨૦૦૨ બાદ દંગા નથી થયા છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં શાંતિ છે. અમારો મંત્ર રહ્યો છે-સબ કા સાથ સબ કા વિકાસ

**દૂનિયા કંઈપણ કરી લે ભારત વિના એઆઈ અધુરાઃ**

ભારત એઆઈના ક્ષેત્રમાં નેતૃત્વ કેવી રીતે હાંસલ કરે તેવા પ્રશ્નના જવાબમાં મોદીએ જણાવ્યું હતું કે ભારતના સહયોગ વિના એઆઈ અધુરો રહેશે. કાયમી રીતે મગજ વિના એઆઈ કાયમી રીતે પ્રગતિ ન કરી શકે.મારૂ માનવુ છે કે એઆઈ વિકાસના એક સહયોગ છે.

**ચીનની સાથે સંવાદ અને મિત્રતાને કેવો દ્રષ્ટિકોણથી જુઓ છોઃ**

વડાપ્રધાને ઉપરોકત પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે હું માનું છું કે ભારત અને ચીન વચ્ચે મતભેદ સ્વાભાવિક છે. પણ મજબુત સહયોગ બન્ને પડોશીઓના હિતમાં છે અને આ વૈશ્વિક સ્થિતિ માટે જરૂરી છે. ભારત અને ચીન સીમા પર ૨૦૨૦ માં વાસ્તવિક નિયંત્રણ રેખા પર અથડામણોથી અગાઉની સ્થિતિઓને બહાલ માટે કામ કરી રહ્યા છીએ.

**ભારત-પાકિસ્તાન વચ્ચે શાંતિનો રસ્તોઃ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે મિત્રતા અને શાંતિનો કયો રસ્તો આપ જુઓ છો તેવા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે પાકિસ્તાનની સાથે દ્વિપક્ષીય સંબંધ સુધારવાનો મારો પહેલો પ્રયાસ સદભાવના સંકેત હતો. જયારે મેં નવાઝ શરીફને શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ મોકલ્યુ હતું આ કુટનીતિક પગલૂ હતુ. જે દાયકાઓમાં નહોતું જોવા મળ્યુ જેમણે વિદેશ નીતિ પ્રત્યે મારા દ્રષ્ટિકોણ પર સવાલ ઉઠાવ્યા હતા. તેઓ પણ તે સમયે અચંબિત થઈ ગયા હતા.

મારૂ માનવુ છે કે પાકિસ્તાનનાં લોકો પણ શાંતિ ઈચ્છે છે કારણ કે તેઓ પણ સંઘર્ષ, અશાંતિમાં રહીને થાકી ગયા હશે.

**શું ટ્રમ્પના કહેવા મુજબ આપ તેમની સાથે વધુ બહેતર મોલભાવ કરો છોઃ**



આ પ્રશ્નના જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે હું નથી જાણતો કે તેમના મોલભાવનો શું મતલબ હતો પણ તેઓ હંમેશા ભારતની સાથે સંબંધોને લઈને પ્રસંસા કરે છે.

**આવડી મોટી લોકશાહીમાં ચૂંટણી જીતવા શું કરવુ પડે છે?**

આ પ્રશ્નના જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે હુ ભારતના તટસ્થ અને સ્વતંત્ર ચૂંટણી પંચની પ્રસંસા કરૂ છું.

**શું તમે કયારેય એકલતા અનુભવી છે?**

આ પ્રશ્નના જવાબમાં પીએમે કહ્યું હતુંકે હું વન પ્લસ વનના સિધ્ધાંતમાં માનું છુ.

એક મોદી છે અને બીજો ઈશ્વર હું કયારેય એકલો નથી હોતો કારણ કે ભગવાન હંમેશા મારી સાથે રહે છે. મારા માટે જનસેવા જ પ્રભુ સેવા છે મને ઈશ્વર અને ૧૪૦ કરોડ ભારતીયોનું સમર્થન મળેલુ છે.

## મેં જીવનનો પહેલો ઉપવાસ ગૌરક્ષા માટે કર્યો હતો

પોડકાસ્ટમાં મોદીએ પોતાના જીવન, શિક્ષણ, રાજકીય સફર, ઉપવાસ, વર્તમાન રાજકીય સ્થિતિ અને અન્ય મુદ્દાઓ પર છણાવટ કરી હતી. લેક્સ ફ્રિડમેન સાથે પોડકાસ્ટમાં ઉપવાસ અંગે પણ વાત કરી હતી.

લેક્સ ફ્રિડમેન: ''હું છેલ્લા ૪૫ કલાકથી ઉપવાસ કરી રહ્યો છું, લગભગ બે દિવસ થઈ ગયા છે. હું ફક્ત પાણી પી રહ્યો છું. મેં આ તમારા અને અમારી વાતચીતના સન્માનમાં કર્યું છે જેથી અમે આધ્યાત્મિક રીતે વાત કરી શકીએ...''

આના વળતા જવાબમાં, પીએમ નરેન્દ્ર મોદીએ જવાબ આપ્યો, ''આ અદ્ભુત અને મારા માટે સન્માનની વાત છે. હું તમારા આ વિચારશીલ વર્તન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. ભારતની ધાર્મિક માન્યતાઓ જીવન જીવવાની એક રીત છે... આ આંતરિક તેમજ બાહ્ય સુખાકારી માટે ખૂબ જ ફાયદાકારક છે... ઉપવાસ તમારા વિચારોને તીક્ષ્ણ બનાવે છે અને તમારા વિચારોમાં નવીનતા લાવે છે... મેં મારો પહેલો ઉપવાસ ત્યારે કર્યો જ્યારે સમગ્ર રાષ્ટ્ર મહાત્મા ગાંધીની ઈચ્છા મુજબ 'ગૌરક્ષા' માટે એક દિવસ ઉપવાસ કરતો હતો...''

## RSS પાસેથી જીવનનો સાર-મૂલ્યો શિખ્યાઃ દેશની સેવા જ એકમાત્ર ધ્યેય હતો

નવીદિલ્હી,તા.૧૭

પીએમ નરેન્દ્ર મોદીએ લેક્સ ફ્રીડમેન સાથેના પોડકાસ્ટમાં RSS સાથેના તેમના જોડાણ વિશે વાત કરી છે. તેમણે કહ્યું, 'હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મેં RSS જેવા પ્રતિષ્ઠિત સંગઠન પાસેથી જીવનનો સાર અને મૂલ્યો શીખ્યા. મને એક હેતુપૂર્ણ જીવન મળ્યું.' તેમણે કહ્યું કે, 'બાળપણમાં તેમને હંમેશા RSSની બેઠકોમાં હાજરી આપવાનું ગમતું. મારા મનમાં હંમેશા એક જ ધ્યેય રહેતો હતો, દેશની સેવા કરવી. સંઘે મને આ શીખવ્યું. આ વર્ષે RSS ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. વિશ્વમાં RSS થી મોટી કોઈ સ્વૈચ્છિક સંસ્થા નથી.'

પીએમ મોદીએ કહ્યું, 'આરએસએસને સમજવું એ સરળ કાર્ય નથી. તેની કામગીરી સમજવી પડશે. તે તેના સભ્યોને જીવનમાં હેતુ આપે છે. તે શીખવે છે કે રાષ્ટ્ર જ બધું છે અને સમાજ સેવા એ ભગવાનની સેવા છે. આપણા વૈદિક સંતો અને સ્વામી વિવેકાનંદે જે શીખવ્યું છે, સંઘ પણ એ જ શીખવે છે. શિક્ષણમાં ક્રાંતિ લાવવા માટે RSSના કેટલાક સભ્યોએ વિદ્યા ભારતી નામની સંસ્થા શરૂ કરી. તેઓ દેશભરમાં લગભગ ૨૫ હજાર શાળાઓ ચલાવે છે. આ શાળાઓમાં એક સમયે ૩૦ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ડાબેરીઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવતી મજૂર ચળવળને 'વિશ્વના કામદારો, એક થાઓ! કહેવામાં આવતું હતું.' જ્યારે RSSનું મજૂર સંગઠન 'કામદારો, દુનિયાને એક કરો! ના નારા લગાવે છે.'

નરેન્દ્ર મોદીએ કહ્યું કે બાળપણથી જ કંઈક ને કંઈક કરતા રહેવું એ મારો સ્વભાવ હતો. તેમણે કહ્યું, 'અમારા ઘરે એક વ્યક્તિ આવતો હતો જે ડફલી જેવી વસ્તુ લઈને આવતો હતો અને દેશભક્તિના ગીતો ગાતો હતો.' તેનો અવાજ ખૂબ જ સારો હતો. તેમના કાર્યક્રમો અલગ અલગ સ્થળોએ યોજાયા હતા. હું પાગલની જેમ તેમની વાતો સાંભળવા જતો. હું આખી રાત દેશભક્તિના ગીતો સાંભળતો હતો. મને એમાં મજા આવતી હતી.

## મોદી પ્રેસ કોન્ફરન્સ કરતા ડરે છે પણ ...કોંગ્રેસનો પ્રહાર

નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસે વડાપ્રધાન મોદી સામે નિશાન તાકતાં કહ્યું કે પાખંડની કોઈ મર્યાદા નથી હોતી. પીએમ મોદીએ ક્યારેય કોઈ પ્રેસ કોન્ફરન્સ નથી કરી પણ એક અમેરિકન પોડકાસ્ટર સામે બેસવામાં તે સહજ મહેસૂસ કરે છે.



ઉલ્લેખનીય છે કે અમેરિકાના પોડકાસ્ટર અને કમ્પ્યૂટર વૈજ્ઞાનિક લેક્સ ફ્રીડમેન સાથે ત્રણ કલાકથી વધુ સમય સુધી ચાલેલા પોડકાસ્ટમાં વડાપ્રધાન મોદીએ વિદેશ બાબતોના અનેક મુદ્દાઓ પર વાતચીત કરી હતી અને તેમની જીવનયાત્રાના વિવિધ પાસાઓ અંગે પણ ચર્ચા કરી.

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પોડકાસ્ટ અંગે પ્રતિક્રિયા આપતાં ટીકાને લોકતંત્રનો આત્મા ગણાવવા બદલ વડાપ્રધાન મોદી સામે નિશાન તાક્યું.

જયરામ રમેશે પીએમ મોદી પર એવા સંસ્થાનોના આત્માને ખતમ કરી દેવાનો આરોપ લગાવ્યો જે તેમની સરકારને જવાબદાર ઠેરવતી હતી. પીએમ મોદી ટીકાકારોથી હંમેશા બદલો લેવાની ભાવના ધરાવે છે. જે વ્યક્તિ પ્રેસ કોન્ફરન્સમાં મીડિયાનો સામનો કરતા ડરે છે તે એક વિદેશી પોડકાસ્ટર સામે પોતાની જાતને સહજ મહેસૂસ કરે છે.

# ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન સામેની પહેલી T-20 મેચ ૬૧ બોલમાં જીતીઃ ૯૨ રનનો લક્ષ્યાંક એક વિકેટ ગુમાવીને હાંસલ કર્યો, ડફીએ ૪ વિકેટ લીધી

### ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર T-20 શ્રેણીની પહેલી મેચમાં પાકિસ્તાનને ૯ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો : ૫ મેચની શ્રેણીની પહેલી મેચ ક્રાઇસ્ટચર્ચના હેગલી ઓવલ ખાતે રમાઈ હતી

ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાન ૧૮.૪ ઓવરમાં ૯૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું. આ પાકિસ્તાનનો ન્યુઝીલેન્ડ સામેનો સૌથી ઓછો સ્કોર છે. ૯૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા કિવી ટીમે ૬૧ બોલમાં જીત મેળવી લીધી.



**બંને ઓપનર ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત ફર્યા.**

પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી. બંને ઓપનર મોહમ્મદ હરિસ અને હસન નવાઝ ટીમનું ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત ફર્યા હતા. પહેલી ઓવરના છેલ્લા બોલ પર હેરિસ કેચ આઉટ થયો. કાયલ જેમિસને ન્યુઝીલેન્ડને પહેલી સફળતા અપાવી. તે જ સમયે, નવાઝ પણ બીજી ઓવરના પહેલા બોલ પર કેચ આઉટ થયો. ત્રીજી ઓવરના બીજા બોલ પર ઇરફાન ખાન પણ પેવેલિયન પાછો ફર્યો. ત્યારે ટીમનો સ્કોર ૧ રન હતો. કેપ્ટન સલમાન આગાએ ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે પણ ૧૮ રન બનાવીને આઉટ થઈ ગયો. પાકિસ્તાન તરફથી ખુશદિલ શાહે સૌથી વધુ ૩૨ રન બનાવ્યા. જ્યારે, જહાંદાદ ખાને ૧૭ રનની ઈનિંગ રમી.

**ડફીએ ૪ અને જેમિસને ૩ વિકેટ લીધી.**

ન્યુઝીલેન્ડ તરફથી જેકબ ડફી સૌથી સફળ બોલર રહ્યો. તેણે ૩.૪ ઓવરમાં ૧૪ રન આપીને ૪ વિકેટ લીધી. જ્યારે કાયલ જેમિસને ૪ ઓવરમાં ૮ રન આપીને ૩ વિકેટ લીધી. આ ઉપરાંત, ઇશ સોઢીએ ૨ વિકેટ અને ઝાચેરી ફોલ્કેસે ૧ વિકેટ લીધી.

**કિવી ટીમે માત્ર ૬૧ બોલમાં જીત મેળવી.**

ન્યુઝીલેન્ડે ૯૨ રનનો લક્ષ્યાંક ૬૧ બોલમાં એક વિકેટ ગુમાવીને હાંસલ કર્યો. ન્યૂઝીલેન્ડ તરફથી ટિમ સીફર્ટે સૌથી વધુ રન બનાવ્યા. તેણે ૨૯ બોલનો સામનો કર્યો અને ૪૪ રન બનાવ્યા. સેફર્ટે તેની ઈનિંગમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગો ફટકાર્યો. તે જ સમયે, ફિન એલન ૧૭ બોલમાં ૨૯ રન બનાવીને અણનમ રહ્યો. ટિમ રોબિન્સને પણ ૧૫ બોલમાં ૧૮ રનની અણનમ ઈનિંગ રમી. પાકિસ્તાની ટીમ ફક્ત ૧ વિકેટ લઈ શકી, આ સફળતા અબરાર અહેમદને મળી.

# આફ્રિકન ખેલાડી કોર્બિન બોશ PSL છોડીને IPLમાં રમશેઃ PCB કાનૂની નોટિસ મોકલશે

### મુંબઈ ઈન્ડિયન્સે તેને લિઝાર્ડ વિલિયમ્સની જગ્યાએ સામેલ કર્યો

મુંબઈ :

દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર કોર્બિન બોશને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) દ્વારા કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. દક્ષિણ આફ્રિકન ક્રિકેટરે IPL ૨૦૨૫ માટે PSL છોડવાનો નિર્ણય લેતા કોર્બિન પર કરારની શરતોનો ભંગ કરવાનો આરોપ મૂક્યો છે.



ઇજાગ્રસ્ત લિઝાર્ડ વિલિયમ્સની જગ્યાએ, મુંબઈ ઈન્ડિયન્સે ૮ માર્ચે કોર્બિન બોશ સાથે કરાર કર્યો. જે બાદ કોર્બિન બોશે પીએસએલમાંથી ખસી જવાનો નિર્ણય લીધો. પીએસએલ અને આઈપીએલ એકસાથે રમાશે. આઈપીએલ ૨૨ માર્ચથી ૨૫ મે સુધી ચાલશે, જ્યારે પીએસએલ ૧૧ એપ્રિલથી ૧૮ મે સુધી રમવાનું છે. જાન્યુઆરીમાં યોજાયેલા પીએસએલ ડ્રાફ્ટમાં પેશાવર ઝાલ્મી દ્વારા ડાયમંડ કેટેગરીમાં કોર્બિન બોશની પસંદગી કરવામાં આવી હતી.

**PSL ચિંતિત :**

PSL ફ્રેન્ચાઇઝીઓ ચિંતિત છે કે જો PCB બોશ સામે કોઈ કાનૂની કાર્યવાહી અથવા કડક કાર્યવાહી નહીં કરે, તો ભવિષ્યમાં PSL માટે કરાર કર્યા પછી વધુ ખેલાડીઓને તક મળે તો તેઓ IPLમાં જઈ શકે છે.

**પીએસએલ ફેબ્રુઆરી-માર્ચમાં રમાતું હતું**

પહેલા પીએસએલ ફેબ્રુઆરી-માર્ચમાં રમાતું હતું. PCB એ PSL વિન્ડોને માર્ચ-એપ્રિલ સુધી લંબાવી જેથી વધુ વિદેશી ખેલાડીઓ ઉપલબ્ધ થાય અને તેમના પર કરાર કરી શકાય. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં SA20, ILT20 અને BPL જેવી લીગ પણ છે. આવી સ્થિતિમાં, PSL ને આ લીગ સાથે સ્પર્ધા કરવી પડી. ઘણા વિદેશી ખેલાડીઓએ આ લીગમાં વ્યસ્ત હોવાને કારણે PSL ને ઓછું મહત્વ આપ્યું.

**પીએસએલ ડ્રાફ્ટ આઈપીએલ મેગા ઓક્શન પછી યોજવામાં આવ્યો હતો :**

વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે વધુ સ્પષ્ટતા માટે, આઈપીએલ મેગા ઓક્શન પછી પીએસએલ ડ્રાફ્ટ યોજવામાં આવ્યો હતો. આ સીઝન માટે, IPL હરાજી નવેમ્બર ૨૦૨૪ માં યોજાઈ હતી અને PSL ડ્રાફ્ટ જાન્યુઆરી ૨૦૨૫ માં યોજાયો હતો.


## સાટાખત (વેચાણ કરાર) રદ્દ કર્યાની જાહેર નોટીસ

અમોના અસીલ **કયુમભાઇ હુશેનભાઇ કારેટ**, રે. : કાલાવડ, જી.: જામનગરવાળાની અમો **એડવોકેટ-નોટરી એચ.એસ.ઘાડા** કાલાવડના મળેલ સુચનાને ફરમાશનુસાર સાટાખત (વેચાણ કરાર) રદ કર્યાની જાહેર જનતા-લાગતા વળગતા જોગ જાહેર નોટીસ આપી એવી જાણ કરવામાં આવે છે કે,

**જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખાનકોટડા ગામેની ખેતીની જમીન**

| ખાતા નં. | નવા | જુના | હે.આરે.ચો.મી. | ખેતરનું |
|---|---|---|---|---|
| ૧૨૦ | રે.સ.નં. | રે.સ.નં. | ૦-૩૪-૪૦ | નામ |
| | ૬૨૭ | ૧૩૦/પૈકી ૨ | ૧-૭૫-૦૪ | ગરેડાવારુ |
| | ૬૨૯ | ૧૩૦/પૈકી ૧ | ૨-૦૯-૪૪ | ગરેડાવારુ |

ની આવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીન મારા અસીલ તથા અન્ય પાંચના સંયુકત નામે આવેલ છે જેનો બિન કબજે વેચાણ કરાર (સાટાખત) નોટરાઇઝડ **તા.:૧૪-૧૦-૨૦૨૪ના રોજ ઇસ્માલભાઇ આમદભાઇ ખુરેશી,** રે.: જામનગરવાળા સાથે કરવામાં આવેલ. કુલ અવેજની રકમ પૈકી અશત: મારા અસીલને આપેલને બાકી અવેજ જે સમય મર્યાદામાં ચુકતે આપવાનું હતું તે સમય મર્યાદામાં સોદો કરાવી લેનાર અવેજ ચુકતે આપેલ નહીં જેથી મારા અસીલે **ઇસ્માલભાઇ આમદભાઇ ખુરેશી**ને એડવોકેટ મારફતે રજી. એડી. પોષ્ટથી વેચાણ કરાર (સાટાખત) રદ કરવા અંગેની કાનુની નોટીસ તા.: ૧૮-૨-૨૦૨૫ના આપેલ જે નોટીસ સ્વીકારવા ઇન્કાર કરેલ Refused ના શેરા સાથે પરત ફરેલ છે જમીન ખરીદવા સોદો કરનાર બાકી અવેજ સમય મર્યાદામાં ચુકવવા નિષ્ફળ ગયેલ છે જેથી જાહેર જનતા અને લાગતા વળગતાઓને જાહેર નોટીસથી એવા ખબર આપવામાં આવે છે કે મારા અસીલે જામનગરના રહીશ ઇસ્માલભાઇ આમદભાઇ ખુરેશી સાથે કરેલ ઉપરોક્ત ખેતીની જમીન તા.: ૧૪-૧૦-૨૦૨૪નો સાટાખત (વેચાણ કરાર) આથી રદબાતલ થયેલો જાહેર કરે છે.

મારા અસીલને ખેતીની જમીનના માલીકો વચ્ચે સોદો અનુકુળ ન રહેતા સાટાખત (વેચાણ કરાર) મારા અસીલને મુળ માલીકોએ રદબાતલ કરેલ છે તે મારા અસીલને ટોકનની રકમ પરત મળી ગયેલ છે જેની જાહેર જનતા જોગ લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મું. : કાલાવડ
તા. : ૧૪-૦૩-૨૦૨૫

કયુમ એચ. કારેટ

એચ.એસ.ઘાડા
(એડવોકેટ-નોટરી)
તે અમોના અસીલની

:ઓફિસનુ સરનામુ:

**એચ.એસ.ઘાડા (એડવોકેટ-નૉટરી)**

૧લો માળ, સાગર કોમ્પ્લેક્ષ, નગરપાલિકા સામે, કાલાવડ, જી. જામનગર મો. ૯૮૯૮૭ ૫૨૭૯૦


## IPL ઓપનિંગ સેરેમનીમાં સિતારાઓનો મેળાવડો જામશે, ઇડન ગાર્ડનમાં અરિજિત, શ્રદ્ધા, વરૂણ સહિતના સ્ટાર્સ કરશે પરફોર્મ

કોલકતા : ઇન્ડિયન પ્રીમિયર લીગની ૧૮મી સીઝન ૨૨ માર્ચથી શરૂ થઈ રહી છે. IPL 2025ની શરૂઆત કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ (KKR) અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) વચ્ચે રોમાંચક ઓપનિંગ મેચ સાથે થશે. પ્રથમ મેચ પહેલા એક ઓપનિંગ સેરેમની થશે. અહીં સિતારાઓનો મેળાવડો જોવા મળશે. ઈડન ગાર્ડનમાં ઘણા સ્ટાર્સ પરફોર્મ કરતા જોવા મળશે.

ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ સ્ટાર્સ શ્રદ્ધા કપૂર અને વરૂણ ધવન પોતાના પાવર પેક્ડ પરફોર્મન્સથી દર્શકોને મંત્રમુગ્ધ કરતા જોવા મળશે. પોતાની ફિલ્મ સ્ત્રી-૨ની સફળતા પછી, શ્રદ્ધા આ સિઝનની શરૂઆત તેના ABCD-2ના સહ-અભિનેતા વરૂણ સાથે ધમાકેદાર રીતે કરશે. અરિજિતસિંહ પણ ઉદઘાટન સમારોહમાં ગ્લેમર ઉમેરશે. લીગની પહેલી મેચ પહેલા જ દર્શકોનું ભરપૂર મનોરંજન કરવામાં આવશે. ૧૮મી સીઝન ૨૨ માર્ચે કોલકાતા નાઈટ રાઇડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચથી શરૂ થશે. IPL 2025ની ફાઇનલ મેચ ૨૫ મેના રોજ રમાશે. લીગની ૧૮મી સીઝન એક ભવ્ય કાર્યક્રમ સાથે સમાપ્ત થશે.

## ભાવનગરનો ચેતન સાકરીયા કોલકતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી IPL રમશે : ઉમરાન મલિકના સ્થાને ટીમમાં સામેલ

### સાકરીયા એક વર્ષ બાદ ક્રિકેટમાં વાપસી કરશે : તે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૪ માં સૌરાષ્ટ્ર વતી રણજી મેચ રમ્યો હતો, ત્યારબાદ હાથમાં ઇજા પહોંચી હતી

મુંબઈ :

કોલકાતા નાઈટ રાઈડર્સ એ TATA ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ ની આગામી આવૃત્તિ માટે ઉમરાન મલિકના સ્થાને ચેતન સાકરિયાને પસંદ કર્યો છે. ઉમરાન મલિક ઈજાના કારણે સિઝનમાંથી બહાર થઈ ગયો છે.



સાકરિયાએ એક ODI અને બે T20I માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ૧૯ IPL રમતો રમી છે, જેમાં તેણે ૨૦ વિકેટ ઝડપી છે. સાકરિયા, ડાબોડી મધ્યમ ઝડપી બોલર, INR 75 લાખમાં KKR સાથે જોડાય છે. ઉલ્લેખનીય છે કે સાકરીયા એક વર્ષ બાદ હવે ક્રિકેટ રમશે. તે છેલ્લે સૌરાષ્ટ્ર વતી ફેબ્રુઆરી ૨૦૨૪ માં રણજી મેચ રમ્યો હતો. ત્યારબાદ જુલાઈ ૨૦૨૪ માં લગ્ન બાદ હાથમાં ઇજા પહોંચી હતી જેથી તે અત્યારસુધી આરામમાં હતો.

## કેન્દ્રએ ચંદ્રયાન-૫ મિશનને મંજૂરી આપીઃ ચંદ્રની સપાટીનો અભ્યાસ કરવા માટે ૨૫૦ કિલોગ્રામનું રોવર લઈ જશે; તે ચંદ્રયાન-૩ કરતા ૧૦ ગણું ભારે છે

બેંગલુરુ :

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) ના અધ્યક્ષ વી નારાયણને રવિવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ચંદ્રયાન-૫ મિશનને મંજૂરી આપી દીધી છે. ISROના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેઓ બેંગલુરુમાં એક કાર્યક્રમમાં જણાવ્યું.

તેમણે કહ્યું- માત્ર ત્રણ દિવસ પહેલા જ અમને ચંદ્રયાન-૫ મિશન માટે મંજૂરી મળી છે. આમાં જાપાન આપણું સાથી બનશે. ચંદ્રયાન-૩ મિશનમાં ૨૫ કિલોગ્રામનું રોવર (પ્રજ્ઞાન) હતું, જ્યારે ચંદ્રયાન-૫ મિશન ચંદ્રની સપાટીનો અભ્યાસ કરવા માટે ૨૫૦ કિલોગ્રામનું રોવર લઈ જશે.

ભવિષ્યના પ્રોજેક્ટ્સ અંગે નારાયણને જણાવ્યું હતું કે ૨૦૨૭ માં લોન્ચ થનારા ચંદ્રયાન-૪ મિશનનો હેતુ ચંદ્રની માટીના નમૂનાઓ પાછા લાવવાનો છે. ગગનયાન સહિત અનેક મિશન ઉપરાંત, અવકાશમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન સ્થાપિત કરવાની યોજનાઓ ચાલી રહી છે.



### ચંદ્રયાન-૪ મિશનને સપ્ટેમ્બર ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી હતી

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કેબિનેટે ચંદ્રયાન-૪ મિશનને મંજૂરી આપી હતી. આ મિશનનો ઉદ્દેશ્ય ચંદ્ર પર અવકાશયાન ઉતારવાનો, ચંદ્રની માટી અને ખડકોના નમૂના એકત્રિત કરવાનો અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત કરવાનો છે.

આ મિશનનો ખર્ચ ૨૧૦૪ કરોડ રૂપિયા થશે. આ અવકાશયાનમાં પાંચ અલગ અલગ મોડ્યુલ હશે. જ્યારે, ૨૦૨૩ માં ચંદ્ર પર મોકલવામાં આવેલા ચંદ્રયાન-૩ માં ત્રણ મોડ્યુલ હતા - પ્રોપલ્શન મોડ્યુલ (એન્જિન), લેન્ડર અને રોવર.

ચંદ્રયાન-૪ ના સ્ટેક ૧ માં ચંદ્રના નમૂના સંગ્રહ માટે એસેન્ડર મોડ્યુલ અને સપાટી પર ચંદ્રના નમૂના સંગ્રહ માટે ડિસેન્ડર મોડ્યુલ હશે. સ્ટેક ૨ માં થ્રસ્ટ માટે પ્રોપલ્શન મોડ્યુલ, નમૂનાને પકડી રાખવા માટે ટ્રાન્સફર મોડ્યુલ અને નમૂનાઓને પૃથ્વી પર પાછા લાવવા માટે રી-એન્ટ્રી મોડ્યુલ હશે. આ મિશનમાં બે અલગ અલગ રોકેટનો ઉપયોગ કરવામાં આવશે. હેવી-લિફ્ટર LVM-3 અને ISROનું વિશ્વસનીય વર્કહોર્સ PSLV અલગ અલગ પેલોડ વહન કરશે.

### ચંદ્રયાન-૪ ના બે મોડ્યુલ ચંદ્રની સપાટી પર જશે

ચંદ્રયાન-૪ મિશન અનેક તબક્કામાં પૂર્ણ થશે. ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યા પછી, બે મોડ્યુલ મુખ્ય અવકાશયાનથી અલગ થઈ જશે અને સપાટી પર ઉતરશે. બંને મોડ્યુલ ચંદ્રની સપાટી પરથી નમૂનાઓ એકત્રિત કરશે.

ત્યારબાદ ચંદ્રની સપાટી પરથી એક મોડ્યુલ લોન્ચ થશે અને ચંદ્રની ભ્રમણકક્ષામાં મુખ્ય અવકાશયાન સાથે જોડાશે. આ નમૂનાઓ પૃથ્વી પર પાછા ફરતા અવકાશયાનમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

ઈસરોના વૈજ્ઞાનિકો ચંદ્રની સપાટી પરથી નમૂનાઓ એકત્રિત કરવા માટે એક રોબોટ તૈયાર કરી રહ્યા છે. વધુ ઊંડાણમાં ખોદકામ કરવાની ટેકનોલોજી પર કામ ચાલી રહ્યું છે. નમૂનાઓ એકત્રિત કરવા માટે કન્ટેનર અને ડોકીંગ મિકેનિઝમની ટેકનોલોજી વિકસાવવામાં આવી રહી છે.


ખંભાળિયા નગરપાલિકા
નગર સેવા સદન, નગર ગેઈટ પાસે, ખંભાળિયા.
ફોન નં.૦૨૮૩૩-૨૩૪૭૧૨

:: જાહેર નિવિદા ::

ખંભાળિયા નગરપાલિકા દ્વારા સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. ૮૮ વર્ષ ૨૦૨૪-૨૫ ની ગ્રાન્ટ અન્વયે નીચેની વિગતેના કામો માટે ઓનલાઇન ઇ-ટેન્ડરીંગથી સરકારશ્રી માન્ય નીચે મુજબની શ્રેણીમાં રજીસ્ટર થયેલ એજન્સીઓ પાસેથી બીડ ઓફર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | |
|---|---|---|
| ૧ | ખંભાલીયા નગરપાલિકાના નગર ગેઈટ થી મિલન ચારરસ્તા સુધી સી.સી. રોડ બનાવવાનું કામ. | |
| | રકમ રૂા.૬૫,૭૩,૨૬૫ | શ્રેણી - ડી તથા ઉપરની |
| ૨ | ખંભાલીયા નગરપાલિકાના દ્વારકા નાકા પાસે પાણીના પરબ પાસેની સીટ નં. ૩૮, રે.સ. નં.૪૭૫ વળી જગ્યામાં પ્રાર્થના હોલ બનાવવાનું કામ | |
| | રકમ રૂા.૧,૫૬,૪૮,૧૧૯ | શ્રેણી-સ્પેશીયલ કેટેગરી બિલ્ડીંગ |
| ૩ | ખંભાલીયા નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ સી.સી. રોડ તથા પેવર બ્લોક,લાઈટીંગ, ટ્રી-પ્લાન્ટેશન કરવાનું કામ. | |
| | રકમ રૂા.૭૩,૧૮,૭૨૩ | શ્રેણી - ડી તથા ઉપરની |
| ૪ | ખંભાલીયા નગરપાલિકા વિસ્તારમાં એસ.સી.એસ.પી. ઘટક હેઠળ જુદી જુદી ૬ જગ્યાએ સી.સી. રોડ તથા બનાવવાનું કામ. | |
| | રકમ રૂા. ૭૭,૫૪,૮૭૦ | શ્રેણી - ડી તથા ઉપરની |

ઉપરોક્ત કામનાં ટેન્ડરની ફી, ટેન્ડર ભરવાની મુદ્દત, ઇ.એમ.ડી. તથા ટેન્ડરના સ્પેશીફિકેશન વિગેરેની તમામ વિગતો તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૨૯/૦૩/૨૦૨૫ સુધી www.tendrer.nprocure.com પર જોવા મળશે. કામના ફીઝીકલ ડોક્યુમેન્ટ તા.૦૪/૦૪/૨૦૨૫ સુધી પહોચતા કરવાના રહેશે. ટેન્ડરો શક્ય હશે તો તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ ખોલવામાં આવશે. ઉક્ત ટેન્ડરો મંજૂર / નામંજૂર કરવા કે ફરી મંગાવવા તે બાબતેની તમામ સત્તા નગરપાલિકાને અબાધિત રહેશે.

(સી.બી.ડુડિયા)
ઈ.ચા.ચીફ ઓફીસર
ખંભાલીયા નગરપાલિકા

(રચનાબેન એમ.મોટાણી)
પ્રમુખ
ખંભાલીયા નગરપાલિકા

માહિતી-જામ.-૫.જા.ખ./૭૮૮/૨૦૨૫

# પૂરા શહેરના રહેણાંક એપાર્ટમેન્ટમાં ફાયરનું ચેકિંગ શરૂ : એકેએક બિલ્ડીંગનો વારો!

### ત્રણે ઝોનમાં ટીમો ઉતરી : ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ૧૫૮૦ કોમર્શિયલ ઈમારતને નોટીસ આપી ૬૭૦ને સીલ મરાયા હતા : તંત્ર કે લોકો કોઈ ન સુધર્યા





રાજકોટ, તા. ૧૭

ધુળેટીના દિવસે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા હાઇફાઇ એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં લાગેલી આગની દુર્ઘટનામાં ત્રણ યુવાનોના મૃત્યુના ઘેરા પડઘા પડયા છે. ફરી મનપા, પોલીસ, પીજીવીસીએલ સહિતના તંત્રવાહકોને ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડ યાદ આવી ગયો છે. તેના પગલે આજથી જ મહાપાલિકાની ફાયર શાખાને ત્રણે ઝોનના અલગ અલગ વોર્ડમાં આવેલા હાઇરાઇઝ રહેણાંક એપાર્ટમેન્ટમાં ફાયર એનઓસી અને સાધનોની સ્થિતિ અંગે ચેકીંગ કરવાનું શરૂ કરી દીધુ છે.

આજે કાલાવડ રોડથી માંડી કોઠારીયા રોડના અલગ અલગ એપાર્ટમેન્ટમાં તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં બેદરકારી દેખાઇ તો ધડાધડ નોટીસ આપવાનું પણ શરૂ કરાશે. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ એસેમ્બલીની વ્યાખ્યામાં આવતા તમામ કોમર્શિયલ બિલ્ડીંગમાં આવી કડક કાર્યવાહી થઇ હતી. હવે રહેણાંક સોસાયટીઓમાં આવું ચેકીંગ શરૂ કરાયું છે.

મનપા સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ગત મે ૨૦૨૪માં નાના મવા રોડ પર આવેલા અને ટીપી, ફાયર, પોલીસ, માર્ગ મકાન સહિતના વિભાગોના નિયમોનો ભંગ કરીને ધમધમતા ટીઆરપી ગેમ ઝોનમાં મોટો અગ્નિકાંડ થયો હતો. બાળકો સહિત ૨૭ લોકોના મૃત્યુ નિપજયા હતા. આ ઘટનાએ પૂરા ગુજરાતને ધ્રુજાવી દીધુ હતું. ઉચ્ચ અધિકારીઓ હજુ સુધી જેલ ભેગા છે. પરંતુ આવી ઘટના છતાં અનેક કોમર્શિયલ અને રેસીડેન્સ બિલ્ડીંગના માલિકો કે સંચાલન કરતી સોસાયટીના લોકો એનઓસી લેવા, રીન્યુ કરવા, સાધનો મેન્ટેન કરવામાં બેદરકાર હોવાનું શુક્રવારની ઘટના પરથી લાગ્યું છે. આથી આજથી તમામ ૧૮ વોર્ડમાં આવેલા રહેણાંક એપાર્ટમેન્ટમાં ફાયરની ટીમોએ સ્થળ તપાસ શરૂ કરી છે. ડે.કમિશ્નર ચેતન નંદાણીના માર્ગદર્શનમાં ઇન્ચાર્જ ફાયર ઓફિસર સહિતના અધિકારી અને કર્મચારીઓ ફાયર સ્ટેશનવાઇઝ ચેકીંગમાં ઉતર્યા છે.

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ પૂર્વ કમિશ્નરના કાર્યકાળમાં રાજકોટમાં ફાયર સેફટી માટે મોટામાં મોટી ડ્રાઇવ કરવામાં આવી હતી. સરકારે આપેલી વ્યાખ્યા મુજબ શાળા-કોલેજ, હોટલ, રેસ્ટોરન્ટ, લગ્ન હોલ, કોમર્શિયલ બિલ્ડીંગ સહિતના એસેમ્બલીની વ્યાખ્યામાં આવતા બિલ્ડીંગોમાં સઘન ચેકીંગ કરાયું હતું. થોડા સમયમાં ૧૫૮૦ જેટલા બિલ્ડીંગને ફાયર સેફટી માટે નોટીસ ફટકારવામાં આવી હતી. આ પૈકી ૬૭૦ જેટલી મિલ્કતો સીલ કરી દેવામાં આવી હતી. જે સીલ ખોલવા માટેના નિયમોની અમલવારી કરવા માટે પણ કમીટીની રચના કરવામાં આવી હતી. સોગંદનામાના આધારે લગ્ન હોલ જેવી મિલ્કતો ખોલવા મંજૂરી આપવામાં આવી હતી. ૫૦૦ મીટરથી ઓછા બાંધકામવાળા કે ૧૫ મીટરથી નાની ઉંચાઇના બિલ્ડીંગોને રાહત આપવામાં આવી હતી. પરંતુ તે વખતે માત્ર કોમર્શિયલ બિલ્ડીંગમાં તપાસ કરાઇ હતી. હવે રહેણાંક વિસ્તારમાં ચેકીંગ શરૂ કરાયું છે. એસેમ્બલીની વ્યાખ્યામાં આવતી મોટા ભાગની મિલ્કતો ચકાસાઇ ગયાનું મનપા સુત્રો કહે છે.

## ફરી જવાબદારીની ફેંકાફેંકી!

### આગ લાગતા જ ઇજનેરો અને ટીપી અધિકારીઓ તપાસથી ભાગવા લાગ્યા

રાજકોટ, તા. ૧૭

ન્યુ રાજકોટના એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગની ઘટનાએ ફરી મનપાના જુદા જુદા વિભાગોમાં દોડધામ કરાવી છે. તેમાં હવે જવાબદારીઓ સામે પણ સવાલો ઉઠવા લાગ્યા છે.

વેસ્ટ ઝોનમાં આ બિલ્ડીંગ સહિતની મિલ્કતો ડે.કમિશ્નર, સીટી ઇજનેરના તાબા હેઠળ આવે છે. પરંતુ આગની ઘટના બની તે બાદ ઇજનેરો પ્લાન, બીયુ ચકાસણી જેવી કામગીરી ટીપી અધિકારીઓમાં આવે તેવું કહે છે. ટીપી વિભાગ એવું કહે છે કે પૂર્વ કમિશ્નરે ટાઉન પ્લાનિંગ અને ટાઉન ડેવલપમેન્ટ એમ બે ભાગ પાડી દીધા છે. પ્લાન, બીયુ, નોટીસ, ડિમોલીશન સહિતની કામગીરી ડે.કમિશ્નર અને સીટી ઇજનેર હેઠળ મૂકાઇ છે. એક રીતે આ કામગીરીમાં ટીપી વિભાગનો રોલ ઓછો થયો છે. હવે આગ લાગી ત્યારે જ આવી જવાબદારીના સવાલો ઉઠયા છે. ઇજનેરો સહિતના અધિકારીઓ ટીપીનું કામ તે શાખાને જ સોંપી દેવા અભિપ્રાય વ્યકત કરે છે. ઇન્ચાર્જ ટીપીઓ આવી ગયા છે ત્યારે આવું સંકલન ઝડપથી થાય તે જરૂરી હોવાનો મત છે.

# હત્યા કેસમાં હુડકોના કાળુ ગઢવીને આજીવન કેદ

### મૃતક કાળુ ભાદરકાની સાયકલ રોકી આરોપીએ ઇંડા ખાવા રૂપિયાની માંગણી કરેલી, ના પાડતા જ છરીના ઘા મારી હત્યા નીપજાવેલ હતી



આરોપી મૃતક કાળું ગઢવી, સરકારી વકીલ બિનલબેન રવેશીયા અને તપાસ કરનાર અધિકારી પીઆઇ ઝાલા

રાજકોટ, તા.૧૭

વર્ષ ૨૦૨૧માં ભકિતનગર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હત્યાનો બનાવ બનેલો જે ગુન્હામાં નામચીન આરોપી કાળુ ગઢવીને રાજકોટ સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

કેસની વિગત મુજબ, આઇ.પી.સી. કલમ ૩૦૨, ૩૪૨ તથા જી.પી.એ.કલમ ૧૩૫(૧) મુજબના આ ગુનો તા.૫/૧૨/૨૦૨૧ ના રાત્રે ૮/૪૫ વાગ્યાના અરસામાં કોઠારીયા ચોકડી શ્રી માધવ પાર્કીંગના ગેઇટ પાસે બનવા પામેલ હતો. ગુન્હાના ફરીયાદી રંભાબેન કાળુ ભાદરકા (રહે.રાજકોટ)એ પોતાની ફરીયાદ આપેલ હતી કે, તેના પતિ મરણજનાર કાળુભાઈ રામજીભાઈ ભાદરકા કોઠારીયા ચોકડીએ ઇંડા ખાવા ગયેલ ત્યારે આરોપી કાળુ ગઢવીએ તેનુ મોટર સાયકલ રોકી છરી બતાવી ઇંડા ખાવા રૂપીયાની માંગણી કરતા રૂપીયા આપવાની ના પાડતા કાળુ ગઢવીએ પેટમાં છરીના ઘા મારી ગંભીર ઇજાઓ કરી ફરીયાદીના પતિનું મોત નીપજાવેલ હતુ. મરણજનાર - કાળુભાઇ રામજીભાઇ ભાદરકા (ઉ.વ.૪૧ રહે.કોઠારીયા મે.રોડ હુડક કવાર્ટર, હુડકો ફાયર સ્ટેશનની પાછળ રાજકોટ)નું મોત નીપજતા ચકચાર મચી ગઈ હતી. આરોપી કાળુ ગઢવી માથાભારે અને ઝનુની હોય ભુતકાળમાં અનેક ગુન્હાઓમાં સંડોવાયેલ હતો આ ખુનનો ગુન્હો કરી આરોપી નાશી ગયેલ હતો. આરોપી જુનાગઢના ભવનાથ તરફ હોવાની માહીતી મળતા ભકિતનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ કોન્સ્ટેબલ ભાવેશભાઇ મકવાણા તથા રણજીતસિંહ જાડેજાને જુનાગઢ ભવનાથ તળેટીમાં આઠ થી દસ કલાક સુધી અલગ અલગ જગ્યાઓએ સર્ચ કરી આરોપી કાળુ ગઢવીને તળેટીમાંથી પકડી પાડવામાં આવેલ હતો અને આરોપીને આ ગુન્હાના કામે અટક કરવામાં આવેલ જેતે સમયે એ.સી.પી. પુર્વ વિભાગ એચ.એલ.રાઠોડએ આરોપીને પકડનાર આ કર્મચારીઓનું સન્માન કરેલ હતું. પોલીસે આરોપી હિંમત ઉર્ફે કાળુ અમુદાન લાંગા (ગઢવી) (ઉં.વ.૩૮ રહે કોઠારીયા ચોકડી સત દેવીદાસ આશ્રમની બાજુમાં હુડકો ચોકડી પાસે કોઠારીયા રોડ રાજકોટ)ની ધરપકડ બાદ મહત્વના સચોટ પુરાવા આરોપી વિરૂધ્ધના એકઠા કરી તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલ હતુ. જે કેસ સેસન્સ કોર્ટમાં ચાલી જતા આ કામે ટ્રાયલ દરમ્યાન સહકારી વકીલ સમક્ષ મહત્વના સાહેદો, પંચોને બ્રીફ કરવા સહીતની કામગીરી ત્યારબાદ કરવામાં આવેલ હતી. ગુન્હાની તપાસ જે તે સમયના પીઆઇ જે.ડી.ઝાલા, રાઇટર એ.એસ.આઇ. નિલેષભાઇ મકવાણા તથા પોલીસ હેડ કોન્સ. હીરેનભાઇ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા તથા હાર્દિકભાઇ પીપળીયા સહીત નાઓ દ્વારા કરવામાં આવેલ હતી.

સેસન્સ કોર્ટમાં સરકારી વકીલ બીનલબેન રવેશીયા દ્વારા કેસ ચલાવી મરણજનાર કાળુભાઇ ભાદરકાના પત્ની અને ફરીયાદીને તેના પુત્રની હાજરીમાં મરણજનારએ મરણોન્મુખ નિવેદન આપેલ તે નિવેદન તેમજ અન્ય સરકાર પક્ષે મહત્વના પુરાવાઓ તપાસી ધારદાર દલીલો કરતા આરોપીને ૧૪માં અધિક જિલ્લા તથા સત્ર ન્યાયાધીશ સી.એસ.મકવાણાની કોર્ટએ ખુનના ગુન્હા માટે આજીવન સખત કેદની સજા તથા રૂ.૨૫,૦૦૦/- ના દંડનો હુકમ કરેલ હતો.

# વડોદરા હિટ એન્ડ રન કેસઃ રક્ષિતનો રેપીડ ડ્રગ ટેસ્ટ થયો છેઃ અગાઉ પણ પોલીસમાં ઝડપાયો હતો

### ગુજરાત પોલીસે નવી ડ્રગ-ટેસ્ટ કીટનો ઉપયોગ શરૂ કર્યોઃ નાની માત્રામાં ડ્રગ હોય તો પણ ચાડી ખાઈ જાય છે



રાજકોટ:

વડોદરાના હીટ એન્ડ રન કેસમાં પોલીસને કાર ચલાવતા રક્ષિત ડ્રગના નશા હેઠળ હતો તે પુરાવા મળ્યા છે અને અકસ્માત બાદ મે નશો કર્યો નથી તેવો દાવો કરનાર રક્ષિત સામે હવે નશો કરીને ડ્રાઈવીંગ-અકસ્માત અને વ્યક્તિના મોત- સાતને ઈજા જેવા ગંભીર અપરાધો બદલ કામ ચાલશે.

પોલીસે રક્ષિતના બ્લડના રેપીડ-ટેસ્ટ કર્યો હતો જેને તે ડ્રગ-લીધી હોવાનું બહાર આવ્યુ છે. શરાબ સિવાય ખાસ કરીને ગુજરાતમાં જે રીતે ડ્રગ લેવાનું પ્રમાણ વધ્યુ છે તેથી ખાસ ડ્રગના રેપીડ ટેસ્ટ માટે જે કીટ મેળવી છે તેનો ઉપયોગ કર્યો છે અને તેના પરથી પ્રાથમીક રીતે જે તે વ્યક્તિએ ડ્રગ લીધુ છે કે કેમ તે તાત્કાલીક નિશ્ચિત થઈ શકે છે. હવે રશિત ચોરસીયા તેની સાથે કારમાં રહેલા મિત્ર અને અકસ્માત પુર્વે એક મિત્ર સાથે હતો તે ત્રણેયના બ્લડ ટેસ્ટ ફોરેન્સીક લેબને મોકલાયા છે. શરાબ અને ડ્રગના સેવનમાં જે રીતે અપરાધ બને છે તેમાં શરાબના ૫૦ મીલીગ્રામ પણ લોહીમાં મળે તો તે અપરાધ ગણાય છે પણ ડ્રગમાં તેનાથી ઓછી કવોન્ટીટી પણ અપરાધ છે. ડ્રગ માટે ૨૪ કલાકમાં ટેસ્ટ થવો જરૂરી છે.

ડ્રગ ટેસ્ટમાં માથાના વાળ કે નખના ટેસ્ટ પણ ડ્રગની હાજરી પુરવાર કરે છે. ઉપરાંત નબીરા રક્ષિતને એક માસ પુર્વે પણ પોલીસે મિત્રો સાથે પાર્ટી કરતો હતો તે સમયે પાડોશીની ફરિયાદ પરથી ઝડપાયો હતો. જો કે તે સમયે નશાના પુરાવા નહી મળતા ફકત માફીનામુ લખીને જવા દેવાયો હતો.

# દ્વારકામાં વસી ગયેલી પાંચ બાંગ્લાદેશી મહિલાઓને ઝડપી લેવાઇ

### ગેરકાનુની રીતે ભારતમાં ઘુસણખોરી કરનાર સામે આકરી કાર્યવાહી : એસઓજી દ્વારા ચોકકસ વિસ્તારમાં વસેલા શંકાસ્પદ નાગરિકોની ઓળખ પ્રસ્થાપિત કરાશે

(અમરજીતસિંઘ)

દ્વારકા, તા. ૧૭

સમગ્ર દેશમાં બાંગ્લાદેશીઓની ઘુસણખોરી સામે એલર્ટ મોડમાં આવેલી ગુજરાત પોલીસે ઠેર ઠેર સ્થળોએ બાંગ્લાદેશી ઘુસણખોરોને તપાસ આદરી છે ત્યારે દ્વારકા એસઓજીએ આજે ચોકકસ બાતમીના આધારે દ્વારકાના રૂપેણ બંદર સામે આવેલ રૂક્ષ્મણી મંદિરની પાછળના રોડ પર અલગ પ્રકારની ભાષા બોલતી પાંચ જેટલી શંકાસ્પદ મહિલાઓને ઝડપી પુછપરછ કરતા આ તમામ મહિલાઓ બાંગ્લાદેશની હોવાની ઓળખ સાથે તેમના આઇકાર્ડ, મોબાઇલ નંબર પણ બાંગલાદેશના હોવાનું તપાસમાં ખુલ્યુ હતું.

એસપીના આદેશ મુજબ એસઓજીના એએસઆઇ અશોકભાઇ સવાણી અને જગદીશભાઇ કરમુરને મળેલી બાતમીના આધારે દ્વારકાના રૂક્ષ્મણી મંદિર પાછળથી રૂબી પોનુખા સોનુખા (ઉ.વ.૩૫), સાદીયા ઉર્ફે શીતલબેન ઇસાક શેખ (ઉ.વ.૨૬), સુમી ઉર્ફે રીયા રોબી કાદર શેખ (ઉ.વ.૩૫), ખલીદા ઉર્ફે નઝમા બેબી મહમ્મદ અલી (ઉ.વ.૩૩)અને રૂબી કાદર શેખ (ઉ.વ.૩૫)ને ઝડપી લઇ તેમની પુછપરછ કરતા આ મહિલાઓ બાંગલાદેશી હોવાનું જણાય છે અને ભારતમાં પ્રવેશવા માટે પાસપોર્ટ, વિઝા કે અન્ય ભારતના કોઇ દસ્તાવેજો રજુ કર્યા ન હતા. તેમની પાસેથી બાંગ્લાદેશી દસ્તાવેજો, જન્મના દાખલા, આઇકાર્ડ, મોબાઇલ નંબર બાંગલાદેશના હોવાનું જણાતા પુછપરછ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આ મહિલાઓ પશ્ચિમ બંગાળના રસ્તેથી એજન્ટોની મદદથી ભારતમાં પ્રવેશવા રૂા. ૨૫૦૦૦ આસપાસ રકમ ચુકવી ઘુસણખોરી કરી હોવાનું બહાર આવ્યું છે. ભારતમાં કાયમી વસવાટ કરી શકે તે માટે ભારતીય નાગરિક સાથે લગ્ન કરી ભારતીય નામ ધારણ કરેલ હોય અને અમુક મહિલાઓ ૭ થી ૧૦ વર્ષ ભારતમાં વસવાટ કરતા હોવાનું તપાસ કરતા ખુલ્યુ હતું.

આ કામગીરી એસઓજીના પીઆઇ પી.સી.સીંગરખીયા, પો.સ.ઇ. આર.જી.વસાવા સહિતના સ્ટાફ બજાવી હતી.



# પોલીસ દ્વારા 'જાહેરમાં સરભરા'નો મામલો હાઈકોર્ટમાંઃ બપોરે સુનાવણી

અમદાવાદમાં વસ્ત્રાલમાં અસામાજીક તત્વોએ આતંક સર્જ્યા બાદ પોલીસે અર્ધોડઝન શખ્સોની ધરપકડ કરીને જાહેરમાં સરભરા કરી હતી. પોલીસની આ કામગીરીને દમન તરીકે ગણાવીને હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે.પોલીસે સરઘસ કાઢીને દમન ગુજાર્યાનો આરોપ મુકયો છે. આ મામલે હાઈકોર્ટમાં બપોરે સુનાવણી રાખવામાં આવી છે.

# હત્યાના ગુનામાં ૧૧ વર્ષથી ફરાર ગોવિંદ ઠકુરી તામિલનાડુથી ઝડપાયોઃ પોલીસ વાસણ-નાળીયેર વેંચી આરોપી સુધી પહોંચી

### ક્રાઈમ બ્રાંચની ટીમે વેશપલ્ટો કર્યો, સતત ત્રાણ દિવસ સુધી મજુરની જેમ કામ કરી ખેત મજૂરી કરતા શખ્સને ઉપાડી લીધો









રાજકોટ તા.૧૭

ગોકુલધામ આવાસ કવાર્ટરમાં ૧૧ વર્ષ પહેલા થયેલ હત્યાના બનાવમાં ફરાર આરોપીને ક્રાઈમ બ્રાંચની ટીમે તામીલનાડુથી દબોચી લીધો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે સતત ત્રાણ દિવસ સુધી વાસણ, નાળીયેર વેંચી આરોપી સુધી પહોંચી હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી. મહેન્દ્ર બગડીયા, સીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ શહેરમાં થયેલ ખુન સહિતના ગુનાઓમાં ફરાર આરોપીને પકડવાની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એન. પરમાર, એમ.કે. મોવલીયાની ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમ્યાન એએસઆઈ જલદીપસિંહ વાઘેલા, હે.કો. સુભાષ ઘોઘારી, કોન્સ. મહાવીરસિંહ ચુડાસમા અને સંજય ખાખરીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સમ્રાટ ઈન્ડ. એરીયા ગોકુલધામમાં આવેલ વીનીત એન્જીનીયરીંગના કારખાના બહાર ૧૧ વર્ષ પહેલા તા.૫-૩-૨૦૧૪ના એક હત્યાનો બનાવ બનેલ હતો. જે બાદ ગુનાને અંજામ આપી આરોપી ફરાર થઈ ગયો હતો. દરમ્યાન ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે આરોપી ગોવિંદ કાલુરામ ખાન ઠકુરી (ઉ.૪૫) રહે. તરૂનેલવેલી તામીલનાડુ મુળ નેપાળ, તામીલનાડુના તરૂનેલવેલીમાંથી દબોચી લીધો હતો.

પોલીસ સુત્રોના જાણાવ્યા અનુસાર ક્રાઈમ બ્રાંચની ટીમે સતત ત્રાણ દિવસ સુધી તરૂનેલવેલીમાં વેશ પલ્ટો કરી વાસણ વેચવાનું તેમજ નાળીયેર પાણી વેચવાનું કામ કરી આરોપી સુધી પહોંચ્યા હતા.

# સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર વિસ્તારને અશાંત ધારામાં સમાવેશ કરોઃ પોલીસ કમિશ્નર સમક્ષ ધા

### શેરી નં.૩,૪,૫નાં રહેવાસીઓ પોલીસ કમિશ્નર કચેરીએ દોડી આવ્યાઃ આવેદનપત્ર પાઠવ્યું



તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ તા.૧૭

સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર વિસ્તારમાં આવેલ શેરી નં.૩,૪,૫ને પણ અશાંત ધારામાં સમાવેશ કરવા પોલીસ કમિશ્નર સમક્ષ રહેવાસીઓએ રજૂઆત કરી આવેદનપત્ર પાઠવ્યું હતું.

પોલીસ કમિશ્નરને કરેલ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે સૌરાષ્ટ્ર કલાક કેન્દ્ર (અઘાટ) પ્રાઈવેટ સોસાયટી શેરી નં.૪ની નજીક આવેલ શેરી નં.૩ તથા શેરી નં.૫નો સમાવેશ થાય છે જેથી શેરી નં.૩, ૪ અને ૫ તમામને અશાંતધારાના કાયદા હેઠળ સમાવવા માટે અરજી કરવામાં આવી રહી છે. તેમની નજીકમાં આવેલી પ્રકાશ સોસાયટી તેમજ સૌ.કલા કેન્દ્ર સોસાયટીનો અશાંત ધારાની અંદર સમાવેશ થયેલ છે જેથી તે વિસ્તારની ડેમોગ્રાફી તથા સુખ સમૃધ્ધિ જળવાય છે ફકત શેરી નં.૩,૪,૫ અશાંત ધારામાં ન આવતો હોવાથી થોડા સમયમાં એક બે મકાનો અન્ય કોમ્યુનિટીમાં વેચાઈ ગયા છે. જેમાં હવે કઈ પણ થઈ શકે તેમ ન હોય પણ આ થોડોક વિસ્તાર જ અશાંત ધારામાં નથી આવતો જેથી અન્ય લોકોની ઈન્કવાયરી થઈ રહી હોવાથી આવતા સમયમાં બીજી જ્ઞાતિના લોકોની વસ્તી વધતી જશે તો આસપાસનો વિસ્તાર પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે તેમ હોય જેથી આ મામલે નિવડો લાવવા રજૂઆત કરવામાં આવેલ છે.

રાજયના પોલીસવડાના પરિપત્ર પર રાજયભરમાં કાર્યવાહીની તૈયારી

# પોલીસના દંડા સાથે હવે બુલડોઝર પણ દોડશે

## છથી વધુ પ્રકારના અપરાધો અને સંકળાયેલા પ્રશ્ને પોતાને 'દાદા' માનતા કે ખુલ્લામાં કાયદાને પડકારતા તત્વો સામે આકરી કાર્યવાહીની તૈયારીઃ સ્થાનિક તંત્રનો સાથ લેવાશે

## ગેરકાનુની ધંધા- ગેરકાનુની બાંધકામ- ગેરકાનુની વિજજોડાણ સામે કાર્યવાહીઃ ટ્રાફિક ભંગ અને હીટ એન્ડ રનની ઘટનાઓમાં પણ આકરી કાર્યવાહી

રાજકોટ: ગુજરાતમાં છેલ્લા એક માસમાં હીટ એન્ડ રનથી લઈને જે રીતે ખુલ્લા માર્ગો પર માફિયાગીરી જેવા દ્રશ્યો સતત સર્જાતા રહ્યા અને કાનૂનની કોઈ ધાક જ ન હોય તેવી સ્થિતિ બની નહી પછી રાજય પોલીસ વડાએ તમામ જીલ્લા-મહાનગર પોલીસ વડાઓને ૧૦૦ કલાકમાં છ પ્રકારની કેટેગરીમાં સંડોવાયેલા અપરાધીઓની યાદી તૈયાર કરીને કાર્યવાહી કરવા આપેલા આદેશ બાદ આગામી થોડાજ દિવસમાં હવે પોલીસનું બુલડોઝર દોડવા લાગે તેવા સંકેત છે.

રાજયમાં હાલમાં અવારનવાર જાહેર માર્ગો પર અસામાજીક તત્વો અને પોતાને 'દાદા' સમજતા માથાભારે લોકો દ્વારા ખુલ્લામાં મારામારી સહિતના કૃત્યો તથા ટ્રાફિક ભંગમાં બેફામ બનીને હીટ એન્ડ રન જેવી ઘટનાઓ બની પછી પોલીસની 'હાજરી' અંગે પણ પ્રશ્નો સર્જાયા હતા તથા એક વખત શાંત-સલામત ગણાતું ગુજરાત હવે 'બિહાર' બની રહ્યું હોવાનો પણ આરોપ લાગી રહ્યો હતો. આ સંબંધમાં ડીજીપી વિકાસ સહાય દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પોલીસ કમીશ્નર, રેન્જ વડા અને જીલ્લા પોલીસ વડાઓની સાથે એક વિડીયો કોન્ફરન્સ આયોજીત કરીને આ પ્રકારની સ્થિતિ પર સખ્ત નારાજગી વ્યકત કરી હતી તથા ખુદને કાનૂનથી પર માનતા શેરીમાંથી લઈને મોટા ઈલાકામાં પોતાના ગેરકાનુની ધંધા ચલાવતા, ધાકધમકીથી નાણા પડાવતા, પારકા જમીન મકાન પર કબ્જો કરતા તથા પાદક પદાર્થનું નેટવર્ક ચલાવતા અને જુગાર સહિતની પ્રવૃતિઓ સાથે જોડાયેલા સહિતના સામે આકરા પગલા લેવા આદેશ આપ્યા છે. જેમાં આ પ્રકારના પોલીસ ચોપડે ચડેલા કે પછી પોલીસ સાથે સાંઠગાંઠ ધરાવતા તત્વો જે કાયદો અને વ્યવસ્થાને 'બાન'માં લઈને ફરે છે તેઓની સામે આકરી કાર્યવાહીના આદેશ આપ્યા છે. આ અંગે પોલીસ વડા દ્વારા આપવામાં આવેલા આદેશમાં આ પ્રકારના તત્વોને કાનૂન શિખડાવવા તેમના ગેરકાનુની બાંધકામો, વિજ કનેકશન, તેમના નાણાકીય વ્યવહારો તપાસીને કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. જેમાં જરૂર પડે પાસા-તડીપાર સહિતની કાર્યવાહી થશે. આ ઉપરાંત તેમના ઘર-ધંધાના કે તેમના કબ્જાના સ્થળો પર ગેરકાનુની બાંધકામો ગેરકાનુની વિજ જોડાણો પણ દુર કરાશે. અમદાવાદમાં ખુલ્લેઆમ ગુંડાગીરી કરતા ભાવસાર ગેંગના ગુંડાઓ સામે તાત્કાલીક કાર્યવાહી થઈ છે અને તેઓ તેમના ગેરકાનુની બાંધકામો તોડી પાડયા હતા. આ કાર્યવાહીમાં ગેરકાનુની રીતે શરાબનો ધંધો કરતા બુટલેગર્સને પણ છોડાશે નહી અને ગેરકાનુની બાંધકામો ઓળખવા સ્થાનિક તંત્રનો પણ સાથ લેવા જણાવાયુ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતભરની અનેક ઘટનાઓનો એક રિપોર્ટ રાજયના પોલીસ વડાએ જોયા પછી આ આદેશ અપાયા છે અને તેમાં હવે રાજયભરમાં આકરી કાર્યવાહી શરૂ થશે.

### અમદાવાદ-સુરતમાં કાર્યવાહી શરૂ

રાજકોટ: રાજયના પોલીસ વડાના પ્રવેશ બાદ સુરત અને અમદાવાદમાં કાર્યવાહી શરૂ થઈ છે અને સુરતમાં પોલીસે સંવેદનશીલ ક્ષેત્રમાં કોમ્બીંગ ઓપરેશન પણ ચલાવ્યુ હતું તથા અસામાજીક તત્વોના ઘરમાં તલાશી લઈને તેમાં જો કોઈ વાંધાજનક હોય તે મુજબ કાર્યવાહી થઈ હતી. અસામાજીક તત્વો ખુદને કાયદાથી પર માનતા તત્વોને સતત પોલીસનો ખૌફ રહે તે જોવામાં આવી રહ્યું છે તો અમદાવાદમાં વસ્ત્રાવમાં હોળીના રાત્રીના અસામાજીક તત્વોએ જે રીતે ખુલ્લેઆમ આતંક મચાવીને નિર્દોષ લોકો પર ચાકુ તલવારથી હુમલો કર્યો તેમાં અનેકને ઓળખીને તેમના મકાનોના ગેરકાનુની બાંધકામોને તોડી પડાયા હતા.

### ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ એકશનમાંઃ તમામ જીલ્લા-મહાનગર પોલીસ વડા સાથે વિડીયો કોન્ફરન્સ



રાજકોટ: ગુજરાતમાં અચાનક જ ઉભા થયેલા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અંગે હવે રાજય સરકાર પુરી રીતે એકશનમાં આવી ગઈ છે અને ગૃહરાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ૪ વાગ્યાથી રાજયના તમામ મહાનગર-જીલ્લાઓના પોલીસ વડા- રેન્જવડાઓ સાથે બેઠક શરૂ કરી છે. જેમાં જે રીતે હાલની ઘટનાઓ બની છે તે સંદર્ભમાં સૂચનાઓ આપશે.

સૂત્રોના જણાવ્યા મુજબ શ્રી સંઘવીએ અગાઉ જ કાનૂનનો અમલ કરનારાઓ ફાયદામાં રહેશે પણ જેઓ કાનૂન માનશે નહી તેઓને કાનૂન શિખવાડાશે તેવો અભિગમ અપનાવ્યો છે અને તેમાં હવે પોલીસ તંત્રને પુરી રીતે એકશનમાં આવવા જણાવશે.

# ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં ચાલુ મેચમાં યુવરાજસિંહ અને ટીનો વેસ્ટ ઝઘડી પડયા

## જો કે અમ્પાયર અને અન્ય ખેલાડીઓ વચ્ચે પડતા બથમબથી થતા રહી ગઈ

નવીદિલ્હી તા.૧૭

સચિન તેંડુલકરની કપ્તાનીવાળી ઈંડિયા માસ્ટર્સ ટીમે બ્રાયન લારાની આગેવાનીવાળી વેસ્ટઈંડીઝ માસ્ટર્સને હરાવીને ખિતાબ જીતી લીધો છે. પહેલી વાર ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગનું આયોજન થયું હતું અને પહેલી વારમાં જ ઈંડિયા માસ્ટર્સે ખિતાબ પોતાના નામે કરી લીધો. આ મેચમાં ઈંડિયા માસ્ટર્સ તરફથી અંબાતી રાયડૂ, સચિન તેંડુલકર અને વિનય કુમારે શાનદાર પ્રદર્શન કર્યું. આ પ્લેયર્સે ટીમને ખિતાબ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી. પણ મેચમાં યુવરાજ સિંહની વેસ્ટઈંડિઝના માસ્ટર્સના ટીનો વેસ્ટ સાથે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ, જેનો હવે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.




ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ ૨૦૨૫ ની ફાઇનલમાં વેસ્ટ ઇન્ડિઝ માસ્ટર્સે પ્રથમ બેટિંગ કરતા ૧૪૮ રન બનાવ્યા હતા. આ પછી, લક્ષ્યનો પીછો કરતી વખતે, ઇન્ડિયા માસ્ટર્સ ટીમ સારી સ્થિતિમાં દેખાઈ રહી હતી અને ૧૩મી ઓવરમાં, અંબાતી રાયડુ અને યુવરાજ સિંહ તેમના માટે બેટિંગ કરી રહ્યા હતા. ત્યારે યુવરાજને ટીનો વેસ્ટ સાથે ઝઘડો થઈ ગયો. બંને ખેલાડીઓ એકબીજા પર કંઈક બૂમો પાડી રહ્યા હતા. વચ્ચે, રાયડુ યુવરાજને પણ પોતાની સાથે લઈ જવાનો પ્રયાસ કરે છે. પરંતુ ટીનો વેસ્ટ સાંભળતો નથી અને ગુસ્સામાં યુવીને હાથથી કંઈક કહેવાનો સંકેત આપે છે. આ દરમિયાન અમ્પાયર અને અન્ય ખેલાડીઓ દરમિયાનગીરી કરે છે. વીડિયો જોઈને વાતાવરણ એટલું તંગ લાગે છે કે બંને ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી થવાની હતી. પણ સદનસીબે એવું ન થયું.

ગડકરીનો જાતિવાદ સામે કડક સંદેશ

# વ્યકિતનું મૂલ્યાંકન તેની જાતિ, ધર્મ, ભાષાના આધારે નહિં, તેના ગુણો-કાર્યથી થવી જોઈએ-નીતિન ગડકરી

## ભલે મને વોટ ન મળે, હું મારા સિધ્ધાંતમાં અડગ છુંઃ કેન્દ્રીય મંત્રી



નાગપુર તા.૧૭

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાતિવાદની વિરૂધ્ધ મોટુ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે કોઈ વ્યકિતનું મુલ્યાંકન તેની જાતિ, ધર્મ, ભાષા કે લિંગના આધારે નહીં બલકે તેના ગુણો અને કાર્યોથી કરવુ જોઈએ.

નાગપુરમાં શનિવારે સેન્ટ્રલ ઈન્ડીયા ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુટના દીક્ષાંત સમારોહના છાત્રોને સંબોધન કરતાં તેમને સમાનતા અને નિષ્પક્ષતાના મહત્વ પર જોર આપ્યું અને જાતિ આધારિત રાજનીતિને ફગાવી દીધી હતી.ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે તે એ પ્રકારની પ્રથાઓમાં સામેલ નહિં થાય, પછી ભલે તેનાથી તેમને વોટનુ નુકશાન પણ થાય.

તેમણે કહ્યું હતું કે હું રાજનીતિમાં છું અને અહી બધું ચાલે છે પણ હું એનો ઈન્કાર કરૂ છું. ભલે મને વોટ મળે કે ન મળે ગડકરીએ કહ્યુ હતું કે પોતાની જાતિગત ઓળખના આધારે અનેક લોકો તેનો સંપર્ક કરતા હતા પણ તે તેના સિધ્ધાંતો પર અડગ રહ્યા હતા.

એક કિસ્સો શેર કરતા તેમણે કહેલું મેં ૫૦ હજાર લોકોને કહ્યું હતું કે ''જો કરેગા જાત કી બાત ઉસકો કસ કે મારૂંગા લાત''

# અમદાવાદમાં હોટેલના તંદૂર રૂમમાંથી મહિલાની લાશ મળી આવતા ચકચાર

## પૈસાની લેતીદેતીમાં હત્યા થયાની આશંકાઃ શંકાસ્પદ આરોપીની ધરપકડ કરાઈ




અમદાવાદ,તા.૧૭

અમદાવાદ એરપોર્ટ ઉપર ફૂડ કોર્ટમાં નોકરી કરતી ૨૩ વર્ષની મહિલાનો મૃતદેહ હાસોલ ચોકી સામે આવેલી હોટેલમાંથી મળી આવ્યો હતો. હાલ, મહિલાની હત્યા થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. એરપોર્ટ પોલીસે હોટેલના સીસીટીવી ફૂટેજ અને FSLની મદદથી વધુ તપાસ શરુ કરી છે. મૂળ ઉત્તર પ્રદેશના કાજીપુર સંત કબીર નગરની રહેવાસી અને હાલ રામોલ મદની રહેવાસી ૨૩ વર્ષીય નસરીનબાનુ ફિરોજ અખ્તરભાઈ અમદાવાદ એરપોર્ટ ઉપર ફૂટ કોર્ટમાં નોકરી કરતી હતી. રવિવારે ગઈકાલે બપોરે એરપોર્ટ પોલીસને એરપોર્ટ નજીક હાસોલ ચોકી સામે હોટેલ તંદુરના રૂમમાંથી તેની લાશ મળી હોવાની જાણ થઈ હતી.

આ બનાવની જાણ થતાં એરપોર્ટ પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ હોટેલ ઉપર પહોંચી ગયા હતા અને હોટેલના સીસીટીવી ફૂટેજ અને FSLની મદદથી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક મહિલાના ગળા ઉપર નિશાન મળી આવ્યા હતા જેને લઇને હત્યાની શંકા સેવાઇ રહી છે. પોલીસે હાલ તે દિશમાં તપાસ હાથ ઘરી છે.પોલીસ તપાસમાં સામે આવ્યુ છે કે મૃતક નસરીન અને આરોપી ચિંતન વાઘેલા મિત્રો હતા.નસરીને આરોપીને કેટલાક પૈસા આપ્યા હતા જે પૈસા ચિંતન પરત કરતો ન હતો, અને પૈસાની લેતીદેતીમા હત્યા કરાઈ હોવાનુ સામે આવ્યુ છે.શંકાસ્પદ આરોપી ચિંતનની ધરપકડ કરાઈ છે.

# ભારત વિરોધી ગતિવિધિ માટે ખાલિસ્તાની આતંકીઓને અમેરિકામાં સ્થાન નહીં

## અમેરિકાના તુલસી ગબાર્ડ અને ભારતના એન.એસ.ઓ વચ્ચે સુરક્ષા બેઠકમાં સહમતી



નવીદિલ્હી,તા.૧૭

અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર તુલસી ગબાર્ડ અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) વચ્ચે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં બંને દેશો વચ્ચે સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જો કે સુરક્ષા પરિષદમાં યોજાયેલી આ બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેની સત્તાવાર માહિતી બહાર આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચે એ વાત પર સહમતિ બની છે કે ભારત વિરોધી ગતિવિધિઓ કરવા માટે ખાલિસ્તાનીઓને હવે અમેરિકામાં સ્થાન નહીં મળે.

૨૦ દેશોના ગુપ્તચર વિભાગના વડાઓ સાથે આયોજિત કોન્ફરન્સ ઉપરાંત અજિત ડોભાલ અને તુલસી ગબાર્ડ વચ્ચે ખાસ બેઠક યોજાઈ હતી. ભારત-અમેરિકા વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી સાથે સુરક્ષા ક્ષેત્રમાં સાથે મળીને કામ કરશે, આ માટે અપનાવવામાં આવનારી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આતંકવાદ અને ઉભરતી ટેક્નોલોજીના જોખમો સહિત વિવિધ સુરક્ષા પડકારોનો સામનો કરવા પરસ્પર સહયોગ વધારવાની ચર્ચા પણ કરવામાં આવી હતી. ઈન્ડો-પેસિફિક મહાસાગરમાં સુરક્ષા, આતંકવાદનું ભંડોળ, ઈમિગ્રેશન અને દેશનિકાલને લગતી ચર્ચાઓ પણ થઈ હતી.

વકફ બિલનો વિરોધ રાજકીય પ્રેરિતઃ જગદંબિકા પાલ

# વકફ બિલ મુદ્દે દિલ્હીમાં જંતર-મંતર પર મુસ્લિમ પર્સનલ લો બોર્ડના દેખાવો

## વકફ બિલથી અમારા ઘર, જમીન અને મસ્જિદો પર હુમલો કરવામાં આવી રહ્યો છેઃ મુસ્લિમ નેતાઓ




નવીદિલ્હી,તા.૧૭

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના બેનર હેઠળ વક્ફ (સંશોધન) બિલ સામે વિરોધમાં અલગ-અલગ મુસ્લિમ સંગઠનોના પ્રમુખ અને રાજકીય પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતાઓએ જંતર-મંતર પર પહોંચવાનું શરૂ કરી દીધું છે. આ દરમિયાન ઝમીયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહેમૂદ મદની, કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, ઈમરાન મસૂદ અને અસદુદ્દીન ઔવેસી જેવા દિગ્ગજ જંતર-મંતર પહોંચ્યા છે.

AIMPLB ના ધરણા પર પ્રતિક્રિયા આપતાં વક્ફ JPC અધ્યક્ષ અને ભાજપ સાંસદ જગદંબિકા પાલે કહ્યું કે, 'જંતર-મંતરનો વિરોધ, રાજકીય પ્રેરિત છે. આ વિરોધ સુનિયોજીત પ્રકારે કરવામાં આવી રહ્યો છે, જે રાજકીય ઘર્ષણના કારણે છે. વિપક્ષના લોકો તુષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યા છે. તેમણે AIMPLB સવાલ પૂછતા કહ્યું કે, કઈ વાતને લઈને વિરોધ થઈ રહ્યો છે? અમે ૪૨૮ પેજનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો છે. તેમણે રિપોર્ટ વાંચ્યો નથી. કલેક્ટરના મામલે સવાલ કરવો ઠીક નથી.'

જગદંબિકા પાલે દાવો કર્યો કે, આ બિલ ગરીબ મુસ્લિમ અને પસમાંદા મુસ્લિમ માટે છે. જ્યારે બેઠક થઈ રહી હતી તો તેમાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના લોકોને પણ બોલાવવામાં આવ્યા હતાં, તમામ સ્ટેટ હોલ્ડર સામેલ હતાં, તેમ છતાં વિરોધ કરવો યોગ્ય નથી. આ મુદ્દે રાજકારણ કરવામાં આવી રહ્યું છે.બીજી બાજુ વિરોધ પહેલાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કહ્યું કે, 'આ વિરોધ પ્રદર્શનમાં AIMPLB સાથે-સાથે બીજા અનેક મુસ્લિમ સંગઠન પ્રદર્શનમાં સામેલ થઈ રહ્યા છે. જંતર-મંતરથી સંદેશ આપવામાં આવશે કે માંગ નહીં માનવામાં આવી તો આંદોલન કરીશું. વિરોધમાં અલગ-અલગ રાજ્યના પ્રતિનિધિઓનું કહેવું છે કે, આ જમીન અમારા બાપ-દાદાઓની છે. આ બિલ દ્વારા ઘર, જમીન અને મસ્જિદો પર હુમલો કરવામાં આવી રહ્યો છે. આ કાળો કાયદો છે. અમે તેને લાગુ નહીં થવા દઈએ. જો કોઈ ધાંધલી કરવામાં આવી રહી છે તો સરકાર તેની તપાસ કરે.

શું તમારે સર્જનાત્મક લેખક બનવું છે?

# સુડો રાઈટે AI મોડેલ બનાવ્યુ જે ૨૦ હજાર લેખકોને તાલીમ આપે છે !!

## આપણી જ શૈલીમાં સર્જનાત્મક અને ઉંડાણપૂર્વક લખવામાં નિષ્ણાંત




નવી દિલ્હી,તા.૧૭

Sudowrite એ તેનું નવું AI મોડલ મ્યુઝ લોન્ચ કર્યું છે, જે લેખકો અને વાર્તાકારો માટે સર્જનાત્મકતાની નવી ભેટ છે. તે સામાન્ય AI થી અલગ છે કારણ કે તે ખાસ કરીને વાર્તાઓ લખવા માટે રચાયેલ છે. મ્યુઝ લાંબી વાર્તાઓ, સમગ્ર પ્રકરણો અને રસપ્રદ પાત્રો બનાવવામાં નિષ્ણાત છે. કંપનીનો દાવો છે કે તેને ૨૦,૦૦૦ થી વધુ લેખકો સાથે મળીને વિકસાવવામાં આવ્યું છે,જેથી તે માણસોની જેમ લખી શકે.

સુડોરાઇટની વેબસાઇટની મુલાકાત લઈને મ્યુઝ માટે સાઇન અપ કરવું પડશે. નવા વપરાશકર્તાઓને મફત ક્રેડિટ મળે છે, જેની સાથે તેઓ પૈસા ખર્ચ્યા વિના પરીક્ષણ કરી શકે છે. ફક્ત તમારી વાર્તાની થીમ ટાઇપ કરો અને મ્યુઝ સેકંડમાં ૩૦૦-૫૦૦ શબ્દોની વાર્તા જનરેટ કરશે. ડ્રાફ્ટ મોડમાં, તે સમગ્ર પ્રકરણો લખી શકે છે, જે આપમેળે પાત્રોમાં ઊંડાણ અને ઘટનાઓની ઉત્તેજના ઉમેરે છે.

### જો તમને લેખનનો કોઈ અનુભવ ન હોય તો પણ ચિંતા કરશો નહીં.



મ્યુઝ સામાન્ય લોકો માટે પણ અદ્ભૂત છે. જો તમને લખવાનો અનુભવ ન હોય તો પણ ચિંતા કરવાની જરૂર નથી. ફક્ત એક આઈડીયા વિચાર દાખલ કરો અને મ્યુઝ તેને વાર્તામાં ફેરવશે. સ્ટુડન્ટ પ્રોજેક્ટ્સ માટે, મનોરંજનના શોખીનો અથવા કોઈ વ્યક્તિનું પુસ્તક શરૂ કરવા માટે તેનો ઉપયોગ કરી શકે છે. કંપનીનું કહેવું છે કે તે સહ-લેખકની જેમ કામ કરે છે, જે તમારા સપનાને શબ્દો આપે છે. જો તમે મ્યુઝમાં સાઇન અપ કરો છો, તો તમને કેટલીક મફત ક્રેડિટ મળે છે. તેની પાસે સબ્સ્ક્રિપ્શન પ્લાન પણ છે, જે ૧૦ થી શરૂ થાય છે. જો તમારે બહુ લાંબી વાર્તા લખવી ન હોય તો ફ્રી ક્રેડિટ યુક્તિ કરી શકે છે.

### તમારી વાર્તાને સર્જનાત્મક બનાવવા માટે ઘણા સાધનો

મ્યુઝ લેખકો માટે ઘણા ટુલ્સ લાવે છે. જનરેટ વડે નવી વાર્તા શરૂ કરો, એક્સપાન્ડ સાથે નાના દ્રશ્યો વિસ્તૃત કરો અને ટોન બદલો, પછી ભલે નાટક હોય કે કોમેડી, રીરાઈટ સાથે. ઉદાહરણ તરીકે, જો તમે જંગલમાં ખજાનો લખો છો, તો મ્યુઝ તેને એક આકર્ષક શોધમાં ફેરવશે. તે માનવ શૈલીમાં લખે છે, જે તેને ChatGPT જેવા મોડલથી અલગ પાડે છે.

# શ્રીલંકાના બેટ્સમેન પરેરાની તોફાની બેટીંગઃ ૬ બોલમાં ૬ સિકસર ફટકારી

## એશિયન લીજેન્ડસ લીગની એલિમિનેટર મેચમાં અફઘાનિસ્તાન સામે શ્રીલંકાનો વિજય



નવીદિલ્હી તા.૧૭

કોઈ પણ બેટ્સમેન માટે ૬ બોલમાં ૬ છગ્ગા લગાવવા કંઈ ખાવાના ખેલ નથી. પણ મોર્ડન ડે ક્રિકેટમાં આવી ઘટના સતત જોવા મળી રહી છે. હવે ફરી એક વાર વિશ્વ ક્રિકેટમાં એક બેટ્સમેને ૬ બોલમાં ૬ છગ્ગા લગાવીને દુનિયાની ચોંકાવી દીધી છે. વિશ્વ ક્રિકેટની વાત કરીએ તો, યુવરાજ સિંહ, હર્શલ ગિબ્સ, કીરોન પોલાર્ડ, રવિ શાસ્ત્રી ઉપરાંત બીજા પણ બેટ્સમેન છે, જેમણે ૬ બોલ પર છ છગ્ગા લગાવવાનું કામ કર્યું છે. તો વળી હવે શ્રીલંકાના થિસારા પરેરાએ એશિયન લીજેંડ્સ લીગની એલિમિનેટર મેચમાં અફઘાનિસ્તાન પઠાન્સ વિરુદ્ધ મેચમાં તોફાની અંદાજમાં બેટીંગ કરી અને ફક્ત ૩૬ બોલમાં ૧૦૮ રનની ઈનિંગ્સ રમી નાખી. પરેરાએ પોતાની ઈનિંગ્સ દરમ્યાન એક ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા હતા. અહીં ઉલ્લેખનિય છે કે પરેરાએ ૩૫ બોલમાં પોતાની સદી પુરી કરી હતી.

શ્રીલંકા લાયન્સના કપ્તાન તરીકે આ ટૂર્નામેન્ટ રમી રહી છે. પરેરાએ શ્રીલંકા લાન્સની ઈનિંગ્સની ૨૦મી ઓવરમાં સ્પિનર અયાન ખાનની ઓવરમાં ૬ છગ્ગા લગાવીને ફેન્સ વચ્ચે સનસનાટી ફેલાવી દીધી. અહીં ઉલ્લેખનિય છે કે, પરેરાએ આવું પહેલી વાર નથી કર્યું પણ ૨૦૨૧માં મેજર કલબ ટૂર્નામેન્ટમાં બ્લૂમફીલ્ડ ક્રિકેટ અને એથલેટિક કલબ વિરુદ્ધ મેચમાં આર્મી સ્પોર્ટ્સ ક્રિકેટ કલબ માટે રમતા એક ઓવરમાં ૬ છગ્ગા લગાવ્યા હતા. હવે પરેરાએ ફરી એક વાર આવું જ કરતા ચાહકોને ચોંકાવી દીધા છે.

આ મેચની વાત કરીએ તો, પરેરાની આ શાનદાર ઈનિંગ્સના કારણે શ્રીલંકાની ટીમ ૨૦ ઓવરમાં ૨૩૦/૩નો સ્કોર બનાવવામાં સફળ રહી, પરેરાએ ૧૦૮ રનની ઈનિંગ્સ રમી, જેમાં ૧૩ છગ્ગા અને બે ચોગ્ગા સામેલ હતા. પરેરા ઉપરાંત મેચમાં મેવન ફર્નાન્ડોએ ૮૧ રનની ઈનિંગ્સ રમી. બાદમાં અફઘાનિસ્તાન પઠાન્સની ટીમે ૨૦ ઓવરમાં ૨૦૪/૪ રન જ બનાવી શકી. શ્રીલંકા લાયન્સ આ મેચને ૨૬ રને જીતવામાં સફળ રહી. પરેરાને તેની શાનદાર ઈનિંગ્સ માટે પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યો.

# વિજય પ્લોટની બે સહિત છ મિલ્કતો સીલ

## ૪- યુનિટને નોટીસઃ વધુ રૂા.૭૦.૭૪ લાખની રીકવરી

રાજકોટ,તા.૧૭ : રાજકોટ મનપા વેરા શાખાની વેરાવસુલાત ઝુંબેશમાં આજરોજ વધુ ૬ મિલ્કતોને સીલ સાથે ૪ યુનિટને સાથે વધુ રૂા.૭૦.૭૪ લાખની રીકવરી કરી હતી.વેરા શાખાએ આજે વોર્ડ નં.૭નાં વિજય પ્લોટ ૪માં એક યુનિટ, શેરી નં.૧૧માં એક યુનિટ, કવિ નાન્હાલાલ માર્ગના શિરોમણી કોમ્પ્લેક્ષ સેકન્ડ ફલોર શોપ નં.૪૬ ભીલવાસ ચોક પાસે અંબિકા આર્કેટ ફર્સ્ટ ફલોર શોપ નં.૧૭૪, ૧૦૫, વોર્ડ નં.૧૩માં શિવાનંદ હોસ્પિટલ નજીક કે.જી.સોસાયટીમાં શ્રીનાથજી કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફલોર શોપ નં.૨ને સીલ કરી હતી.૧૭ મિલ્કતોને સીલની કાર્યવાહ કરતા રીકવરી થઈ હતી.૪-યુનિટને નોટીસ સામે રીકવરી થયેલ બપોર સુધીમાં રૂા.૭૦.૭૪ લાખની રીકવરી થઈ હતી. ગત તા.૧-૪-૨૪ થી આજ દિન સુધીમાં રૂા.૩૯૧.૮૮ કરોડની રીકવરી થયેલ છે. તા.૩૧મી માર્ચ-૨૦૨૫ સુધી તમામ રજાનાં દિવસો સહિત મનપાની વેરા વસુલાત ઝુંબેશ શરૂ રહેશે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૭૦-૨૪૨૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૨૦-૨૩૭૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૫-૨૨૮૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| પામોલીયન તેલ | ૨૨૯૦-૨૨૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૯૦-૨૨૦૦ |
| મકાઇ તેલ | ૨૦૬૦-૨૦૮૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૯૦-૨૩૨૦ |
| કોપરેલ | ૩૫૦૦-૩૫૫૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૪૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૦૬૦૦(-૫૦) |

| ચાંદી |
|---|
| ૧૦૨૩૦૦(- |

# ઓસ્ટ્રેલિયાના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝની હાજરીમાં ઉજવાયો રંગોત્સવ






ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતેબી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરમાંપરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝની ઉપસ્થિતિમાં ભવ્યતાથી રંગોત્સવ ઉજવાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી સંતોએ તેમનું પુષ્પહાર અને અમૃત કળશ દ્વારા સન્માન કર્યું હતું.આ પ્રસંગે બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કાર્યોથી પ્રભાવિત થઈ તેમણે પોતાની ભાવોર્મિઓ રજૂ કરતા જણાવ્યું કે 'અહીં આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવું એ ખરેખર સદ્ભાગ્યની વાત છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આવા પવિત્ર સ્થાન પર, આજના ખાસ ઉત્સવદિને મને આજે અહીં મારી સાથી સભ્યો સાથે આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરું છું. તેઓ જે સંદેશ આપે છે તે બધા જ ઓસ્ટ્રેલિયનવાસીઓ માટે છે, કે બીજાના ભલામાં આપણું ભલું છે. સ્વામીજી, અમે આપના ખૂબ આભારી છીએ કે આપે ભારતથી અહીં પધારી આ ઉત્સવ માટે સિડની શહેરની પસંદગી કરી. બી.એ.પી.એસ. સંસ્થાના ૧૧૫ કરતા વધુ વર્ષોના ઈતિહાસમાં આ લાભ બીજીવાર અમને મળી રહ્યો છે. દસ વર્ષ પહેલાં આપે જે જગ્યાને પ્રસાદીભૂત કરી હતી, આજે એ જ જગ્યાએ ઉપસ્થિત રહી અમે ધન્યતા અનુભવીએ છીએ.

## તા.પમીના અમદાવાદ ખાતે નર્તન સ્કુલના ઉપક્રમે ૨૮માં દીક્ષાંત સમારોહનું આયોજન

રાજકોટ, તા. ૧૭

નર્તન સ્કુલ ઓફ કલાસીકલ ડાન્સ અમદાવાદના ઉપક્રમે સુપ્રસિધ્ધ નૃત્ય કલા ઉપાસિકા સ્મિતા શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ આગામી તા. પમીના ૨૮માં દીક્ષાંત સમારોહનું આયોજન સમુત્કર્ષ એકેડમી, આનંદનગર રોડ, આનંદનનગર ફ્લેટસની નજીક, હેરીટેજ સ્કાયઝ, પ્રહલાદનગર, અમદાવાદ ખાતે સાંજે ૬.૪૦ કલાકે કરવામાં આવેલ છે. જેમાં જીસા, સ્વરા, વેદિકા, આહના વગેરેનો દીક્ષાંત સમારોહ નૃત્યની પ્રસ્તુતિ સાથે યોજાયેલ છે.

આ પ્રસંગે શ્રીમતી નંદિની રમણજી, પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, આચાર્ય ગોસ્વામી શ્રી રણછોડલાલજી, નિશીથ મહેતા, ગુરૂ રીમા શ્રીકાંત વગેરે સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.





## ધીરગુરૂદેવની નિશ્રામાં શાસન પ્રગતિની અર્પણ વિધિ

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર-રાજકોટ સંસ્કારિત શાસન પ્રગતિ માલિક પત્ર દર મહિનાની ૨૫મી તારીખે પ્રગટ થાય છે. વિવિધ લેખો ઉપરાંત જૈન શાસનની ગતિ-વિધિ ઘેર બેઠા જાણવા મળે છે. તાજેતરમાં જૈન બોર્ડિંગ-મહાવીર ભવન, ઉદઘાટન અંકની અર્પણ વિધિ અનિલ ઓમાનવાલા, હરેશ વોરા, મુકેશ કામદાર વગેરેના હસ્તે કરવામાં આવેલ. પૂ. પ્રસીલાજી મહાસતીજી, વૈશાલીનગર-જશ-પ્રેમ-ધીર સંકુલમાં વૈયાવચ્ચ સેન્ટરમાં બિરાજે છે. સ્વાસ્થ્ય સુધારા પર છે તા. ૨૩ને રવિવારે ધંધુકામાં આયંબિલ અને વૈયાવચ્ચ ભવનના ઉદઘાટન પ્રસંગે પૂ. શ્રી ધીરગુરૂદેવ નિશ્રા પ્રદાન અર્થે પધારશે.

નવપદ ચૈત્રી આયંબિલ ઓળી પ્રસંગે ૩૦ માર્ચે પૂ. શ્રી ધીરગુરૂદેવ એવં પ્રવર્તિની પૂ. વનિતાજી મહાસતીજી આદિ ઠાણા ભારતીબેન ભરતભાઇ મહેતા, ડો. અજય મહેતાના નિવાસેથી સકલ સંઘ સહિત વિરાણી પૌષધશાળા પધારશે. જયાં તા. ૪-૪-૨૫થી નવદિવસીય આયંબિલ તપ અને પ્રવચન શ્રેણી યોજાશે.

### નયન કમલ, મુખ કમલ, હૃદય કમલ, હસ્ત કમલ, ચરણ કમલ

## સિતારે જમી પર.. બ્રહ્માકુમારીઝના ૧૦૮ પવિત્ર જીવન પંથ દેવી-દેવતા તુલ્ય યુગલોના માથે મુકુટ : સુંદર આયોજન

રાજકોટ : રાજકોટ: બ્રહ્માકુમારીઝ દ્વારા ગઈકાલે રવિવારે તા.૧૬ માર્ચના રોજ પવિત્ર જીવન યાત્રા મહોત્સવ - મહેકતું ગૃહસ્થ ઉપવનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝના ગુજરાત ઝોન ડાયરેકટર વરિષ્ઠ બ્રહ્માકુમારી ભારતીદીદીજીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

બ્રહ્માકુમારીઝ પંચશીલ સેવા કેન્દ્ર અને રવિરત્ન પાર્ક સેવા કેન્દ્રના પવિત્ર જીવન ધારણ કરનારા કુલ ૧૦૮ તપસ્વીમૂર્ત યુગલોને વિશેષ રૂપે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વરિષ્ઠ બ્રહ્માકુમારી ભારતીદીદીજી, મુંબઈ સાન્ટાક્રૂઝના બ્રહ્માકુમારી મીરાબેન, અમદાવાદ સુખ શાંતિ સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી અમરબેન, રવિરત્ન પાર્કના બ્રહ્માકુમારી નલિનીબેન તેમજ રામકૃષ્ણ મિશનના પ્રણવાર્થાનંદજી મહારાજ મંચ પર શોભાયમાન હતા. સાથોસાથ શહેરના ગણમાન્ય વિભૂતિઓ તો ખરા જ.

કાર્યક્રમનો શુભારંભ બ્રહ્માકુમારીઝ અંજુબેને કર્યો હતો. તેમણે સ્વરચિત કવિતા પંક્તિઓની બૌછાર કરી દીધી હતી. અંજુબેને હેપ્પી વિલેજને 'પવિત્ર પરિસર' ઉપનામ આપ્યું હતું. પરમાતમ સ્મૃતિથી કાર્યક્રમ શરૂ થયો હતો અને પરમાતમની બે મિનિટ યાદ સાથે કાર્યક્રમ સમાપન થયો હતો.દરમિયાન બ્રહ્માકુમારી નલિનીબેને બ્રહ્માકુમારીઝ રાજકોટ વતી ખાસ પધારેલા મહેમાનો અને યુગલોની સાથે આવેલ સહુનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, યુગલોના સન્માન માટે ભારતીદીદીજીએ પ્રેરિત કર્યા. ભારતી દીદીજીએ પ્રેરણા આપી સહુનો ઉત્સાહ વધાર્યો.

બ્રહ્માકુમારી આરતીબેને બ્રહ્માકુમારીઝ સંસ્થાનો પરિચય આપ્યો હતો. કહ્યું કે, બ્રહ્માકુમારીઝની ૧૩૭ દેશમાં ૮૦૦૦ શાખા છે. ગુજરાતમાં ૫૦૦ અને રાજકોટમાં ૩૦ છે.






### હેપ્પી વિલેજ ખાતે 'પવિત્ર જીવન યાત્રા મહોત્સવ'નું શાનદાર સેલિબ્રેશન : બ્રહ્માકુમારી ભારતીદીદીનું માર્ગદર્શન

હેપ્પી વિલેજ મેં છાયી ખુશિયાં વિશેષ - એ થીમ પર બ્રહ્માકુમારી પાર્થવીબેન, બ્રહ્માકુમારી તનિશાબેન અને બ્રહ્માકુમારી પૂજાબેન, બ્રહ્માકુમારી અવનીબેને નૃત્ય નાટિકા રજૂ કરી હતી.

આ કાર્યક્રમ માટે મુંબઈ (સાન્તાક્રુઝ)થી ખાસ આવેલા બ્રહ્માકુમારીઝ ટુરીઝમ વિંગના ચેરપર્સન બ્રહ્માકુમારી મીરાબેને સન્માનિત યુગલો માટે જણાવ્યું હતું કે, તમે પરમાતમના વિશેષ પ્રિય છો. સમાજ માટે શો કેસમાં રાખેલ મોડેલ સમાન છો. બેમિસાલ છો. તેમણે યુગલ શબ્દનો સુંદર અર્થ તારવ્યો હતો. કહ્યું કે યુગલ એટલે યુગ પરિવર્તક. તેમણે યુગલોને અસંભવ ને સંભવ કરનારા સમર્થક ગણાવ્યા હતા અને તોડા - મોડા - જોડા નું એક્ષામ્પલ આપ્યું હતું.

મુખ્ય મહેમાન રામકૃષ્ણ મિશનના પ્રણવાર્થાનંદજી મહારાજે કહ્યું હતું કે પવિત્રતા એ આધ્યાત્મિકતાનો પાયો છે. પવિત્રતાને મહાન ઉપલબ્ધી ગણાવીને આગળ કહ્યું કે, માત્ર વીર લોકો જ આ પવિત્રતાના કઠિન માર્ગ પર ચાલે છે. યુગલોને આધ્યાત્મિક સમાજ માટે એક દિપક અને રોલમોડેલ ગણાવ્યા હતા. આજના યુવાઓને મોબાઈલના વળગણથી દૂર રહેવા, સાવધાન રહેવા સલાહ આપી હતી.

અંતમાં ભારતીદીદીજી એ કહ્યું હતું કે, પરમાત્મા એ આપણને લાયક બનાવ્યા છે. સૌથી વધારે ધન્યવાદ પરમાત્માને આપીએ. તેમણે ૧૦૮ રતનનું સન્માન કરાયું તે માટે પરમાતમનો સૌથી વધારે આભાર માન્યો હતો.

બ્રહ્માકુમારી કિંજલબેને ઉપસ્થિત સહુ કોઈને નિર્વિકારી, નિર્વ્યસની જીવન બનાવવા ઈશ્વરીય સંકલ્પ લેવડાવ્યો હતો.

બ્રહ્માકુમારી ગીતાબેનને સૌને વિશ્વ શાંતિનો સંદેશ આપી પરમાતમ સ્મૃતિમાં સ્થિત કર્યા હતા

ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન તિલક, કમલ, દીપક વગેરનું મહત્વ બતાવી નાની નાની બાળાઓએ આબેહૂબ કૃતિમાં સૌનું સન્માન કર્યું.

રાજકોટ બ્રહ્માકુમારીઝના વિવિધ સેવાકેન્દ્રથી હાજર રાજયોગીની, તપસ્વી મુરત, બાલબ્રહ્મચારી બ્રહ્માકુમારી બહેનોનું તિલક - માલાથી સ્વાગત અને અભિવાદન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે- પવિત્ર જીવન એ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુદ્રઢ સ્વાસ્થ્યની જનની છે. એ સત્ય જ્ઞાનને પ્રકાશિત કરતો આ કાર્યક્રમ વર્ષ ૨૦૨૫માં બ્રહ્માકુમારી ગુજરાતની હીરક જયંતી વર્ષ ની ઉજવણીના ભાગ રૂપે હતો.



## રાજકોટમાં ભેંસ કી પાઠશાલા અને ICE દ્વારા PSI મોક ટેસ્ટ યોજાઈઃ ૬૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

ભાવનગર રોડ ઉપર અમુલ સર્કલ પાસે આવેલા RSS ભવન ખાતે ગત તા.૧૫ને શનિવારના રોજ ભેંસ કી પાઠશાલા અને ICE દ્વારા PSI મોક ટેસ્ટનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલાની પરીક્ષા આપી હતી. આ મોક ટેસ્ટ દરમ્યાન બકુલભાઈ અને મૌલિકભાઈ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.




## "ધ સનશાઈન સ્કૂલ" રવા વિલાસ ખાતે "પ્રિન્સિપાલ ઓનર" કાર્યક્રમ યોજાયો

"ધ સનશાઈન સ્કૂલ" રવા વિલાસ ખાતે "પ્રિન્સિપાલ ઓનર" કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩ - ૨૪ વર્ષનાં વિદ્યાર્થીઓનાં અભ્યાસમાં પ્રથમ,દ્વિતિય અને તૃતિય સ્થાન આવેલ હતા.તેઓને ડો. રોનક મણિયાર અને સ્થપતિ ઉદાણી ભાઈનાં હસ્તે પ્રમાણપત્રો અને સ્મૃતિ ચિહનો અપાયા હતા.શાળાનાં વિદ્યાર્થીઓએ તેમજ શિક્ષકગણે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી.

## ઝાયડસ હોસ્પિટલમાં વ્યકિતગત આરોગ્ય સંભાળને વધારવા માટે નેકસ્ટ-જનરેશન સિકવન્સિંગ પરિક્ષણની શરૂઆત

રાજકોટ, તા.૧૭

મેડિકલ અને પેથોલોજી પરીક્ષણના વિકાસમાં અમદાવાદની ઝાયડસ હોસ્પિટલે અત્યાધુનિક નેક્સ્ટ-જનરેશન સિક્વન્સિંગ (NGS) પરીક્ષણ શરૂ કર્યું છે, જે વ્યક્તિગત આરોગ્ય સંભાળમાં એક દિશાસૂચક છે. આ અદ્યતન ટેકનોલોજી અત્યંત સચોટ અને વિગતવાર આનુવંશિક વિગતો પ્રદાન કરે છે જે વિભિન્ન પ્રકારની બીમારીઓના નિદાન, તેમની ઉપચાર યોજનાઓ અને દર્દીની પર્સનલાઇઝ્ડ થેરાપીમાં એક બેજોડ શરૂઆત છે.

NGS એક આધુનિક મોલેક્યુલર ટેકનોલોજી છે જેનાં માધ્યમથી દર્દીના ઉગઅનું વિશ્લેષણ કરી, જન્મજાત ખામી અને કેન્સર સહિત વિવિધ રોગો માટે સંભવિત જોખમો વિશે વિગતવાર માહિતી મળે છે. ઝાયડસના લેબોરેટરી મેડિસિનના વિભાગમાં આ ટેસ્ટિંગ ટેકનીક; જીનેટિક, હોર્મોનલ અને મોલેક્યુલર મ્યુટેશન્સ, કેન્સર ડાયગ્નોસિસ, વારસાગત વિકૃતિઓ (હેરિડિટરી ડિસિઝ) અને પર્સનલાઇઝ્ડ મેડિસિનના આધારે વધુ અનુરૂપ અને ચોક્કસ સારવાર વિકલ્પો દર્દીઓ સુધી પહોંચાડવા સક્ષમ બનાવશે.ઝાયડસ હોસ્પિટલમાં NGS પરીક્ષણનો પ્રારંભ ઘણા બાયોલોજીકલ એનાલિસીસ અથવા બીમારીઓ સંબંધિત આરોગ્ય સંશોધનમાં નવીન ઉકેલો ઝડપી અને ચોકસાઈ લાવવાની હોસ્પિટલની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મેડિકલ ટ્રીટમેન્ટની સાથે ડાયગ્નોસ્ટિક વિભાગ પણ અગ્રેસર છે.

## રાષ્ટ્રસંત પૂ.શ્રી.નમ્રમુનિમ.સા.ના શુભ સ્વાસ્થ્ય માટે દેશ-વિદેશમાં જપ અને તપ આરાધનામાં અનેક ભાવિકો જોડાશે

### રાજકોટની પંચનાથ હોસ્પિટલ દ્વારા આરૂગ્ગ બોહિલાભના ભાવ સાથે આજના દિવસે નિઃશુલ્ક ઓપીડી થશે

રાજકોટ,તા.૧૭

અનેક આત્માઓના શુભચિંતક, હિતચિંતક, કલ્યાણ ચિંતક એવા રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શુભ સ્વાસ્થ્ય માટે દેશ વિદેશના અનેક ભાવિકો ગઈકાલ રવિવારના દિવસે જપ આરાધના એવમ આયંબિલ તપ આરાધના જોડાયેલ.



પરમ ગુરૂદેવને શાતા પમાડવાના ભાવ સાથે રાજકોટ સહીત દેશ વિદેશમાં જીવદયા-માનવતાના અનેક પ્રકલ્પો દ્વારા અનેક જીવોને શાતા પમાડવાનો પ્રયત્ન થયેલ

પરમ ગુરૂદેવને શાતા પમાડવા માટે વધુ એક પ્રકલ્પ દ્વારા આરુગ્ગ બોહિલાભંના ભાવ સાથે રાજકોટની પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંચનાથ હોસ્પિટલ રાજકોટમાં ૧૭/૩/૨૦૨૫ આજના દિવસે તમામ દર્દીઓ માટે નિઃશુલ્ક ઘડઉ રહેશે.

સાથે કેન્સર હોસ્પિટલ રાજકોટના દર્દીઓને પણ શાતા ઉપજાવાનો પ્રયત્ન કરવામાં આવશે

આ ઉપરાંત રાજકોટમાં આજે ૧૫ જેટલાં અબોલ જીવોને શાતા પમાડવાના ભાવ સાથે અભયદાન આપી તેઓને શ્રી રાજકોટ મહાજન પાંજરાપોળમાં સોંપવામાં આવેલ.

સર્વ ભાવિકોના પ્રેમ, ભક્તિ, તપ અને પ્રાર્થનાના બળથી પરમ ગુરુદેવનું આરોગ્ય જલ્દી સ્વસ્થ થઈ જાય તેવા મંગલભાવો કરીએ.

## ડો.માધવ દવેને શુભેચ્છા આપતા અનિલ મકવાણા

રાજકોટ મહાનગર ભાજપના નવા પ્રમુખ તરીકે ડો.માધવભાઇ દવેની નિમણુંક થઇ છે. આ બદલ તેમની મુલાકાત લઇને ભાજપના પૂર્વ કોર્પોરેટર અને દલિત સમાજના અગ્રણી અનિલભાઇ મકવાણાએ શુભેચ્છા પાઠવી હતી અને આગામી મનપાની ચૂંટણીમાં ભાજપને ઝળહળતી સફળતા અપાવે તેવી શુભકામના આપી હતી.



## નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પીટલ,શ્રી યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ અને સી.જે.ગ્રૂપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ તા.૧૯/૩ બુધવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિકલાંગ વિકાસ કેન્દ્ર, શાળા નંબર : ૫૫, આનંદનગર બગીચા સામે, આનંદનગર મેઈન રોડ નીલકંઠ સિનેમા સામેનો રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## પદયાત્રીઓ માટે ખાસ બંદોબસ્ત કરાવવા બદલ સાંસદનો આભાર માનતા જીતુભાઇ સહિતના આગેવાનો



રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયાએ પોલીસ ડિપાર્ટમેન્ટ સ્ટાફ દ્વારા સેવા સુરક્ષા સુચન બાદ બંદોબસ્ત વધારી પોલીસે કરેલી સેવા બદલ સાંસદ અને આઇજી અશોક યાદવનો ભાજપના કોપરેટર જીતુભાઈ કાટોડીયા, ભરવાડ સમાજ આગેવાન ભીખાભાઈ પડસારીયા જગાભાઈ વકાતર, મેહુલભાઈ ગમારા સહિત ભરવાડ સમાજે આભાર માન્યો હતો.

## રાજયના ૩૮ ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત રૂા.૧૪.૦૯ લાખ ચુકવશે

### ૮ વકીલોને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૧૩ એડવોકેટને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય મળી રહે તે માટે ભલામણ

રાજકોટ, તા.૧૭

રાજ્યના ૩૮ ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત રૂ. ૧૪.૦૯ લાખ ચુકવશે. ઉપરાંત ૮ વકીલોને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૧૩ એડવોકેટને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય મળી રહે તે માટે ભલામણ કરાઈ છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય તેમજ માંદગી સહાય સમિતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિના ચેરમેન તથા સભ્યો શંકરસિંહ એસ.ગોહિલ અને ભરત વી.ભગતની હાજરીમાં તા.૧૫/૩/૨૦૨૫ના રોજ મીટીંગ મળેલ. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગી સહાય સમિતિમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જિલ્લા અદાલતોના ૩૮ જેટલા ધારાશાસ્ત્રીઓ પાસેથી માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે કુલ રૂપિયા ચૌદ લાખ નવ હજાર ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ. તેમજ ૮ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૧૩ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમિટીમાં પણ વધુ માંદગી સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર તેમજ પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ ભરનાર ધારાશાસ્ત્રીઓને જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાયનો લાભ મેળવવા હકકદાર બને છે. તેમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈન્ચાર્જ સેક્રેટરી સિધ્ધિ ડી. ભાવસારની યાદીમાં જણાવાયું છે.




## પક્ષીઘર અને પાણીના કુંડાનું રાહતદરે વિતરણ

વધતી જતી ગરમીને ધ્યાનમાં રાખીને સરદાર પટેલ સ્કાઉટ સેના અને નેચર એડવેન્ચર કલબ દ્વારા પક્ષીઓને રહેવા તેમજ પાણી પીવા મળી રહે એ હેતુસર તા.૨૦ ના અજમેરા શાસ્ત્રીનગરની સામે, નાના મોવા મેઈન રોડ ખાતે સાંજે ૬ થી ૭, તા.૨૧ ના શ્રીનાથજી હવેલી સ્પીડવેલ ચોક ખાતે સવારે ૭:૩૦ થી ૯, તા.૨૨ ના અંબેમાનું મંદિર, જીવરાજપાર્ક સ્પીડવેલ ચોક ખાતે સાંજે ૬ થી ૭ અને તા.૨૪ ના દ્વારકાધીશ ચોકની શાકમાર્કેટ, સ્પીડવેલ ચોક ખાતે સાંજના ૬ થી ૭ પક્ષીઘર અને પાણીનાં કુંડાનું રાહતદરે વિતરણ કરવામાં આવશે.

## ૨૦ થી ૨૨ માર્ચ હોટેલ સિઝન્સમાં થશે રાષ્ટ્રીયકક્ષાની ઈવેન્ટ

# રાજકોટમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ દ્વારા સૌપ્રથમ વખત યોજાશે એક્સેલન્સ એવોર્ડ્સ

### ૧૦૮ વર્ષ જૂની IIA સંસ્થા દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વખત ઈવેન્ટ યોજાશે જેમાં ૫૦૦ થી વધુ દેશભરના નામાંકિત આર્કિટેક્ટ્સ આવશે

### નવું પાલમિેન્ટ બિલ્ડિંગ બનાવનાર અને હાલમાં સાબરમતી રિવરફ્રન્ટ પર જેઓ કામ કરી રહ્યા છે તેવા આર્કિટેક્ટ બિમલ પટેલ, વિશ્વનું સૌથી મોટું કોમર્શિયલ સેન્ટર સુરતમાં ડાયમંડ બુર્સની ડિઝાઈન બનાવનાર સોનાલી રસ્તોગી સહિતના સિનિયર આર્કિટેક્ટ્સ રાજકોટનાં મહેમાન બનશે

(સાંજ સમાચાર ડેસ્ક) રાજકોટ તા.૧૭ : કોઈ પણ શહેરના ક્રિએટર આર્કિટેક્ટ્સ માનવામાં આવે છે. તેમના દ્વારા તૈયાર કરાયેલ ડિઝાઈન કોમિયર્શિયલ કે રેસીડેન્શીયલ બિલ્ડિંગ પૂરતું ફક્ત સીમિત નથી રહેતું પરંતુ શહેરના ટાઉન પ્લાનિંગ, ડેવલપમેન્ટ, લોકો માટેની વ્યવસ્થા જેમકે રોડ - રસ્તા - યુટિલિટી સહિત પણ ડિઝાઈન કરાતી હોય છે. ભારતમાં આર્કિટેક્ટ્સ જોકે અન્ય દેશો

**૨૦ તથા ૨૧ માર્ચના ૭૦ જેટલા આર્કિટેક્ટ્સ જેઓની પસંદગી થઈ છે તેઓ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન રજૂ કરશે : ૨૨ માર્ચના સાંજે વિવિધ કેટેગરીમાં એવોર્ડ અપાશે**

કરતા ઘણા ઓછા છે તેવો એક સર્વે દ્વારા જાહેર કરાયું હતું. હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ દ્વારા અનેક આર્કિટેક્ટ્સનો સમાવેશ કરી તેમને પડતી મુશ્કેલી અથવા સૂચનો કેન્દ્ર સરકાર અને જે તે રાજ્ય સરકારો સુધી પહોંચાડવામાં આવે છે. ત્યારે રાજકોટમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ ૨૦,૨૧ અને ૨૨ માર્ચના રોજ હોટલ સિઝન્સ ખાતે યોજાશે. આ ત્રિ દિવસીય ઈવેન્ટમાં દેશભરથી ૫૦૦ જેટલા આર્કિટેક્ટ્સ રાજકોટના મહેમાન બનશે.

આર્કિટેક્ચરલ એક્સેલન્સની ઉજવણી: રાજકોટમાં IIA નેશનલ એવોર્ડ ૨૦૨૩ પ્રથમ વખત યોજશે : ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજન

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (IIA), ભારતમાં આર્કિટેક્ચરલ વ્યવસાયનું પ્રતિનિધિત્વ કરતી અગ્રગણ્ય રાષ્ટ્રીય સંસ્થા છે, જેના દ્વારા આર્કિટેક્ચરમાં શ્રેષ્ઠતા માટે IIA રાષ્ટ્રીય પુરસ્કારોનું આયોજન કરવામાં આવે છે.

**ભારતના આર્કિટેક્ટ્સ માટેની રાષ્ટ્રીય સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (IIA) વિશે :**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (IIA) એ ભારતમાં આર્કિટેક્ટ્સની રાષ્ટ્રીય સંસ્થા છે. ૧૯૧૭ માં સ્થપાયેલી, સંસ્થામાં આજે ૨૯,૦૦૦ થી વધુ સભ્યો છે અને તે દેશમાં આર્કિટેક્ચરલ શિક્ષણ, ધોરણો અને પ્રથાઓને પ્રોત્સાહન અને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. IIA રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યવસાયની હિમાયત કરે છે, તેનું મુખ્ય મથક મુંબઈમાં છે અને સમગ્ર ભારતમાં ૧૦૦ થી વધુ કેન્દ્રો, ઉપ-કેન્દ્રો અને ચેપ્ટર છે.

નવીનતા ચલાવવા અને ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવાના સમૃદ્ધ ઈતિહાસ સાથે, IIA એ પુરસ્કારો, સ્પર્ધાઓ, પરિષદો અને સતત વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો સહિતની વિવિધ પહેલો દ્વારા આર્કિટેક્ચરલ પ્રતિભાને પોષવામાં અને વ્યવસાયને આગળ વધારવામાં માર્ગનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખ્યું છે. આ વર્ષે ૨૦ થી ૨૨ માર્ચ સુધી રાજકોટમાં એવોર્ડ સમારોહ યોજશે જે ગુજરાતમાં સૌપ્રથમ વખત થવા જઈ રહ્યું છે.

**આર્કિટેક્ચરમાં શ્રેષ્ઠતા માટે IIA રાષ્ટ્રીય પુરસ્કારો :**

આર્કિટેક્ચરમાં શ્રેષ્ઠતા (એક્સેલન્સ) માટે IIA રાષ્ટ્રીય પુરસ્કારો એ ભારતીય આર્કિટેક્ટમાં સૌથી પ્રતિષ્ઠિત માન્યતા ધરાવતા એવોર્ડ્સ છે. આ પુરસ્કારો વિવિધ આર્કિટેક્ચરલ ડોમેન્સમાં અસાધારણ કાર્યને ઓળખે છે, જેમ કે ડિઝાઈન નવીનતા, ટકાઉપણું, કાર્યક્ષમતા અને સમાજ પર અસર જેવી કેટેગરી માટે અપાઈ છે. આ પુરસ્કારો ભારતીય આર્કિટેક્ટ્સની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ અને બિલ્ટ પર્યાવરણમાં તેમના યોગદાનની ઉજવણી કરવા માટે સેવા આપે છે.

પુરસ્કારોનો ઉદ્દેશ્ય ભારતમાં આર્કિટેક્ચરલ શ્રેષ્ઠતા માટે બેન્ચમાર્ક સેટ કરવાનો છે, આર્કિટેક્ટ્સને પર્યાવરણ, સંસ્કૃતિ અને રાષ્ટ્રની ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સર્જનાત્મકતા અને ડિઝાઈનની સીમાઓને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

**IIA ગુજરાત ચેપ્ટર દ્વારા બિડ જીતવામાં આવી :**

૧૦૮ વર્ષના ઈતિહાસમાં, IIA ગુજરાત ચેપ્ટર રાજકોટમાં આ પ્રતિષ્ઠિત ઈવેન્ટનું આયોજન કરવા માટે સફળતાપૂર્વક બિડ જીત્યા બાદ, લાઈવ જ્યુરી સાથે પ્રથમ વખત IIA નેશનલ એવોર્ડ્સનું આયોજન કરશે. આ વિજય ગુજરાતના આર્કિટેક્ટસ કોમ્યુનિટી માટે એક મહત્વપૂર્ણ અને ગૌરવવંતુ ક્ષણ છે. IIA ગુજરાત ચેપ્ટર તમામ ઉપસ્થિતો માટે અવિસ્મરણીય અનુભવ બનાવવાની પ્રતિબદ્ધતા સાથે આ ઈવેન્ટને રાજકોટમાં લાવવા માટે મહેનત કરી હતી.

**એવોર્ડ ઈવેન્ટ ફોર્મેટ**

IIA નેશનલ એવોર્ડ્સ ૨૦૨૩ એક વિશિષ્ટ ફોર્મેટને અનુસરશે જે ભાગ લેનારા આર્કિટેક્ટ્સ અને પ્રતિભાગીઓ બંને માટે નેટવર્કિંગ, શીખવા અને સહયોગ માટે પૂરતી તકોની ખાતરી કરે છે. ઈવેન્ટ ફીચર કરશે:

આર્કિટેક્ચરલ પ્રોજેક્ટ્સ માટે આમંત્રણ અપાયું : ૨૯,૦૦૦ થી વધુ સભ્ય આર્કિટેક્ટ્સ માટે ખુલ્લું મૂકાયું હતી જેમાં ૩૪ શ્રેણીઓમાં સબમિશન આમંત્રિત કરવામાં આવ્યા છે.

૧. સબમિશન પ્રાપ્ત થયું: દેશભરના આર્કિટેક્ટ્સ તરફથી કુલ ૬૦૦ સબમિશન પ્રાપ્ત થયા.

૨. ૧લી શોર્ટલિસ્ટિંગ જ્યુરી: (૧૧ જાન્યુઆરી) આ પ્રારંભિક રાઉન્ડ પસંદગીને ૭૦ શોર્ટલિસ્ટેડ પ્રોજેક્ટ્સ પસંદગી કરાઈ.

૩. ૨જી જ્યુરી -(૨૦ ૨૨ ફેબ્રુ) લાઈવ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન્સ: શોર્ટલિસ્ટ કરાયેલા ૭૦ આર્કિટેક્ટ્સ તેમના પ્રોજેક્ટ્સને ન્યાયાધીશોની પ્રતિષ્ઠિત પેનલ સમક્ષ લાઈવ રજૂ કર્યા અને ત્યારબાદ એક રસપ્રદ પ્રશ્ન અને જવાબ રાઉન્ડ યોજાયો.

૪. જ્યુરી પછીના નિર્ણયો: મૂલ્યાંકનના બીજા રાઉન્ડ પછી, ડિઝાઈન શ્રેષ્ઠતા, ટકાઉપણું અને નવીનતાના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.

૫. એવોર્ડ સેરેમની : ૨૨ માર્ચના રોજ સાંજે એવોર્ડ સેરેમની યોજાશે તમામ વિજેતા આર્કિટેક્ટની ઉજવણી થશે.

પ્રદર્શનો અને સ્ટોલ્સ: આર્કિટેક્ટ્સ અને ઉદ્યોગ ભાગીદારો આર્કિટેક્ચર, બાંધકામ અને ડિઝાઈન સંબંધિત નવીનતમ ઉત્પાદનો, તકનીકો અને સેવાઓનું પ્રદર્શન કરશે.

**ઈવેન્ટની તડામાર તૈયારી :**

IIA રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૨૩ એક જબરદસ્ત સફળતા મળે તેની ખાતરી કરવા તૈયારીઓ ચાલી રહી છે. IIA ગુજરાત ચેપ્ટર, સ્થાનિક ભાગીદારો અને પ્રાયોજકો સાથે, તમામ પ્રતિભાગીઓ માટે અસાધારણ અનુભવ બનાવવા માટે ખંતપૂર્વક કામ કરી રહ્યું છે.

ગુજરાત ચેપ્ટરના અધ્યક્ષ મૌતિક ત્રિવેદી ની લીડરશીપ હેઠળ, સમર્પિત ટીમ, અને સલાહકારો સહિત દિગ્ગજ આર્કિટેક્ટ્સ બિમલ પટેલ, હિરેન પટેલ, જયેશ હરિયાણી, અશ્વિન સંઘવી, કિશોર ત્રિવેદી, અમૂલ્ય માર્ગદર્શન આપી રહ્યા છે. વધુમાં સૌરાષ્ટ્રના ચેરમેન પ્રતિક મિસ્ત્રી, ભાવેશ મહેતા, હાર્દિક લાખાણી, મિતલ ચૌહાણ અને આઈપીએસએ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને કલાવિડ જેવી સંસ્થાઓ ઈવેન્ટની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. IIA ગુજરાતે આર્કિટેક્ટ્સ માટે ટેકનિકલ ટૂર સાથે રાજકોટ અને મોરબીના સિરામિક સિટીના હાર્ડવેર હબને પ્રદર્શિત કરવાની આ તક પણ લીધી છે.







''સાંજ સમાચાર'' ની શુભેચ્છા મુલાકાતે આવેલ આર્કિટેક્ટ્સ અને યુવા એડિટર કરણભાઈ શાહ સાથેની ચર્ચામાં રાષ્ટ્રીય સમારોજ વિશે માહિતી આપતા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ મૌકતિક ત્રિવેદી, સિનિયર આર્કિટેક્ટ અશ્વિનભાઈ સંઘવી તથા કિશોરભાઈ ત્રિવેદી, IPSA કોલેજના પ્રિન્સિપાલ દેવાંગ પારેખ, સૌરાષ્ટ્ર ચેપ્ટરનાં પ્રમુખ પ્રતિક મિસ્ત્રી, સેક્રેટરી મિતલ ચૌહાણ, હાર્દિક લાખાણી, ભાવેશ મેહતા અને કરણ ત્રિવેદી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા (તસવીર : પંકજ શિશાંગીયા)

### રાજકોટના સિનિયર આર્કિટેક્ટ્સ અશ્વિનભાઈ સંઘવી, કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ ગુજરાત ચેપ્ટરના ચેરમેન મૌકતિક ત્રિવેદી, સૌરાષ્ટ્ર રિજિયનના ચેરમેન પ્રતીક મિસ્ત્રી અને ટીમ દ્વારા ચાલતી તડામાર તૈયારી

### ગ્રમ્ય વિસ્તારોમાં નકલી આર્કિટેક્ટ્સનું દૂષણ, કોઈ પણ વ્યકિત ડિગ્રી વગર આર્કિટેક્ટનું બોર્ડ મારી કામ કરે છે તે જોખમી બની શકે : સિનિયર આર્કિટેક્ટ્સ

**AI માત્ર એક ટૂલ છે, તેના પર જ ફક્ત નિર્ભર રહીને ડિઝાઈન બનાવતા લોકો અન્યોને જોખમમાં મૂકી શકે છે : ડિગ્રી, અભ્યાસ અને અનુભવ જરૂરી**

રાજકોટ : આજે સાંજ સમાચારની મુલાકાતે આવેલ આર્કિટેક્ટ્સ માંથી સિનિયર આર્કિટેક્ટ્સ અશ્વિનભાઈ સંઘવી તથા કિશોરભાઈ ત્રિવદીએ જણાવ્યું કે જેમ નકલી ડોક્ટરો પકડાય છે તેમ નકલી આર્કિટેક્ટ્સ પણ અનેક જગ્યાએ જોવા મળે છે. કોઈ પણ વ્યક્તિ આર્કિટેક્ચરની ડિગ્રી વગર પણ પ્રેક્ટિસ કરતા હોય છે તેવું ધ્યાનમાં આવ્યું છે. અમે આ ત્રણ દિવસીય સમારોહ દરમ્યાન અવરનેસ આવે તેવા પ્રયત્નો પણ કરીશું. અમારી રાષ્ટ્રીય સંસ્થાએ કેન્દ્ર સરકારને રજૂઆત પણ કરી છે. આ સાથે આર્ટફિશિયલ ઈન્ટેલિજન્સનો આર્કિટેક્ટમાં ઉપયોગ અંગે તેઓએ જણાવ્યું કે એ.આઈ ફક્ત એક ટૂલ છે અને તેના પર જ નિર્ભર રહી અને ડિઝાઈન બનાવી તે યોગ્ય નથી. દરેક શહેર, વિસ્તાર કે પછી વ્યક્તિની જરૂરિયાત અલગ હોય છે અને તેને લઈને એક આર્કિટેક્ટ તેનો અભ્યાસ અને અનુભવ સાથે ડિઝાઈન બનાવે છે. પરંતુ આર્કિટેક્ટને બાકાત કરી અને ફક્ત એ.આઈ પર જ નિર્ભર રહી ડિઝાઈન વિચારતા લોકો ઘણી વખત જોખમમાં મુકાઈ શકે છે તેવી સંભાવના ઉભી થાય છે. આર્કિટેક્ટ અશ્વિનભાઈ સંઘવી અને આર્કિટેક્ટ કિશોરભાઈ ત્રિવેદી બંને રાજકોટમાં સિનિયર મોસ્ટ અને પાંચ દાયકા થી વધુ સમયથી પ્રેક્ટિસ કરે છે.

## શેરબજાર ગ્રીનઝોનમાં:સેન્સેક્સમાં ૩૦૦ પોઈન્ટનો ઉછાળો: ૭૪૦૦૦ ને પાર

મુંબઈ શેરબજારમાં મંદીના અનિશ્ચિતતાભર્યા માહોલ વચ્ચે આજે તેજીનો ચમકારો હતો. સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૫૦૦ પોઈન્ટથી અધિકનો ઉછાળો સુચવતો હતો જે પછી થોડો પાછો પડયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત ગેપ-અપ હતી હેવીવેઈટ શેરોમાં લેવાલી તથા વિશ્વ સ્તરે તેજીના ટ્રેન્ડથી ઉછાળો હતો જોકે ઊંચા મથાળે ફોલોઅપ ટેકો નહીં આવતા તથા થોડી ઘણી નફારૂપી વેચવાલીથી ટોચની સપાટી જળવાઈ શકી ન હતી. વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી, ફુગાવા દરમાં વૃધ્ધિ, વૈશ્વિક ટેન્શન, યુધ્ધ વધુ ભડકવાના ભણકારા સહીતના કારણોનો પ્રત્યાઘાત હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે માનસ હજુ સાવચેતીનું જ છે.છતાં નીચા મથાળે ખરીદી આવતી રહી છે.ટ્રેડ-ટેરીફ વોરથી માંડીને યુધ્ધ જેવા ઘટનાક્રમોમાં કોઈ નિર્ણાયક સ્થિતિ સર્જાવાના સંજોગોમાં મોટી વધઘટ શકય છે. અન્યથા ટુંકા ગાળામાં અનિશ્ચિતતાનો માહોલ યથાવત રહી શકે તેમ છે. શેરબજારમાં આજે મોટાભાગનાં શેરોમાં ઉછાળો હતો. ડો.રેડ્ડી, અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, મહિન્દ્ર, મારૂતી, ટાટા મોટર્સ, ટાઈટન, અલ્ટ્રાટ્રેક, સીમેન્ટ, ટ્રેન્ટ સહિતનાં શેરો ઉંચકાયા હતા. નેસલે રીલાયન્સ, સ્ટેટ બેંક, ટીસીએસ, બ્રિટાનીયા, વીપ્રો, ભારત પેટ્રોલીયમ વગેરેમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૦૩ પોઈન્ટના ઉછાળાથી ૭૪૧૩૨ હતો તે ઉંચામાં ૭૪૩૭૬ તથા નીચામાં ૭૩૭૯૬ હતો.નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૦૧ પોઈન્ટના ઉછાળાથી ૨૨૪૯૮ હતો તે ઉંચામાં ૨૨૫૭૭ તથા નીચામાં ૨૨૩૫૩ હતો.

ટ્રમ્પ શાસનમાં માઝા મૂકતા ઈમિગ્રેશન અધિકારીઓ

## અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક સાથે પણ દુર્વ્યવહાર: નગ્ન કરી તપાસ કરાઈ

હિંસક વ્યવહાર કરી ડિટેન્શન સેન્ટર મોકલી દેવાયો

મેસાચુએટસ (અમેરિકા) તા.૧૭

અહીંના લોગાન વિમાન મથકે એક ગ્રીનકાર્ડ ધરાવનાર નાગરિક સાથે ઈમિગ્રેશન અધિકારીઓએ દુર્વ્યવહાર કર્યો હતો તેને નગ્ન કરીને તપાસ કરાઈ હતી અને તેની સાથે હિંસક વર્તન કરવામાં આવ્યું હતું. બાદમાં તેને ડિટેન્સન સેન્ટરમાં મોકલી દેવામાં આવ્યો હતો.

રિપોર્ટ મુજબ ૩૪ વર્ષના જર્મન નાગરિક ફેબિયન શિમટને ૭ માર્ચે મેસાચુએટસના લોગાનનાં વિમાન મથકે ઈમિગ્રેશન અધિકારીઓએ તેને અટકમાં લીધો હતો. આ જર્મન નાગરિક તેની કિશોરાવસ્થાથી અમેરિકામાં રહે છે અને હાલમાં ન્યુ હેમ્પશાયરમાં રહે છે.તે લકઝમબર્ગથી પાછો ફરી રહ્યો હતો ત્યારે તેની સાથે આ દુર્વ્યવહાર થયો હતો શ્મિટના પરિવારજનોનું કહેવુ છે કે તેનું ગ્રીનકાર્ડ હાલમાં જ રીન્યુ થયુ છે અને તેની સામે કોઈ કોર્ટની પણ કાર્યવાહી નથી.શ્મિટના પરિવારજનોનું કહેવુ છે કે શ્મિટની હિંસક રીતે પૂછપરછ કરાઈ તેને જબરજસ્તીથી નગ્ન કરીને ઠંડા પાણીથી નવડાવ્યો હતો.

## ત્રિલોક પાર્કમાં બે બહેનોના એક ના એક ભાઈનો ફાંસો ખાઈ આપઘાત: અરેરાટી

**મૃતક ખાનગી કોલેજમાં ઈલેક્ટ્રિક મેઈન્ટેનન્સનું કામ કરતો હતો, કારણ અકળ, પરીવારમાં કાળો કલ્પાંતઃ પોલીસે તપાસ આદરી**

રાજકોટ. તા.૧૭

રૈયારોડ પર આવેલા ત્રિલોક પાર્ક પાસે આવાસ ક્વાર્ટરમાં રહેતા યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી મચી જવા પામી છે. માતા-પિતા બહારગામ ગયા હતા પરત ઘરે આવી જોતા પુત્ર લટકતો હતો. બનાવ અંગે યુનિવર્સીટી પોલીસે કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રૈયા રોડ પર ત્રિલોક પાર્કમાં આવાસ ક્વાર્ટરમાં રહેતો રવિ કનુભાઈ રાઠોડ (ઉ.વ.૨૧)નો યુવક સાંજે સાડા આઠેક વાગ્યે ઘરે હતો ત્યારે પંખાના હૂંકમાં ચૂંદડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. માતા-પિતા બહાર ગામ ગયા હતા ઘરે પરત આવતા રૂમનો દરવાજો ખોલીને જોતા પુત્રને લટકતી હાલતમાં જોઈ હતપ્રભ બની ગયા હતા અને બુમાબુમ કરતા આસપાસના રહેવાસીઓ દોડી આવી ૧૦૮ને જાણ કરતા ઈએમટીએ સ્થળ પર પહોંચી યુવકને જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ યુનિવર્સીટી પોલીસને કરવામાં આવતા પોલીસે મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલએ ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર યુવક ખાનગી કોલેજમાં ઈલેક્ટ્રિક મેઈન્ટેનન્સનું કામ કરતો હતો. રવિવારે આખો દિવસ કોલેજમાં ઈલેક્ટ્રિકનું કામ કર્યા બાદ ઘરે આવીને પગલું ભરી લીધું હતું. બે બહેનના એકના એક ભાઈના મોતથી પરિવારમાં શોક છવાયો છે. યુવકે ક્યાં કારણોસર આપઘાત કર્યો અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

### હવે તા.૬ એપ્રિલ ભાજપના સ્થાપના દિન પુર્વે રાજયો અને રાષ્ટ્રીય સંગઠન નવરચના પુરી થશે

# નવા પ્રદેશ પ્રમુખની રાહ વચ્ચે જિલ્લા-મહાનગરોના સંગઠન રચનાની પ્રક્રિયા શરૂ: બુધવારે રાજકોટમાં બેઠક

### સૌરાષ્ટ્ર ઝોનના નવા વરાયેલા પ્રમુખોની સાથે સંગઠન મહામંત્રી રત્નાકર સંવાદ કરશેઃ મહામંત્રી સહિતની ટીમ તૈયાર કરવાની લીલીઝંડી

રાજકોટ તા.૧૭

ગુજરાતમાં ભાજપના સંગઠન નવરચનાની પ્રક્રિયામાં જિલ્લા અને મહાનગરના પ્રમુખો નિયુક્ત થયા બાદ હવે પ્રદેશ પ્રમુખની નિયુક્તિ માટેના ચક્રો ગતિમાન થયા છે. જો કે સંગઠનની આ કામગીરી સમયે જ ભાજપના રાષ્ટ્રીય કક્ષાના બે વરિષ્ઠ નેતા ભુપેન્દ્ર યાદવ કે જેઓને ગુજરાતના પ્રભારી નિયુક્ત કરાયા હતા. તેમના તથા કેન્દ્રીયમંત્રી ધરમેન્દ્ર પ્રધાનના પિતાનું અવસાન થતા બંને અગ્રણીઓ હાલ કૌટુંબિક કામગીરીમાં વ્યસ્ત છે જયારે ગુજરાતમાં સંગઠન મહામંત્રીએ હવે જિલ્લા અને મહાનગરોના સંગઠનની નવરચનાનો એજન્ડા હાથમાં લીધો છે અને બુધવારે રાજકોટમાં ભાજપના સૌરાષ્ટ્ર ઝોનમાં નવા જિલ્લા અને મહાનગર પ્રમુખો નિયુક્ત થયા છે તેમની એક બેઠક બોલાવાઈ છે અને તેમાં જે તે જિલ્લા અને મહાનગરોના પ્રમુખોને તેમના સંગઠનની રચના અંગે માર્ગદર્શન અપાશે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખને લઈને રાષ્ટ્રીય કક્ષાએ પ્રમુખની નિયુક્તિ માટે હવે તા.૬ એપ્રિલની ડેડલાઈન આવી ગઈ છે. જે દિવસે ભાજપનો સ્થાપના દિન છે અને તે નવા પ્રમુખના નેતૃત્વમાં મનાવાય તેવી ધારણા છે.



### સંગઠન મહામંત્રી રત્નાકરનો ગુજરાત પ્રવાસ શરૂ

રાજકોટ તા.૧૭

સંગઠન મહામંત્રી રત્નાકરે ગુજરાતનો પ્રવાસ શરુ કરી દીધો છે અને આજે તેઓ વડોદરામાં મધ્ય ગુજરાતના પાંચ જિલ્લાઓની બેઠકમાં નવા સંગઠન અંગે માર્ગદર્શન આપશે. આ બેઠકમાં અપેક્ષિતોમાં તાલુકા પંચાયતના પ્રમુખો, જીલ્લા પંચાયતના પ્રમુખો ઉપરાંત સંગઠનના પદાધિકારીઓ હાજર રહેશે અને તેમને સંગઠન નવરચના અંગે માર્ગદર્શન આપશે.

## આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી શિક્ષકો દ્વારા ધર્મપરિવર્તન! મોરારીબાપુના વિધાનો પર પુરાવા માંગતા ભાજપના ધારાસભ્ય

**વ્યારાના ધારાસભ્યએ કહ્યું કોઈ ધર્મપરિવર્તન થતુ નથી: શિક્ષણ રાજયમંત્રીના વિધાનોને પણ આડકતરી રીતે નકાર્યા**

રાજકોટ તા.૧૭

હાલમાં જ તાપી જિલ્લામાં મોરારીબાપુની કથા દરમ્યાન શાળાના ખ્રિસ્તી શિક્ષકો ધર્મપરિવર્તન કરાવતા હોવાના વિવાદમાં હવે ભાજપના જ બે ધારાસભ્યો સામસામા આવી ગયા છે. મોરારીબાપુએ આ અંગે સોનગઢમાં યોજાયેલી કથામાં એવુ કહ્યું હતું કે વિદ્યાર્થીઓને ભગવદ ગીતા શિખવાડવામાં આવે તે સારી બાબત છે પરંતુ સમસ્યા એ છે કે આ વિસ્તારમાં ૭૫ ટકા શિક્ષકો ખ્રિસ્તી છે અને તે આવુ થવા દેવા માંગતા નથી. મોરારીબાપુએ સરકારી શાળાઓમાં ભગવદ ગીતા શિખવાડવાની અપીલ કરી હતી. શ્રી બાપુની કથામાં હાજર રહેલા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પોતાના વકતવ્યમાં આ પ્રકારે ધર્મપરિવર્તન સામે



આકરા પગલા લેવાશે તેવી જાહેરાત કરી હતી અને રાજયના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયાએ એવો દાવો કર્યો કે મને હાથેથી લખાયેલી એક ચીઠ્ઠીમાં એવી ફરિયાદ થઈ છે કે અહીના આદિવાસી વિસ્તારમાં શિક્ષકો બળજબરીથી વિદ્યાર્થીઓનું ધર્માન્તર કરાવે છે. જો કે આ અંગે વ્યારા ભાજપના ધારાસભ્ય મોહનભાઈ કોકનીએ સીધુ કહ્યું કે મોરારીબાપુએ જે કાંઈ દાવો કર્યો છે તેનો કોઈ આધાર નથી.

અમોને જિલ્લામાં ખ્રિસ્તી ધર્મના કોઈપણ શિક્ષક ધર્મપરિવર્તનમાં સામેલ હોય તેવી ફરિયાદ મળી નથી. જો બાપુ પાસે કોઈ ફરિયાદ થઈ હોય તો તેના પુરાવા આપવા જોઈએ. તેમણે કહ્યું કે ભૂતકાળમાં એવુ થતુ હશે પણ ત્યારે કોંગ્રેસની સરકાર હતી. આમ હવે મોરારીબાપુએ શરુ કરેલા વિવાદ ભાજપમાં આંતરિક વિખવાદ સર્જી ગયો છે.

# સરકારની સખ્તાઈ છતાં દેશમાં ફૂલ્યાફાલ્યા ઓનલાઈન સટ્ટાબાજી-જુગાર




## ઓકટોબરથી ડિસેમ્બર-૨૦૨૪ માં ચાર મુખ્ય વેબસાઈટો પર ૧.૬ અબજ વિઝિટ થઈ: ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશનના રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો

ભારતમાં હાલના વર્ષોમાં ગેરકાયદે સટ્ટાખોરી અને જુગારની ગતિવિધીઓમાં મોટો વધારો થયો છે.વેબસાઈટોને બ્લોક કરવા એડવાઈઝરી જાહેર કરવા તથા સરકારના વારંવાર હસ્તક્ષેપ છતાં ગેરકાયદે ઓપરેટર સતત ફુલીફાલી રહ્યા છે. ડિઝીટલ ફાઉન્ડેશન રિપોર્ટમાં દાવો કર્યો છે કે માત્ર ત્રણ મહિના (ઓકટોબરથી ડિસેમ્બર)માં જ ચાર મુખ્ય સાઈટ પર ૧.૬ અબજ વિઝીટ કરાઈ છે.

**ચાર પ્લેટફોર્મ પર વિશ્લેષણ:**
રિપોર્ટમાં ચાર પ્લેટફોર્મ પર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં પરીમેચ, સ્ટેક, વન એકસ બેટ અને બેટ્રી બેટ સામેલ છે. ગેરકાયદે સટ્ટાબાજી સાઈટો પર ઓર્ગેનીક સર્ચ ટ્રાફિક ૧૮.૪ કરોડ લિમિટ છે.ઓર્ગેનીક સર્ચનો આંકડો સોશ્યલ મિડિયા દ્વારા સંચાલિત ટ્રાફીકથી વધુ છે.પ્રત્યેક ઓપરેટર વિનિયામક પ્રતિબંધોથી બચવા અનેક મિરર વેબસાઈટ બનાવી રાખે છે.

**સરકારી હસ્તક્ષેપથી બચવા માટે અપનાવે છે આ રણનીતિ:**
એડવાન્સ ડિઝીટલ માર્કેટીંગ રણનીતિ સરળ પેમેન્ટની વ્યવસ્થા અને મિરર વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવે છે.

**સંસદીય સમિતિએ દર્શાવી હતી ચિંતા:**
રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે નાણાં પર સંસદીય સમિતિ દ્વારા ૨૦૨૬ માં ગેરકાયદે સટ્ટાબાજીથી લઈને ચિંતા દર્શાવવામાં આવી હતી.કહેવામાં આવ્યુ હતું કે મની લોન્ડ્રીંગ અને આતંકવાદને ફંડીંગમાં ઓનલાઈન સટ્ટાબાજીની ભૂમિકા હતી.

અમાન્ય પ્લેટફોર્મ પર ૧.૦૯ અબજ વિઝીટ સીધા યુઆરએલ નોંધ કરાવનારા યુઝર્સથી ઉત્પન્ન થઈ છે.

**બ્લોક કરવું જ પુરતું નથી:**
નોર્વે, ડેન્માર્ક, બેલ્જીયમ અને અમેરિકાનું ઉદાહરણ આપતા કહેવામાં આવ્યું છે કે મા વેબસાઈટોને બ્લોક કરવુ પુરતું નથી. જે દેશોએ ગેરકાયદે સટ્ટાબાજી અને જુગારના પેમેન્ટ રોકવા અને માર્કેટીંગ પર પ્રતિબંધ લગાવ્યા છે ત્યાં સફળતા મળી છે.

**આ સૂચનો અપાયા:**
ડિઝીટલ મિડિયા ચેનલો પર અંકુશ ગેરકાયદે લેવડ-દેવડ રોકવા માટે લેવડ-દેવડ રોકવા માટે નાણાંકીય નિયમોને કઠોર કરવા, ગેરકાયદે ઓપરેટીંગને લાંબા સમય સુધી રોકી રાખવા માટે વોચને કુડક બનાવવાના સુચનો થયા છે.

**સોશ્યલ મિડિયા પર વિજ્ઞાપનના નિયમો મોજુદ પણ લાગુ નહિં:**
વિશ્લેષણ અનુસાર સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર પેમેન્ટ કરવા વિજ્ઞાપનો માટે સખ્ત નિયમો મોજુદ છે પણ તેને લાગુ કરવાની પ્રકિયા સરળ નથી. રિપોર્ટ લખવા સમયે પોતાના બધા પ્લેટફોર્મ-ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ મેસેન્જર અને થ્રેડસ પર વિભિન્ન ફોર્મેટમાં જુગાર, કીવર્ડ અંતર્ગત ૧૦૪૦ વિજ્ઞાપન હોસ્ટ કરી રહ્યું હતું. ૨૦૨૨ અને ૨૦૨૩ દરમ્યાન આવા વિજ્ઞાપનોની સંખ્યામાં વધારો થયો છે. ૨૦૨૪ માં સૌથી વધુ વૃધ્ધિ થઈ છે.

## બર્ગર ખાવા ગયા અને ૧૦ કરોડ રૂપિયાની લોટરી લાગી



લંડન, તા.૧૭

બ્રિટનના કોર્નવોલમાં રહેતા ૩૬ વર્ષીય ક્રેગ હેગીનું ભાગ્ય અચાનક બદલાઈ ગયું.

ક્રેગ હેગી લંચ દરમિયાન બર્ગર ખાવા ગયો હતો. જ્યારે તેનું બર્ગર તૈયાર થઈ રહ્યું હતું, ત્યારે તેણે બે સ્ક્રેચકાર્ડ ખરીદ્યા. સ્ક્રેચકાર્ડ સ્ક્રેચ થતાં જ તેને ૧૦ કરોડ રૂપિયાની લોટરી લાગી. ક્રેગ હેગીએ ઓફિસ પહોંચીને આ માહિતી મેળવી હતી.પરંતુ કોઈએ ક્રેગ પર વિશ્વાસ કર્યો નહીં અને તેને અધીર થતો જોઈને તેને ઘરે મોકલી દીધો.

### મહાસાગરોનાં ગરમ થવાથી ઝડપથી પિગળતા ગ્લેશિયરો

## વધતા જતા તાપમાનને પગલે સમુદ્રોનાં જલસ્તરમાં વધારો: ધીમી તબાહી તરફ ધકેલાતી દુનિયા

### મુંબઈ સહિત દુનિયાનાં અનેક શહેરો ડૂબવાનો ખતરો : બચવાનો એક જ ઉપાય, તાપમાનને વધતું

ન્યુયોર્ક (અમેરીકા) તા.૧૭

ધરતીનું તાપમાન વધી રહ્યુ છે અને તેની સૌથી મોટી અસર મહાસાગરો પર જોવા મળી રહી છે.નાસાના તાજેતરનાં રિપોર્ટ મુજબ ૨૦૨૪ માં સમુદ્રનું જલસ્તર આશાથી વધુ ઝડપથી વધ્યું જેથી મુંબઈ સહિત સેંકડો તટીય શહેરોના ડૂબવાનો ખતરો વધી ગયો છે.

**આવનારો દાયકો વિકરાળ હશે:**
વૈજ્ઞાનિકોએ તેને ધીમી તબાહી કહી છે. જે વિકરાટ રૂપ ધારણ કરી શકે છે. નાસાએ ૨૦૨૪ માં સમુદ્રનાં જલસ્તરમાં ૦.૧૭ ઈંચના વધારાનું અનુમાન લગાવ્યુ હતું પણ અસલમાં તે ૦.૨૩ ઈંચ વધી ગયુ હતું.

**નાસાના વૈજ્ઞાનિકોએ ચેતવ્યા:**
આ અંતર મામુલી નથી કારણ કે જલસ્તરની આ ઝડપનો મતલબ છે કે મહાસાગરો વધુ ગરમ થઈ રહ્યા છે અને ગ્લેશીયર ઝડપથી પિગળી રહ્યા છે.નાસાના વૈજ્ઞાનિક જોશ વિલીસે ચેતવણી આપતા જણાવ્યું છે કે દર વર્ષે જલસ્તરમાં ફેરફાર થાય છે. પરંતુ હવે તે અગાઉથી વધુ ઝડપથી વધી રહ્યા છે.



**પરિસ્થિતિ વધુ બગડશે:**
રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૧૯૯૬ થી અત્યાર સુધી સમુદ્રનું જલસ્તર ૩.૯૭ ઈંચ વધી ચુકયુ છે.પરિસ્થિતિ આવી જ રહી તો ૨૦૪૦ સુધીમાં તેમાં ૨.૭૫ વધુ વધારો થઈ શકે છે.

**તો ઝીરો એક માત્ર ઉપાય:**
યુનિવર્સીટી ઓફ રીડીંગનાં જલવાયુ વૈજ્ઞાનિક પ્રોફેસર રિચર્ડ એલને આ સ્થિતિને 'ધીમી પરંતુ નિશ્ચિત' તબાહી કહી છે.

**મુંબઈ સહિત અનેક શહેરોમાં ખતરો:**
જો આ પરિસ્થિતિ દુનિયાનાં અન્ય મોટા શહેરો જેમ કે લંડન, નેધરલેન્ડ, બેન્કોક, બસરાનો મોટો ભાગ દરિયામાં સમાઈ શકે છે.

અમેરિકામાં ન્યુ ઓરલિયન્સ અને ચાર્લ્સટન જેવા વિસ્તારો પણ ડુબવાના આરે છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં મુંબઈ સહિત અન્ય તટીય શહેરો પર પણ ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. જો ગ્લોબલ વોર્મિંગને રોકવામાં ન આવ્યુ તો આ તબાહી વિકરાળ થઈ શકે છે.

### વિશ્વના ૨૦ શ્રેષ્ઠ શહેરોમાં ૧૪માં ક્રમે

## ફૂડ માટે વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં મુંબઈનો સમાવેશ

### ૬૧ ટકા લોકોએ મુંબઈના સ્ટ્રીટ ફૂડને હેલ્ધી અને ટેસ્ટી ગણાવ્યુ

નવી દિલ્હી:

ફૂડ માટે વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં મુંબઈનો પણ સમાવેશ થાય છે. ટાઈમ આઉટના સર્વેક્ષણમાં, મુંબઈ વિશ્વના ૨૦ શ્રેષ્ઠ શહેરોમાં ૧૪મા ક્રમે છે. ૬૧ ટકા લોકોએ મુંબઈના સ્ટ્રીટ ફૂડને હેલ્ધી અને ટેસ્ટી ગણાવ્યુ છે.

આ સર્વેમાં વિશ્વભરમાંથી ૧૮ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ યાદીમાં સૌથી ઉપર અમેરિકાનું શહેર ન્યુ ઓર્લિયન્સ છે. ફ્રેન્ચ, સ્પેનિશ, વિયેતનામીસ અને આફ્રિકન વાનગીઓના મિશ્રણે તેને લોકોમાં એક પ્રિય શહેર બનાવ્યું છે.



**૧૮ માપદંડો પર પ્રશ્નો:**
સ્થાનિક લોકોને ૧૮ અલગ-અલગ માપદંડોના આધારે તેમના શહેરના ખોરાકને રેટિંગ આપવા કહેવામાં આવ્યું. આમાં ગુણવત્તા અને સસ્તી કિંમતના માપદંડનો સમાવેશ થાય છે.

**બેંગકોક બીજા સ્થાને છે:**
થાઈલેન્ડનું બેંગકોક બીજા અને કોલંબિયાનું મેંડેલિન શહેર ત્રીજા સ્થાને છે. મેંડેલિનમાં સસ્તું ભોજન અને સસ્તી કોફી ઉપલબ્ધ છે. દક્ષિણ આફ્રિકાનું કેપટાઉન ચોથા સ્થાને છે.

**અન્ય શહેરોની વિશેષતા શું છે?**
સ્થાનિક લોકો કહે છે કે મેડ્રિડનું ભોજન વૈવિધ્યસભર છે. તે પાંચમા સ્થાને છે. મેક્સિકો સિટીએ ફૂડ લવર્સનું ફેવરિટ છે. જોલોફ રાઈસ અને સ્મોકિંગ સુયા નાઈજિરિયન શહેર લાગોસના લોકોના પ્રિય છે.

**નવી વ્યંજનકળાના ચાહક**
સર્વેમાં સામેલ ૬૧ ટકા લોકોએ કહ્યું કે મુંબઈમાં ખાવાનું સૌથી આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, અહીં વિવિધ પ્રકારની વાનગીઓ મિક્સ કરીને નવી વાનગીઓ બનાવવામાં આવે છે, જે શેરી શૈલીમાં સર્વ કરવામાં આવે છે.


વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

ગુજરાત સરકાર

વિઝન આધુનિક ગુજરાતનું
મિશન આદિજાતિના સર્વાંગી વિકાસનું



આદિજાતિ વિસ્તારોમાં રહેતા નાગરિકોના સર્વાંગીણ વિકાસ અને સામાજિક ઉત્કર્ષના મંત્રને ધ્યાને રાખી આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫,૧૨૦ કરોડની જોગવાઈ.

વનબંધુઓના સર્વાંગીણ વિકાસના કાર્યને વેગ આપવા વનબંધુ કલ્યાણ યોજના-૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં આગામી પાંચ વર્ષમાં ₹૧ લાખ કરોડની ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. આ વર્ષે અંદાજિત ₹30,૧૨૧ કરોડની ફાળવણી કરાઈ.







**શૈક્ષણિક ઉત્કર્ષ**
- આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલના બાંધકામ માટે **₹૯૧૨ કરોડનું** આયોજન
- અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે **₹૭૫૫ કરોડનો** લાભ આપવામાં આવશે
- **દૂધ સંજીવની** યોજના અંતર્ગત **₹૨૩૩ કરોડની** ફાળવણી કરવામાં આવશે

**આર્થિક ઉત્કર્ષ**
- **મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૨૫ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૨ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૦ કરોડની** જોગવાઈ
- **હળપતિ આવાસ** યોજના હેઠળ **₹૧.૨૦ લાખ** સહાયમાં વધારો કરીને **₹૧.૭૦ લાખ** કરાઈ

**સામાજિક ઉત્કર્ષ**
- આદિજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ સહાય માટે **₹૯૯ કરોડની** જોગવાઈ
- **બિરસા મુંડા યુવા સ્વાવલંબન** યોજના અંતર્ગત આદિજાતિના યુવક-યુવતીઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે બેંક ધિરાણ પર પુરુષ માટે ૬%, સ્ત્રી અને પીવીટીજી-આદિમ જાતિ માટે ૭% વ્યાજ સહાય આપવા માટે **₹૭૪ કરોડની જોગવાઈ**

**પ્રશ્ન એ છે કે રાજકારણમાં પણ તુષ્ટિકરણની કોઈ મર્યાદા હોવી જોઈએ કે નહીં શું ભવિષ્યમાં સીનેમાઘરોની લાઈનમાં કે રેશનીંગની લાઈનમાં આ પ્રકારે અનામત વ્યવસ્થા દાખલ કરાશે**

# ટેન્ડરમાં પણ અનામત : શું કોંગ્રેસ નવો તુષ્ટિકરણ ટેસ્ટ કરવા માંગે છે !



**આપણા રાજકીય પક્ષો માટે અનામત એ એવું હથિયાર બની ગયું છે કે જેને સંકટમાં ઉગારી શકે છે અને કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર સામે પોલીટીકલ વાદળો ઘેરાતા હતા ત્યાંથી મુખ્યમંત્રી સિધ્ધરમૈયાએ સરકારી ટેન્ડર પ્રક્રિયામાં ૪ ટકા મુસ્લિમ અનામત દાખલ કરીને સમગ્ર ચર્ચાને અન્યત્ર દોરવા પ્રયત્ન કર્યો છે પણ પ્રશ્ન એ છે કે અનામત એ ફકત શિક્ષણ અને રોજગારી બે જ ક્ષેત્ર માટે આપણા બંધારણમાં નિશ્ચિત કરાઈ છે એ વાસ્તવિકતા છે કે તે મર્યાદિત સમય માટે હતી અને હવે વોટબેંક પોલીટીકસના કારણે કાયમી બની ગઈ છે તે સ્વીકાર્ય હોય તો પણ હવે ટેન્ડરમાં અને તે પણ ધર્મના આધારે અનામત સ્વીકાર્ય બની શકે નહીં**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

દેશમાં રાજનેતાઓને જયારે પોતાની ખુરશીની અસલામતી ઉભી થાય છે કે તુર્ત જ અનામતનો આશરો લે છે અને કર્ણાટકમાં પણ જે રીતે કોંગ્રેસની સિધ્ધરમૈયા સરકારે જે રીતે હવે સરકારી ટેન્ડરોમાં પણ અનામત વ્યવસ્થા દાખલ કરી અને તે પણ મુસ્લિમ સમુદાયને ૪ ટકા જેટલા અનામતનો લાભ મળશે તે કદાચ અત્યાર સુધીની અનામત અંગેની તમામ લક્ષ્મણ રેખાઓને ઓળંગવા કરતા પણ એક નવો સીલસીલો ચાલુ કર્યો છે અને તે કોંગ્રેસ કે બિન ભાજપ શાસનના રાજયોને આ પ્રકારે અનામત માટે લાલચ જાગે તો આશ્ચર્ય થશે નહીં પણ બંધારણ પર શપથ લેનાર જયારે બંધારણનો ભંગ કરે છે તો આપણે તેમાં અદાલત સિવાય ભાગ્યે જ કોઈ તેને રોકી શકે છે. કર્ણાટક સરકારે અગાઉ આવો જ અનુભવ છે કે જયારે એપ્રિલ-૨૦૨૪માં મુસ્લિમ ઓબીસી અનામત ખત્મ કરવામાં આવી હતી અને તે ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે જેનો ચુકાદો પણ હજુ સુપ્રિમમાં પેન્ડીંગ છે. ધર્મ આધારીત અનામત ન મળી શકે તે પ્રસ્થાપિત થયેલી વાત છે તેમાં કર્ણાટક સરકારનો આ નિર્ણય એ અદાલતના એરણે જશે તો તેને રદ થવા માટે પુરતા કારણો છે. કાનુની નિષ્ણાંતો કહે છે કે કેબીનેટ આ પ્રકારના નિર્ણય લે તો પણ તેને બંધારણની ચિંતા કરવી જોઈએ આ કામગીરી ફકત સુપ્રિમ કોર્ટ કે કોઈ અદાલતની નથી અને અત્યાર સુધી શિક્ષણ અને નોકરી બે જ ક્ષેત્ર એવા હતા કે જેમાં અનામત વ્યવસ્થા લાગુ છે. અન્ય કોઈપણ ક્ષેત્રમાં અનામતનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. કારણ કે અનામત એ સામાજિક અસમાનતા દુર કરવા માટેનો આપણા બંધારણમાં મર્યાદિત સમયમાં આપવામાં આવેલ વિકલ્પને એક તરફ આપણે વોટબેંક પોલીટીકસના કારણે કાયમી બનાવી દીધો છે અને તેનો વિસ્તાર પણ વધતો જાય છે ત્યારે નવા ક્ષેત્રમાં અનામત એ તો કોઈ પણ રીતે સ્વીકાર્ય બને નહીં.

જોકે મુસ્લિમ ઓબીસી અનામત એ દેશમાં કર્ણાટક જ નહીં તામિલનાડુ, કેરળ જેવા રાજયોમાં પણ અત્યારે અમલમાં છે પરંતુ તે હજુ પણ નોકરી અને શિક્ષણ સંસ્થાઓ પુરતું મર્યાદિત રહે ત્યાં સુધી તે સ્વીકાર્ય ગણી શકાય. પણ અહીં તો ટેન્ડર પ્રક્રિયા એટલે કે સરકારના કામકાજોના ટેન્ડર બહાર પડે છે તેમાં પણ અનામત જે કદાચ અત્યાર સુધીમાં સૌથી વધુ તુષ્ટિકરણને હવે ચરમસીમા પર કોંગ્રેસ લઈ જઈ રહી છે તેનું દ્રષ્ટાંત છે, સુપ્રિમ કોર્ટના ધારાશાસ્ત્રી જ્ઞાનંતસિંહ કહે છે કે હજુ કર્ણાટક સરકારી નોકરીમાં મુસ્લિમ અનામતનો મામલો સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે અને ટેન્ડરના મામલા સંબંધી પણ હવે સર્વોચ્ચ અદાલતમાં જંગ ખેલાશે. એજયુકેશન ઈન્સ્ટીટયુટમાં અનામત અંગે બંધારણની કલમ ૧૫ અને સરકારી નોકરીમાં અનામત અંગે બંધારણની કલમ ૧૬માં જોગવાઈ છે. જયારે કર્ણાટક સરકારે જે જોગવાઈ કરી છે તે પબ્લીક એમ્પ્લોયમેન્ટની કક્ષામાં આવતું નથી અને તેથી તેને લાગુ કરી શકાય નહીં. ઉપરાંત અહીં બંધારણની કલમ-૧૯/૧(જી)માં લોકોને વ્યાપાર અને ધંધાનો જે મૌલિક અધિકાર આપવામાં આવ્યો છે તેનો પણ ભંગ છે અને તેથી જ સર્વોચ્ચ અદાલતમાં આ ચુકાદો ટકવો એ સૌથી મુશ્કેલ બની જશે.

**જો કર્ણાટકમાં આ અનામતને સ્વીકાર્ય ગણવામાં આવે તો તે એક નવો સિલસિલો શરૂ કરશે, બિહારમાં ચૂંટણીઓ આવી રહી છે કોંગ્રેસ ત્યાં આ એજન્ડાને ચૂંટણી વચન બનાવી શકે, જાતિ જનગણના એ ઉપરાંત આ મુદ્દો ચગાવીને કોંગ્રેસ પક્ષ પોતાનું વજુદ બચાવવા માંગે છે, કર્ણાટક સરકારના નિર્ણય પર કોંગ્રેસ મોવડી મંડળ ચૂપ છે તે દર્શાવે છે તેના માટે પણ તૃષ્ટિકરણ પર જવા સિવાય બીજુ કોઈ હથિયાર જ નથી પણ બંધારણનો ભંગ એ ચૂંટાયેલી સરકાર કરી ન શકે તે મુદ્દો જ સુપ્રિમ કોર્ટમાં જશે અને વધુ એક વખત આ પ્રકારની અનામતનો ફટકો પડશે તે નિશ્ચિત છે**



પરંતુ આ રાજકીય મુદ્દો ચોકકસપણે છે અનામતની લક્ષ્મણ રેખા અંગે સુપ્રીમ કોર્ટે જે અગાઉ ૫૦ ટકાની મર્યાદા દોરી હતી. તેને દરેક રાજકીય પક્ષોએ એક યા બીજી રીતે ભંગ કરીને પોતાના રાજકીય સ્વાર્થ સાધ્યા છે અને વિપક્ષ શાસન વારંવાર એક યા બીજી રીતે મુસ્લિમ અનામતને યોગ્ય ઠેરવવા માંગે છે. પ્રશ્ન એ છે કે કર્ણાટક સરકાર શા માટે આ અનામત દાખલ કરી રહી છે. શું કોંગ્રેસ હાઈકમાન્ડ આ ટેસ્ટ કેસ બનાવી રહી છે, શું રાહુલ ગાંધી આ મુદ્દે સંમત છે, એ વાસ્તવિકતા છે કે આગામી સમયમાં બિહારમાં ચૂંટણીઓ આવી રહી છે ત્યાં મુસ્લિમ મતદારોની સંખ્યા મોટી છે જેના પર કોંગ્રેસ અને રાજદની નજર હોય તે સ્વાભાવિક છે, જો આ અનામત લાગુ કરવામાં આવે તો ભવિષ્યમાં બિહારમાં ચૂંટણી મુદ્દો બની શકે છે. આમ કોંગ્રેસ ફરી પોતાની જુની ભૂમિકામાં જવા માંગે છે કે જયાં તેને તૃષ્ટિકરણે જમીન પર ઉભા રહેવા માટે થોડી જગ્યા આપી છે.

બીજુ મહત્વનું ફેકટર એ છે કે શું સિધ્ધરમૈયાએ પોતાની સરકાર અથવા તો તેમના નેતૃત્વ સામે જે કંઈ પ્રશ્ન ઉભા થઈ રહ્યા છે તેની સામે આ પ્રકારે વિવાદ સર્જીને ધ્યાન અન્યત્ર દોરવા પ્રયત્ન કર્યો છે, કર્ણાટકમાં એ બહુ વાસ્તવિકતા છે કે કોંગ્રેસ માટે દુવિધાની સ્થિતિ બની શકે છે. ભૂતકાળમાં જે રીતે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોંગ્રેસને નેતૃત્વમાં સેકન્ડ કેડરને સ્થાન ન અપાતા સત્તા ગુમાવી પડી હતી તેવી નજીકની સ્થિતિ કર્ણાટકમાં બની રહી છે ખાસ કરીને ડી.કે.શિવકુમાર કે જે હાલ નાયબ મુખ્યમંત્રી છે તેઓએ પોતાનો મુખ્યમંત્રી પદનો દાવો અનેક વખત હાઈકમાન્ડ પાસે રજુ કર્યો છે પરંતુ સિધ્ધરમૈયા સત્તા છોડવા તૈયાર નથી અને તેથી એવું પણ બની શકે છે કે ડી.કે.શિવકુમાર બીજા એકનાથ શિંદે બને અને તેઓ કોંગ્રેસને આંચકો આપે તે સમયે સિધ્ધરમૈયા પોતાને બચાવવા આ પ્રકારના ગતકડાઓ રજૂ કરીને પોલીટીકલ કટોકટીથી અન્યત્ર ધ્યાન દોરવા પ્રયત્ન કરે તેવી સ્થિતિ છે. સરકારે એવો બચાવ કરે છે કે કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લીક પ્રોકયોરમેન્ટ એકટમાં સુધારો કરીને સરકારી કોન્ટ્રાકટમાં આ અનામતની વ્યવસ્થા દાખલ કરાઈ છે અને તે તમામ લઘુમતીઓને લાગુ પડે છે પરંતુ તેમાં જે ૨-એ શેડયુલ છે તેમાં ફકત મુસ્લિમ સમુદાયનો ઉલ્લેખ છે.

**હજુ કર્ણાટકમાં ઓબીસી મુસ્લિમને અનામતનો મુદ્દો સુપ્રિમમાં પેન્ડીંગ છે ત્યાં જ વધુ એક વિવાદ સુપ્રિમમાં જશે અને ભુતકાળમાં સર્વોચ્ચ અદાલતે જ મુસ્લિમ અનામતને ફગાવી છે, ધર્મને આધારે અનામત હોઈ શકે નહીં તે નિશ્ચિત છે, સામાજીક પછાતપણાને મુખ્ય પ્રવાહમાં ભેળવવા આ આયોજન થયું છે પણ તેમાં આર્થિક માપદંડ ઉમેરાયો તો પણ તે રોજગાર અને શિક્ષણ પુરતો મર્યાદિત રખાયો હતો, સરકારી ટેન્ડર પ્રક્રિયાએ એક અલગ વ્યવસ્થા છે અને તેમાં ચોકકસ વર્ગ માટે અનામત એ સરકારી કામકાજમાં પણ હવે ભેદભાવ આવશે, બંધારણની કલમ ૧૯-એ મુજબ વ્યાપાર, ધંધા એ મૌલિક અધિકાર છે જેને આ પ્રકારની અનામત રોકી શકાય નહીં**

પ્રશ્ન એ છે કે રાજકારણમાં પણ તુષ્ટિકરણની કોઈ મર્યાદા હોવી જોઈએ કે નહીં શું ભવિષ્યમાં સીનેમાઘરોની લાઈનમાં કે રેશનીંગની લાઈનમાં આ પ્રકારે અનામત વ્યવસ્થા દાખલ કરાશે. કોંગ્રેસની કમનસીબી એ છે કે એક પછી એક પરાજય પછી તે પોતાની સતત અસ્વીકાર્ય બની રહેલી વિચારધારા પર કદી ચિંતા કરતી નથી અને કોંગ્રેસ મોવડી મંડળ પણ તે બાબત અંગે મૌન છે જે દર્શાવે છે કે ત્યાં કર્ણાટક કે જયાં શાસન છે ત્યાં તેમની ઓથોરીટી પણ લાગુ પડતી નથી. ભવિષ્યમાં આ પ્રકારે અનામતએ કોઈ નવો પ્રવાહ સર્જે તે પૂર્વે તેના માટે સુપ્રિમ કોર્ટે ચિંતા કરવી પડશે તે નિશ્ચિત છે.

## સચિન બ્રિગેડ બની માસ્ટર્સ ચેમ્પિયન, વેસ્ટ ઈન્ડિઝને છ વિકેટેથી હરાવ્યું : રાયડુએ ૫૦ બોલમાં ૭૪ રન ફટકાર્યા








રાયપુર : ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ ૨૦૨૫ ની ફાઈનલમાં, સચિનની ટીમે બ્રાયન લારાના વેસ્ટ ઈન્ડીઝ માસ્ટર્સને ૬ વિકેટથી હરાવ્યું. વિજય પછી, સચિન, યુવરાજ સિંહ અને ઈરફાન પઠાણ જેવા દિગ્ગજ ક્રિકેટરો મેદાનનું ચક્કર લગાવીને દર્શકો તરફથી શુભેચ્છાઓ સ્વીકારી રહ્યા હતા. આ દ્રશ્યે ક્રિકેટ ચાહકોને ઘણી યાદો તાજી કરી દીધી, જ્યારે સચિન ભારતીય ટીમનો ભાગ હતો.

છત્તીસગઢની રાજધાની રાયપુરના શહીદ વીર નારાયણ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રવિવાર, ૧૬ માર્ચના રોજ ફાઈનલ મેચ રમાઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સના કેપ્ટન બ્રાયન લારાએ પણ ગ્રાન્ડ ફિનાલેમાં શાનદાર બેટિંગ કરી. નિવૃત સિનિયર ખેલાડીઓમાં જરાપણ ઉત્સાહનો અભાવ જોવા મળ્યો નહીં. ખેલાડીઓ શાનદાર શોટ રમીને અને વિકેટો લઈને મેદાન પર વાતાવરણ બનાવતા રહ્યા.

**સચિન અને રાયડુની શાનદાર ભાગીદારી :**

ઈન્ડિયા માસ્ટર્સે પ્રથમ બોલિંગ કરતા વિરોધી ટીમ વેસ્ટ ઈન્ડીઝ માસ્ટર્સને ૧૪૮/૭ ના સ્કોર સુધી મર્યાદિત કરી દીધી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમમાં માસ્ટર બ્લાસ્ટર તેંડુલકર (૨૫) અને અંબાતી રાયડુ (૭૪) વચ્ચે ૬૭ રનની ભાગીદારીએ ભારતને મેચમાં મજબૂત સ્થાન અપાવ્યું.

સચિનના શોટ્સે પ્રેક્ષકોને ઉત્સાહથી ભરી દીધા

ઈન્ડિયા માસ્ટર્સે પોતાની બેટિંગથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા કારણ કે તેંડુલકર અને રાયડુએ ભરચક સ્ટેડિયમની સામે જૂના શોટ્સની યાદ તાજી કરી હતી. જેના માટે આ ખેલાડી જાણીતો છે.

તેંડુલકરે પોતાના સિગ્નેચર કવર ડ્રાઈવ અને ફ્લિકથી સ્ટેડિયમને ઉત્સાહથી ભરી દીધું. રાયડુએ આક્રમક વલણ અપનાવ્યું અને વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સની બોલિંગનો નાશ કર્યો. ૫૧ વર્ષીય સ્ટાર સચિને ૧૮ બોલની પોતાની ઈનિંગ દરમિયાન ૨ ચોગ્ગા અને એક છગ્ગા ફટકારીને દર્શકોને રોમાંચિત કર્યા.

રાયડુએ ૩૪ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી, જ્યારે ગુરકીરત સિંહ માન (૧૪) સાથે બીજી વિકેટ માટે તેની ભાગીદારીએ ભારતીય કુલ સ્કોરમાં ૨૮ રન ઉમેર્યા. સ્પિનર એશ્લે નર્સના બોલ પર શાનદાર શોટ મારવાનો પ્રયાસ કરતી વખતે તે વ્યક્તિ આઉટ થઈ ગયો. ત્યારબાદ યુવરાજ સિંહ (અણનમ ૧૩) મેદાનમાં આવ્યો. જ્યારે ઈન્ડિયા માસ્ટર્સ જીત તરફ આગળ વધી રહ્યું હતું, ત્યારે વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સના સ્પિનરોએ રાયડુની વિકેટ લીધી. રાયડુ ૫૦ બોલની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા બાદ ડાબા હાથના સ્પિનર સુલેમાન બેનનો શિકાર બન્યો.

આ પછી યુસુફ પઠાણને નર્સે આઉટ કર્યો. જોકે, ભારતને છેલ્લા ૨૮ બોલમાં ૧૭ રનની જરૂર હતી. સ્ટુઅર્ટ બિન્ની (અણનમ ૧૬) એ બે જોરદાર છગ્ગા ફટકારીને ઈન્ડિયા માસ્ટર્સને જીત અપાવી.

અગાઉ, કેરેબિયન ટીમે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને ઈન્ડિયા માસ્ટર્સે તેમના બોલરોની મદદથી તેમને ૧૪૮/૭ સુધી મર્યાદિત કરી દીધા. કેરેબિયન ઈનિંગ્સ મુખ્યત્વે લેન્ડલ સિમન્સની અડધી સદીથી મજબૂત બની હતી.

ટીમનું નેતૃત્વ કરતા, બ્રાયન લારા (૬) એ પોતે ઈનિંગ્સ ઓપન કરવા માટે ઉતરીને એક સાહસિક નિર્ણય લીધો. કેરેબિયન જોડીએ નવા બોલથી આક્રમક બેટિંગ કરી, ચાર ઓવરમાં ૩૪ રન બનાવીને ઈન્ડિયા માસ્ટર્સના કેપ્ટન સચિન તેંડુલકરને વિચારતા મૂકી દીધા.ભારત તરફથી વિનય કુમારે લારાને આઉટ કરીને વેસ્ટ ઈન્ડિઝના માસ્ટર્સના આક્રમણને અટકાવ્યું.

લારાની જગ્યાએ વિલિયમ પર્કિન્સ (૬) આવ્યા, પરંતુ ટૂંક સમયમાં જ શાહબાઝ નદીમની ચતુરાઈભરી બોલિંગનો સામનો કરવો પડ્યો.

ત્યારબાદ ઈન્ડિયા માસ્ટર્સે નદીમ અને પવન નેગીની સ્પિન જોડી સાથે મેચ પર પોતાની પકડ મજબૂત કરી, જે નાથી કેરેબિયન ટીમને ગતિ મેળવવા માટે હાંફી ગઈ. રવિ રામપોલ (૨) ને સ્ટુઅર્ટ બિન્નીએ સસ્તામાં આઉટ કર્યો. ત્યારબાદ નેગીએ બીજો મોટો ફટકો માર્યો, ચેડવિક વોલ્ટન (૬) ને સિકસર ફટકાર્યા પછી તરત જ આઉટ કર્યો.

### ઈન્ડિયા માસ્ટર્સને ૧ કરોડ રૂપિયા મળ્યા

ટ્રોફી જીતવા બદલ ઈન્ડિયા માસ્ટર્સને ૧ કરોડ રૂપિયાની ઈનામ રકમ મળી. દરમિયાન, લીગની રનર-અપ ટીમ વેસ્ટ ઈન્ડીઝ માસ્ટર્સને ૫૦ લાખ રૂપિયા મળ્યા.

## કોહલી બ્રોડકાસ્ટરો પર ઉશ્કેરાયોઃ છોલે ભટૂરેને બદલે ક્રિકેટ પર વાત કરો

મુંબઈ, તા.૧૭

ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ બ્રોડકાસ્ટર્સ પર ગુસ્સે થઈને કહ્યું કે તેના ફેવરિટ છોલે ભટુરે વિશે ચર્ચા કરવી જરૂરી નથી. કોહલીએ આરસીબીની એક ઈવેન્ટ દરમિયાન કહ્યું, બ્રોડકાસ્ટર્સનું કામ ક્રિકેટ પર ચર્ચા કરવાનું છે, રાત્રે મેં શું ખાધું તે જણાવવાનું નથી. IPL ૨૦૨૫માં ભાગ લેવા માટે કોહલી બેંગલુરૂ પહોંચી ગયો છે અને RCB ટીમ સાથે જોડાયો છે.





વિરાટ કોહલી તેના અંડર-૧૯ દિવસોથી હેડલાઈન્સમાં છે અને છેલ્લા ૧૫ વર્ષથી ભારતીય ટીમનો મહત્ત્વનો ભાગ છે. સ્પોર્ટ્સ સિવાય તે પોતાની ફિટનેસ પર પણ ખાસ ધ્યાન આપે છે. મેચ દરમિયાન બ્રોડકાસ્ટર્સ ઘણીવાર કોહલીના ડાયટ પર ચર્ચા કરતા જોવા મળે છે. દિલ્હીમાં રણજી ટ્રોફી ૨૦૨૫માં પરત ફરતી વખતે કોહલીએ લંચ માટે ચિલી પનીર મંગાવ્યું હતું, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.

કોહલીએ કહ્યું, 'અમે ભારતને રમતગમતમાં અગ્રણી દેશ બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમારી પાસે વિઝન છે. આજે અમે પાયાના સ્તરે કામ કરી રહ્યા છીએ. તેમાં સામેલ તમામની સામૂહિક જવાબદારી હોવી જોઈએ. તે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અથવા લોકો નાણાંનું રોકાણ કરવા વિશે નથી. તે જોનારા લોકો વિશે પણ છે. અમને શિક્ષણની જરૂર નથી.' તેણે કહ્યું, પ્રસારણ કાર્યક્રમમાં રમતગમત વિશે વાત થવી જોઈએ, નહીં કે મેં ગઈકાલે લંચમાં શું ખાધું કે દિલ્હીમાં મારું મનપસંદ ભોજન છોલે ભટુરે છે. ક્રિકેટ મેચોમાં આવું ન થઈ શકે. તેના બદલે તમે એથ્લેટ ક્યા દોરમાંથી પસાર થઈ રહ્યા છે તે વિશે વાત કરી શકો છો.

## તેલુગુ ફિલ્મમાં જોવા મળશે ક્રિકેટર ડેવિડ વોર્નર

નવી દિલ્હી:

સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી આઈપીએલમાં રમી ચુકેલા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નર આગામી તેલુગુ ફિલ્મ 'રોબિન હૂડ'માં મહેમાન કલાકારની ભૂમિકામાં જોવા મળશે. મૈત્રી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત આ ફિલ્મનું નિર્દેશન વેંકી કુદુમુલા કરશે.



આ ફિલ્મ ૨૮ માર્ચે રિલીઝ થશે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે, મેદાન પર ચમક્યા પછી હવે સિલ્વર સ્ક્રીન પર ચમકવાનો સમય છે. દરેકના પ્રિય ડેવિડ વોર્નરનું ભારતીય સિનેમામાં રોબિન હૂડમાં મહેમાન ભૂમિકા સાથે સ્વાગત કરવામાં આવ્યું છે. વોર્નરે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે, ભારતીય સિનેમા, હું આવી રહ્યો છું. રોબિનહૂડનો ભાગ બનવા માટે ઉત્સાહિત. શૂટિંગમાં ખૂબ જ મજા આવી.

## હજુ નિવૃત્તિ લેવાનો નથીઃ કોહલી



બેંગ્લુરુ:

ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ શનિવારે કહ્યું કે અત્યારે તે નિવૃત્તિ વિશે વિચારી રહ્યો નથી. તે રમતનો આનંદ માણી રહ્યો છે અને તેની સ્પર્ધાત્મક ભાવના સંપૂર્ણપણે અકબંધ છે. તેણે દુબઈમાં ભારતની તાજેતરની ચેમ્પિયન્સ ટ્રોફી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પછી કેપ્ટન રોહિત શર્માએ પણ પોતાની નિવૃત્તિ અંગેની ચર્ચાઓને ફગાવી દીધી હતી.

કોહલીએ આરસીબી ઈનોવેશન લેબમાં એક વાર્તાલાપ સત્રમાં કહ્યું ગભરાશો નહીં, હું કોઈ જાહેરાત નથી કરી રહ્યો. અત્યાર સુધી બધું સારું છે. મને હજુ પણ રમવાનું ગમે છે. મારા માટે હવે રમવું એ ફકત આનંદ, સ્પર્ધાત્મક ભાવના અને રમત પ્રત્યેનો પ્રેમ છે. અને જ્યાં સુધી તે ચાલે ત્યાં સુધી હું રમવાનું ચાલુ રાખીશ. મેં આજે કહ્યું તેમ, હું કોઈ સિદ્ધિ માટે નથી રમી રહ્યો. તમે જાણો છો કે સ્પર્ધાત્મક ભાવના તમને નિવૃત્તિના પ્રશ્નનો જવાબ શોધવા દેતી નથી. રાહુલ દ્રવિડ સાથે મેં આ વિશે રસપ્રદ વાતચીત કરી હતી.

કોહલીએ કહ્યું, તેણે કહ્યું કે તમે તમારા જીવનમાં ક્યાં છો તે શોધો અને જવાબ એટલો સરળ નથી. તમે કદાચ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હશો અને તમને એવું જ થશે. પણ એવું નથી. પરંતુ જ્યારે પણ સમય આવશે ત્યારે મારી સ્પર્ધાત્મક ભાવના મને તેનો સ્વીકાર કરવા પરવાનગી આપશે નહીં. કદાચ બીજો મહિનો. મારા જીવનના આ સમયે હું ખૂબ જ ખુશ અનુભવું છું.

જો કે, ૩૬ વર્ષીય કોહલીએ સ્વીકાર્યું કે વધતી ઉંમરે તેની રમતમાં ટોચ પર રહેવાની સમગ્ર પ્રક્રિયાને થોડી વધુ મુશ્કેલ બનાવી દીધી છે. તેણે કહ્યું, હું મારી ઉર્જા યોગ્ય જગ્યાએ રાખવા માંગુ છું. હવે તેને ઘણી મહેનતની જરૂર છે. જે લોકો લાંબા સમયથી રમ્યા છે તેઓ આ સમજે છે. તમે ૩૦ વર્ષની ઉંમર પછી એટલી બધી વસ્તુઓ નહીં કરી શકો જેટલી તમે તમારા ૨૦માં કરી શકો. હું પણ મારા જીવનમાં થોડી અલગ જગ્યાએ છું. મને લાગે છે કે આ એક કુદરતી પ્રગતિ છે. મને વિશ્વાસ છે કે આ તમામ યુવા ખેલાડીઓ પણ આ જ સ્થાને પહોંચશે.

### વિરાટે કહ્યું, હું કોઈ સિદ્ધિ માટે નથી રમી રહ્યો, હજુ પણ સ્પર્ધાત્મક ભાવના સંપૂર્ણ રીતે અકબંધ છે

**ઓલિમ્પિક ચેમ્પિયન બનવું શાનદાર રહેશે**

લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશથી કોહલી રોમાંચિત છે. તેણે કહ્યું કે IPL એ રમતને ઓલિમ્પિકમાં સ્થાન અપાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. ૧૯૦૦માં પેરિસ ઓલિમ્પિક બાદ પ્રથમ વખત ક્રિકેટ ઓલિમ્પિકમાં પરત ફરશે. કોહલીએ કહ્યું, ઓલિમ્પિક ચેમ્પિયન બનવું એક શાનદાર અનુભવ હશે. આમાં IPLની મોટી ભૂમિકા રહી છે. આનાથી ક્રિકેટને એવા સ્તરે પહોંચ્યું કે હવે તે ઓલિમ્પિકનો એક ભાગ છે. અમારા કેટલાક ખેલાડીઓ માટે આ મોટી તક છે. ખેલાડીઓ પ્રથમ વખત આનો અનુભવ કરશે. મને ખાતરી છે કે અમે તે મેડલની નજીક હોઈશું. મહિલા અને પુરૂષ બંને ટીમો. કોહલી ૨૦૨૮ સુધીમાં ૪૦ વર્ષનો થઈ જશે અને તેના માટે ઓલિમ્પિકમાં રમવું મુશ્કેલ છે.

**...તો હું એક મેચ રમીશ અને મેડલ સાથે પાછો આવીશ**

તેણે મજાકમાં કહ્યું, ઓલિમ્પિકમાં, મને ખબર નથી. જો આપણે ગોલ્ડ મેડલ માટે રમીશું તો હું મેચ રમીશ અને મેડલ લઈને ઘરે પરત ફરીશ.પરંતુ મને લાગે છે કે તે રમત માટે એક સારી વાત છે.

# રિઅલ એસ્ટેટ ઠંડુગાર! હોમલોનમાં ૨૦ ટકાનો મોટો ઘટાડો

## જમીન-મકાનનાં ઉંચા ભાવ, જંત્રીદરમાં તોળાતા વધારા, શેરબજારની મંદી સહિતના કારણોથી મોરલ ખરડાયું



અમદાવાદ તા.૧૭

કોરોનાકાળ પછી જમીન-મકાન ક્ષેત્રની અસામાન્ય તેજીએ કેટલાંક મહિનાઓથી બ્રેક લીધો છે.છેલ્લા ત્રિમાસીક ગાળામાં ગુજરાતમાં હોમલોનમાં ૨૦ ટકાનો મોટો ઘટાડો થયો છે.ઓકટોબર-ડીસેમ્બરમાં ૧૫૨૧૧ કરોડની હોમલોન મંજુર થઈ હતી તે ગત વર્ષનાં આ ગાળામાં ૧૮૯૬૭ કરોડની હતી.

સ્ટેટ લેવલ કમિટીનાં રીપોર્ટ મુજબ હોમલોનની સંખ્યા અને રકમ બન્નેમાં ઘટાડો થયો છે. જાણકારોના કહેવા પ્રમાણે અનેકવિધ કારણોથી આ સ્થિતિ પેદા થઈ છે.જમીન-મકાનનાં ઉંચા ભાવ, મની ક્રાઈસીસ, નીતિવિષયક અનિશ્ચિતતા તથા ઈન્વેસ્ટરોના બદલાયેલા માનસ જેવા કારણો જવાબદાર છે. રાજય સરકારે જંત્રીદરમાં વધારો કરવાનું જાહેર કર્યુ હોવાથી તે વિશેની અનિશ્ચિતતાથી માર્કેટમાં ખચકાટ છે રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં હોમલોન ક્ષેત્રે કોઈ ચમક જોવા મળી નથી. જંત્રીદરનાં સુચિત વધારાએ માનસ ખરડાયું છે.

રસપ્રદ વાત એ છે કે કોવિડકાળ અને તે પછીનાં વર્ષોમાં મકાન-ફલેટની ડીમાંડમાં મોટો વધારો થયો હતો. સંખ્યાબંધ લોકોએ વધારાનાં આવાસ પણ ખરીદ કર્યા હતા. હવે આવાસની કિંમત ઘટતા તથા ભાવ સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હોવાથી વધુ વળતર મળવા વિશેની આશંકાથી માર્કેટ ઠંડુ પડી ગયુ છે. આ સિવાય અન્ય રોકાણ ક્ષેત્રો સાથેની સ્પર્ધાની પણ અસર છે. સોના-ચાંદી જેવા ક્ષેત્રોમાં વધુ કમાણી થવા લાગી હોવાથી ઈન્વેસ્ટરો રીયલ એસ્ટેટમાંથી નાણાં ખેંચીને અન્યત્ર રોકાણ કરવા લાગ્યા છે.

રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં ગ્રાહકોનો પ્રવાહ જળવાવાનાં આશાવાદથી નવા-નવા પ્રોજેકટો મુકનારા બિલ્ડરોને હવે મુશ્કેલીનો સામનો કરવાનો વખત આવ્યો છે. કેડાઈ ગુજરાતનાં હોદેદાર એવા એક જાણીતા બિલ્ડરે કબુલ્યુ હતું કે કેટલાંક મહિનાથી પ્રોપર્ટી ડીમાંડમાં ઓટ આવી છે.

લીકવીડીટી ક્રાઈસીસનો પણ ઓછાયો છે અને રીયલ એસ્ટેટ ક્ષેત્રને તેની મોટી અસર થઈ છે.શેરબજારની મંદીમાં લોકોના નાણા ફસાઈ જવાની પણ અસર છે. હાલ પરિસ્થિતિ એવી છે કે જાણીતા તથા સારો ટ્રેક રેકોર્ડ ધરાવતા બિલ્ડરોના પ્રોજેકટોમાં બુકીંગ થઈ રહ્યા છે. હજુ ટુંકા ગાળામાં હાલતમાં કોઈ બદલાવ થાય તેમ નથી.



મવડી વિસ્તારમાં નબીરાએ ૧૨૦ની સ્પીડે કાર ચલાવી ત્રણ વાહનોને કચડી નાંખી વૃધ્ધને મોતને ઘાટ ઉતાર્યા હતા. જે બાદ અકસ્માત સર્જનાર કાર અને ભોગ બનનારનું એકટીવા નજરે પડે છે. તેમજ ઘટના સ્થળે એકઠા થયેલ લોકોએ કાર ચાલક સહિત બે શખ્સોને પકડી પોલીસ હવાલે કર્યા હતા. (તસ્વીર : સરફરાજ પઠાણ)

### બેફામ નબીરાઓ, અવિરત મહામૂલી ઝીંદગી હણી રહ્યાં છે...

# રાજકોટના મવડીમાં ૧૨૦ની સ્પીડે કાર ચલાવી ત્રણ વાહનોને ઉડાડયા, વૃધ્ધનું મોત

## એક બાળકી અને એક યુવાન ગંભીર, સારવારમાં મવડી ચોકડી તરફથી આવતો કાર ચાલક એકલો જ વાહન ચલાવતો હોય તેમ લિવર દબાવી દીધું, સદભાવના વૃધ્ધાશ્રમ પાસે આવેલ ડેરીએથી ઘરે જતાં વૃધ્ધ પેટ્રોલપંપ તરફ જતાં હતાં ત્યારે હડફેટે લીધાં



### લોકોએ બંને યુવાનોને પકડી પોલીસને સોંપ્યાઃ કાર ચાલક જૂનાગઢનો ઋત્વિજ પટોળીયા હોવાનું ખુલ્યું, સાથેના શખ્સની પણ ધરપકડ

રાજકોટ. તા.૧૭

અમદાવાદમાં તથ્યકાંડની ઘટનામાં નવ લોકોએ જીવ ગુમાવ્યો હતો. જે બાદ વડોદરામાં બે દિવસ પુર્વે કાર ચાલક નબીરાએ નશામાં ધૂત થઈ પુર ઝડપે કાર હંકારી એકટીવા સવાર ત્રણ લોકોને હડફેટે લેતાં એક યુવતિનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. બનાવના પગલે લોકોએ નશામાં ધૂત શખસને માર મારી પોલીસને સોંપ્યો હતો. જે બનાવની શાહી સુકાઈ નથી ત્યારે રાજકોટમાં બેકાબુ બનેલા કાર ચાલકે મવડીમાં ત્રણથી વધુ વાહન ચાલકોને હડફેટે લેતાં વૃધ્ધનું ઘટનના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે ઈજાગ્રસ્ત કિશોરીને સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં ખસેડાઈ હતી.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. કાર ચાલક અકસ્માત સર્જી નાશી છુટે તે પુર્વે જ પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. તેમની સાથેના એક શખ્સને પણ પકડી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, શહેરના મવડી વિસ્તારમાં આવેલ ભારત પેટ્રોલ પંપ પાસે રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ જીજે ૦૧ કેએકસ ૫૦૮૦ નંબરની ક્રિયા કારના ચાલકે ૧૦૦ની સ્પીડમાં કાર હંકારી ત્રણથી વધુ વાહન ચાલકોને હડફેટે લેતા વૃધ્ધ અને કાકા-ભત્રીજી ઈજાગ્રસ્ત થયા હતા. બનાવના પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને લોકોએ જ કાર ચાલક અને તેની સાથે બેસેલ શખ્સને પકડી લીધાં હતાં.

ઘટનાની જાણ થતાં જ માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જીગ્નેશ દેસાઈ સહિતનો સ્ટાફ દોડી જ અકસ્માત સર્જનાર ઋત્વિક રમેશ પટોળીયાને દબોચી લઈ પોલીસ મથકે લઈ જવાયો હતો.જયારે ઈજાગ્રસ્તોને તાકિદે ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા. જયાં ટુંકી સારવાર દરમ્યાન ગંભીર રીતે ઘવાયેલા પ્રફુલભાઈ જેઠાલાલ ઉનડકટ (ઉ.૭૦) નામના વૃધ્ધ દમ તોડી દીધો હતો.જયારે આરાધ્યા ધવલભાઈ ડોબરીયા (ઉ.૧૨) અને તેના કાકા પિયુષભાઈ બન્ને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર હેઠળ રખાયા હતા.

મૃતક પ્રફુલભાઈ નામના વૃધ્ધના મૃતદેહને માલવીયા નગર પોલીસે પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધ નાણાવટી ચોક વિસ્તારમાં આવેલ મણિનગરમાં રહે છે અને ગોંડલ રોડ પર આવેલા સદભાવના વૃધ્ધાશ્રમ નીચે તીરૂપતિ ડેરી ફાર્મ ધરાવે છે. રાત્રીના દુકાન બંધ કરી ઘર જતી વેળાએ રસ્તામાં આવતા ભારત પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા જતા હતા. જ્યાં અકસ્માત સર્જાતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.જયારે

(અનુસંધાન ૧૨ મા પાને)

### કાર ચાલક તેની પીતરાઈ બહેનને મુકવા જતો હતો, ચાલક પીધેલ ન હતોઃ પીઆઈ દેસાઈ

રાજકોટ. તા.૧૭

મવડી વિસ્તારમાં મોડી રાતે થયેલ ગંભીર અકસ્માત ની ઘટના બાદ માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈએ જણાવ્યું હતું કે, કારમાં ચાલક સહિત અન્ય યુવતી હતી. જે યુવતી કાર ચાલકની પિતરાઇ બહેન હતી અને તે તેને મવડી ચોકડીથી આનંદ બંગલા ચોક તરફ મુકવા જતો હતો. જયારે ચાલક નશાની હાલતમાં ન હોવાનું જણાવ્યું હતું.

### અકસ્માત બાદ બે યુવતી નાસી છૂટીઃ નજરે જોનાર



રાજકોટ. તા.૧૭

અકસ્માતની ઘટના નજરે જોનાર રસિકભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે, કારની સ્પીડ ૧૨૦ ની હતી અને કાર ચાલક પીધેલ હોય તેવું લાગતું હતું. તેમજ કારની સ્પીડ જ એટલી હતી કે, તેની હડફેટે આવેલા કોઈ બચી ન શકે. જ્યારે આયુષ ડોબરીયાએ જણાવ્યું હતું કે, ભારત પેટ્રોલિયમ પાસે તેઓ એક્ટિવામાં ઉભા હતાં ત્યારે કાર ઘસી આવી હતી અને વૃધ્ધને ઠોકરે લેતાં તેમનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્યને સારવારમાં ખસેડાયા હતાં. તેમજ અકસ્માત સર્જાયા બાદ કારમાંથી બવ છોકરી ભાગી જતાં જોવા મળી હતી.

# હીટવેવ સામે કેન્દ્ર સરકારનું એલર્ટઃ ગરમીમાં 'કોલ્ડ ડ્રિંક્સ' પીવા સામે ચેતવણી

રાજકોટ,તા.૧૭

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય જળવાયુ પરિવર્તન અને માનવ સ્વાસ્થ્ય કાર્યક્રમએ ઠંડા પીણાં અંગે ચેતવણી જારી કરી છે અને લોકોને ગરમીમાં ચા અને કોફી ટાળવાની અપીલ કરી છે. ભારતીય હવામાન વિભાગે રવિવારે ગરમીના મોજા અંગે ચેતવણી જારી કરી છે.



ઓડિશા અને ઝારખંડમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે વિદર્ભ, છત્તીસગઢ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં પણ ગરમ પવન ફૂંકવાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ ઉપરાંત, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કર્ણાટક, સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના કેટલાક ભાગો માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને, NPCCHH એ રાજ્યોને જણાવ્યું છે કે, લોકોને બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી સૂર્યપ્રકાશના સીધા સંપર્કમાં આવવાનું ટાળવા માટે જાગૃત કરવા જોઈએ. આ સાથે, તેમને ચા, કોફી અને ઠંડા પીણાં પીવાથી થતા નુકસાન વિશે પણ જણાવવું જોઈએ જેથી તેમને શરીરમાં પાણી ઓછું થવાની સમસ્યાનો સામનો ન કરવો પડે.

NPCCHHના વરિષ્ઠ અધિકારી ડો. આકાશે જણાવ્યું હતું કે, ડિહાઈડ્રેશન શરીરની ક્ષમતાને મર્યાદિત કરી શકે છે અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. મોટાભાગના લોકો જાણતા નથી કે ઠંડા પીણાં જે તેમને ઠંડા રાખવાનો દાવો કરે છે તે પણ ખૂબ જોખમી હોઈ શકે છે. આ જ કારણ છે કે લોકોમાં જાગૃતિ લાવવાની અને તેમને તેમના રોજિંદા જીવન સાથે સંબંધિત નાની-નાની બાબતો(અનુસંધાન ૧૨ મા પાને)

# અસલી જેવી જ હાઈ કવોલીટીની બનાવટી નોટ સામે બે શખ્સો ઝબ્બેઃ કોડવર્ડનો ઉપયોગ કરતા હતા

## સુરત પોલીસનું ઓપરેશનઃ પશ્ચિમ બંગાળથી નકલી નોટ આવ્યાનું કથનઃ પકડાયેલા બંન્ને શખ્સો ભાવનગર પંથકના છે



રાજકોટ,તા.૧૭

દેશના અર્થતંત્રને ખોખલુ કરતું હાઈ કોલેટી બનાવટી ભારતીય ચલણી નોટ સાથે સુરત એસઓજી ની ટીમે પુણા વિસ્તારમાંથી બે યુવક ને ઝડપી પાડ્યા હતા તેની પાસેથી રૂા.૯,૦૦૦ ની ૧૮ નોટ જાલી નોટ પકડી હતી જેમાં એક આરોપી અગાઉ એટીએસ અને એનઆઈની ટીમે પણ પકડ્યો હતો જ્યારે એક આરોપી પશ્ચિમ બંગાળના શેખને વોન્ટેડ બતાવવામાં આવ્યો છે પકડાયેલા બે આરોપી ભાવનગર જિલ્લાના તળાજા અને પાલીતાણા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરના પુણા વિસ્તારમાં રહેતો સુરેશ ગુરૂજી લાઠી દડિયા ઉર્ફે પટેલ તેના સાગરિત વિજય નરસિંહ ચૌહાણ સાથે પશ્ચિમ બંગાળના માલદા ખાતેથી ભારતીય બનાવટ ચલણી સુરતમાં વેચવા ફરી રહ્યો હોવાની બાતમી સુરત શહેરના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની ટીમને મળી હતી જેના આધારે ટીમે આજે વહેલી સવારે સુરેશ ગુરુજી માવજી લાઠી દડીયા ના ઘરે દરોડો પાડયો હતો. દરોડાની કાર્યવાહી દરમિયાન હાઈ કોલેટી ભારતીય બનાવટની જાલી નોટ ૫૦૦ દર ની ૧૮ નગ કિંમત ૯૦૦૦ રૂપિયાની મળી આવી હતી. પૂછપરછ દરમિયાન આ નોટ વિજય નરસિંહ ચૌહાણ સાથે પશ્ચિમ બંગાળના માલદા ખાતેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું વધુ પૂછપરછ કરતા સુરેશ ગુરુજી

(અનુસંધાન ૧૨ મા પાને)

# રોગચાળો ઘટયાના આરોગ્ય તંત્રના દાવા વચ્ચે તાવથી પાંચ માસની બાળકીનું મૃત્યુ

## હોળી બાદ મચ્છરો ઓછા થયા અને દર્દીઓ ૫૦% ઘટી ગયાનું જાહેર! મેલેરીયા, ટાઈફોઈડનો એક-એક, કમળાના બે દર્દી : વધુ ૯૪ આસામીને નોટીસ

**રોગચાળાના સપ્તાહના આંકડા**

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| મેલેરીયા | ૧ |
| શરદી-ઉધરસ | ૩૧૬ |
| સામાન્ય તાવ | ૩૧૭ |
| ઝાડા-ઉલ્ટી | ૭૮ |
| ટાઈફોઈડ | ૧ |
| કમળો | ૨ |

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં હોળી બાદ મચ્છરનો ઉપદ્રવ થોડો ઓછો દેખાયો છે અને મહાપાલિકાના આરોગ્ય વિભાગના ચોપડે તો એકાએક રોગચાળો અડધો થઇ ગયો છે ત્યારે તાવ સહિતની બિમારીના કારણે પાંચ માસની એક બાળકીનું મૃત્યુ નિપજયાનું બહાર આવતા રોગચાળો હજુ શાંત નહીં થયાનું લાગે છે. આ અઠવાડિયામાં મેલેરીયાનો એક, ટાઇફોઇડ અને કમળાના પણ ત્રણ કેસ નોંધાયા છે.

હોસ્પિટલમાંથી મળતી વિગત મુજબ પાંચ માસની એક બાળકીને તાવની સારવાર માટે દવાખાને લઇ જવામાં આવી હતી જ્યાં તેનું સારવારમાં મૃત્યુ થયું છે. જોકે મનપાના ચોપડે આ નોંધ નથી. તા.૧૦-૩ થી ૧૬-૬ સુધીના અઠવાડિયામાં ડેંગ્યુ અને ચીકનગુનીયાના કોઇ કેસ આવ્યા નથી. મેલેરીયાનો એક, શરદી-ઉધરસના ૩૧૬, સામાન્યના તાવના ૩૧૭, ઝાડા-ઉલ્ટીના ૭૮, ટાઇફોઇડનો એક અને કમળાના બે દર્દીની નોંધ થઇ છે.





મેલેરીયા શાખાએ જણાવ્યું હતું કે, ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા પડકારને પહોંચી વળવા માટે તા. ૧૦ થી ૧૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૫,૯૨૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરાઇ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનોમાં ચકાસણી સાથે નોટીસ અને દંડની કાર્યવાહી પણ ચાલી રહી છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૧૮૦ પ્રીમાઇસીસમાં તપાસ કરીને મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૭૩ અને કોર્મશીયલ ૨૧ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

### DGP ના આદેશ બાદ SOG એ હિસ્ટ્રીસીટર માજીદને દબોચી લીધો

# બે વખત પોલીસ પર જ હુમલો કરી જંગલેશ્વરમાં જ પડચો-પાથર્યો રહેતો'તો

## સતત પોલીસને ખો આપતો માજીદ ઉર્ફે ભાણુંને પોલીસ પર કરેલ હુમલાના સ્થળે લઈ જઈ સરભરા કરી કાયદાનું ભાન કરાવ્યુંઃ સાથેનો કુખ્યાત ઈસોભા દલ હજું ફરાર



રાજકોટ. તા.૧૭

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયએ ૧૦૦ કલાકમાં આરોપીઓની યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યા બાદ એસઓજીની ટીમે બે વખત પોલીસ પર જ હુમલો કરી જંગલેશ્વરમાં જ પડચો-પાથર્યો રહેતાં કુખ્યાત માજીદ ઉર્ફે ભાણુંને દબોચી લઈ જાહેરમાં સરભરા કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, રૂખડિયાપરામાં મહિલાને ધમકી આપી ઘર પર સોડા બોટલના ઘા કરી ભાગેલી બજરંગવાડીના નામચીન શખ્સની ટોળકીને પકડવા ગયેલ પોલીસને અમે આ વિસ્તારના ડોન છીએ કહી મારકૂટ કરી, વાહનમાં તોડફોડ કરતા

(અનુસંધાન ૧૨ મા પાને)

આકર્ષક પગાર સાથે
સ્થળ : અમરેલી (ગુજરાત)
સંપર્ક
95376 55355
84697 55155

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

ઓફિસ સ્ટાફ જોઈએ છે
ઓફિસ કલાર્ક 2 M/F
૧૨ પાસ, ગ્રેજ્યુએટ, ઓફિસ રૂટીન કામ તથા કોમ્પ્યુટર જાણકાર, અનુભવીને પ્રથમ પસંદગી, વાહન હોવું જરૂરી, અરજી સાથે રૂબરૂ મળવું
કામકાજનો સમય : સવારે ૮:૩૦ થી રાત્રે ૮:૩૦ સુધી
પગાર ૧૬૦૦૦ થી સ્ટાર્ટ
આશાપુરા એન્ટરપ્રાઈઝ
આજી જી.આઇ.ડી.સી. પી-રોડ, રાજાવીર ફાઉન્ડ્રીની બાજુમાં, કીર્તી પેકેઝીંગની સામે, રાજકોટ. શૈલેશભાઈ મો. ૯૩૭૫૦ ૭૭૬૩૬
SIMPLE

ચામડી અને વાળના રોગો
• લેસરથી અણગમતા વાળ દુર કરવા
• ખીલ, ખીલથી થતા ખાડા તેમજ ડાઘા મો ઉપરની કરચલી માટે કેમીકલ પીલીંગ અને ડર્મારોલર તેમજ લેસરથી સારવાર
• ચહેરા અને ગરદન પર થતા તલ, મસા વગેરે માટે આધુનિક R.F.C. યુનિટ
ડૉ. સમીર વસાવડા
એમ.ડી. (સ્કીન) (યુનિ.પ્રથમ)
ફોન : (૦૨૮૧)૨૪૪૧૯૦૨
અપર ગ્રાઉન્ડ લેવલ - પ્રતિભા કોમ્પલેક્ષ મોટી ટાંકી ચોક, રાજકોટ.